# મારા માટે હું

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના
લાક્ષણિક પ્રવચનો

જ્ઞાન આરાધના અર્થે
સપ્રેમ ભેટ...

To,

From,



# મારા માટે જ

એક એવી પુસ્તિકા...
જેમાં **રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબનું**
મૌલિક, લાક્ષણિક અને પ્રેરક જ્ઞાનતત્ત્વ છે,
જે વાંચનાર દરેકને એમ જ ફીલ કરાવે છે,
અરે ! આ પ્રેરણા તો મને જ આપી છે,
આ વાત તો મારા માટે જ કહી છે,
આ દૃષ્ટાંત તો મને જ ફીટ થાય છે,
આ સૂત્રો તો મારી લાઈફને સુધારવા માટે જ છે,
આ પ્રવચન તો મારા મનમાં જે પ્રશ્નો હતાં
એના જવાબ રૂપે જ છે !
**ગુરુ પ્રેરણા, જે છે સર્વ માટે છતાં**
**સર્વને લાગે છે 'સ્વ' ની...**
માટે જ,
**મારા માટે જ,**

# મારા માટે જ

: પ્રવચન :

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
પ્રેરિત પ્રેરણાત્મક પ્રવચનમાળા


પ્રકાશક : પારસધામ – મુંબઈ
પ્રથમ આવૃત્તિ : ઓગસ્ટ–2014


: પ્રાપ્તિ સ્થાન :

PARASDHAM

વલ્લભ બાગ લેન, તિલક રોડ,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - 400077
Ph.No. : 022-32043232

12/A, બકુલ બગાન રો,
કોલકત્તા–700025
Ph.No. : +91-9831067208

PAWANDHAM

મહાવીર નગર, BCCI ગ્રાઉન્ડની સામે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - 400067
Ph. No. : 022-32092277

ઓલ્ડ પાદરા રોડ, હાથીભાઈ નગર,
વડોદરા–390007
Ph.No.: 0265-3293232

શ્રી ઉવસગ્ગહરં સાધના ભવન,

૪, આફ્રિકા કોલોની, કાલાવાડ રોડ, રાજકોટ.
Ph. No. : 0281-6548659

- connect@parasdham.org
- WhatsApp Register on +91 - 7666266566
- www.youtube.com/ParasdhamTV
- www.facebook.com/ParasdhamIndia



**અર્પણ... સમર્પણમ્**

પલ પલ... પ્રતિ પલ પરમકૃપાનો અહેસાસ કરાવનાર
અસીમ ઉપકારી તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના
પાવન ચરણકમલમાં મુજ હૃદયભાવોની ભક્તિ અર્પણ... સમર્પણમ્



# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01. | જિનશાસન - શ્રેષ્ઠતાની પ્રાપ્તિ | 01 |
| 02. | અનુશાસન - શ્રેષ્ઠતાની ફળશ્રુતિ | 07 |
| 03. | અનુશાસન - જિનશાસનનો શ્વાસ | 13 |
| 04. | વર્ધમાનની વિચારધારા | 18 |
| 05. | ગૌતમ પ્રેમે આગમનું સર્જન | 29 |
| 06. | ત્રિયોગથી પરમ વિનય | 37 |
| 07. | ઉપકારવેદન | 44 |
| 08. | શું આ જ લાઈફ છે ? | 52 |
| 09. | તમે, તમને ઓળખો છો ? | 59 |
| 10. | ન બહુ નજીક, ન બહુ દૂર! | 67 |
| 11. | જીવનશાળાના શિક્ષકો - વડીલો | 75 |
| 12. | ॥ सव्वे भावा अनियया ॥ | 79 |
| 13. | સ્વ નિંદા | 84 |
| 14. | સ્વદોષ દર્શન | 91 |
| 15. | સ્વયંની ઓળખ | 95 |
| 16. | સાધનાના ત્રણ તબક્કા | 102 |
| 17. | સાધકની ક્ષણ ક્ષણ | 108 |
| 18. | ડીસકનેક્ટ ટુ કનેક્ટ | 116 |
| 19. | સમાધિ | 122 |
| 20. | સ્મરણથી સંકલ્પ | 126 |
| 21. | ક્રિયા એક, લાભ અનેક | 131 |
| 22. | આવો, બનીએ ભગવાન જેવા | 135 |
| 23. | ભાવથી બનાવીએ, ભાવિને ભવ્ય | 140 |
| 24. | ધર્મ પ્રાપ્તિનું એડવાન્સ બુકિંગ | 147 |
| 25. | મારી પ્રસન્નતા, મારા જ હાથમાં | 155 |



# જિનશાસન, શ્રેષ્ઠતાની પ્રાપ્તિ!

જો મને પરમાત્મા અને પરમાત્માનો ધર્મ ન મળ્યો હોત તો ? પરમાત્માના શાસનમાં મને આસન ન મળ્યું હોત તો ? ? તો હું ક્યાં હોત ? તો હું કેવો હોત ? ?

પણ... આપણા જબરદસ્ત પુણ્યનો ઉદય છે, આપણા જબરદસ્ત ગુડ લક છે કે આપણને જિનશાસન મળ્યું છે જે આપણને અનેક પાપોથી બચાવે છે.

એકન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના લાખો જીવો એવા છે જેને ખબર જ નથી હું કોણ છું ? ક્યાં છું ? શા માટે મારો જન્મ થયો છે ? કાંઈ જ ખબર નથી, ત્યારે આપણે કેટલા ભાગ્યવાન છીએ એનો ક્યારેય અહેસાસ થયો છે ખરો ?

જો પરમાત્માના ધર્મની પ્રાપ્તિ ન થઈ હોત તો કદાચ સવારના બ્રેકફાસ્ટમાં પ્લેટમાં ઈંડા હોત અને બપોરના ભોજનમાં થાળીમાં મુરઘી હોત ! ! આદિવાસી વિસ્તાર કે ચાઈના જેવા દેશમાં જન્મ્યા હોત તો થાળીમાં બાફેલો ઉંદર અથવા વાંદા હોત ! ! કલ્પના માત્રથી કંપારી છૂટે છે ! !

જો આપણને પરમાત્મા ન મળ્યાં હોત તો આપણે કેટલાં પાપોથી ઘેરાયેલાં હોત... કેવી પરિસ્થિતિમાં હોત ! !

આપણે ભગવાનને માનીએ છીએ, ભગવાનને પગે લાગીએ છીએ, ભગવાનનું નામ લઈએ છીએ પણ ક્યારેય ભગવાનનો ઉપકાર માનીએ છીએ ? ક્યારેય ભગવાનના ઉપકાર માટે પાંપણ ઢળી અને મસ્તક અહોભાવથી ઝૂક્યું ? ?

ભગવાનનું સ્મરણ... ભગવાનની માળા, જાપ એ તો રૂટિન પ્રક્રિયા છે. હવે અંતરમાં અત્યંત અહોભાવ પ્રગટાવી ભગવાનનો ઉપકાર માનવાનો છે. ભગવાન મળ્યાં, ભગવાનનો ધર્મ મળ્યો એ અનુભવમાં લાવવાનું છે અને એના માટે દરરોજ સવારે ઊઠીને સૌ પ્રથમ નવ વખત ભાવ અને અહોભાવ સાથે બોલવાનું કે,

**'હે પ્રભુ ! તારો મારા પર મહા ઉપકાર છે !'**

ભગવાનનો ધર્મ અને એ ધર્મને અનુસરવાવાળા પરિવારમાં જન્મ મળ્યો એટલે નાનપણથી જ દયા, કરૂણા, પ્રેમ, મૈત્રી અને ક્ષમાના સંસ્કાર મળ્યાં, હૃદયમાં કોમળતા આવી, બીજા જીવો માટે પ્રેમ પ્રગટયો એટલે એ પરિવાર અને માતા-પિતાનો પણ ઉપકાર કહેવાય.

ઉપકારી પ્રત્યે ઉપકારભાવ પ્રગટ કરવો એ આપણો **'વિનય' કહેવાય.**

વિનય વગરનું પ્રાપ્ત કરેલું ક્યારે ખોઈ બેસીએ છીએ નક્કી હોતું નથી.

એક તરફ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવો **'કોહિનૂર'** હીરો હોય અને એક તરફ અહિંસા, દયા અને કરૂણાની અવસ્થા હોય. બે માંથી મૂલ્ય કોનું વધારે ? ? બે માંથી પસંદગી કોની થાય ? ધર્મ તો ગમે ત્યારે મળી જશે, પણ કોહિનૂર તો વિશ્વમાં એક જ છે ! ! શું આવો વિચાર આવશે ? ના ! કોહિનૂર કરતાં પણ અમૂલ્ય છે અહિંસા ! !

આ ભાવ હૃદયમાં આવી જાય તો પણ ભવિષ્યમાં પરમાત્માના ધર્મનું બુકીંગ થઈ જાય. આ છે પરમાત્માના ધર્મ પ્રત્યેની શ્રધ્ધા અને સમર્પણતા. કેમકે, અહિંસાનો અનુભવ થયેલો છે. કીડીને બચાવ્યા બાદ અંતરે જે અનુભવ્યું છે, તે અલૌકિક છે !

ભગવાન કહે છે, જ્યારે શ્રેષ્ઠ મળ્યાં પછી શ્રેષ્ઠ પ્રત્યે ઉપકારભાવની અનુભૂતિ થાય છે ત્યારે શ્રેષ્ઠ વારંવાર પ્રાપ્ત થાય છે.

આજે ઘણા બાળકો જન્મ થતાંની સાથે જ અનાથ આશ્રમમાં પહોંચી જાય છે, શા માટે ?

જ્યારે માતા-પિતા મળ્યાં હતાં ત્યારે તેમનો વિનય, આદર કે સન્માન ન હતાં કર્યાં. એમના ઉપકારનું વેદન ન હતું કર્યું,એમના ઉપકાર પ્રત્યે અહોભાવ પ્રગટ ન હતો કર્યો. એટલે આ ભવે માતા-પિતા ન મળ્યાં.

પરમાત્માનો ધર્મ, જિનશાસન અત્યંત હિતકારી છે, એવું જ્યાં સુધી અંતરથી અનુભવાય નહીં, જિનશાસન શ્રેષ્ઠ છે અને મને શ્રેષ્ઠની પ્રાપ્તિ થઈ છે એવો અહોભાવ અંતરમાંથી પ્રગટ ન થાય તો ભવિષ્યમાં જિનશાસન મળે કે ન મળે નક્કી ન કહેવાય ! !

એટલે પ્રતિ દિન સવારના ઉપકારભાવની અભિવ્યક્તિ રૂપે બે હાથ જોડી અહોભાવ સાથે બોલવું.

**' હે પ્રભુ ! મને આ જિનશાસન મળ્યું, તારો મારા પર મહા ઉપકાર છે !'**

હવે શ્રેષ્ઠ એવું  જિનશાસન મળ્યું, એના પ્રત્યે અહોભાવ પણ થયો અને ઉપકારભાવની અભિવ્યક્તિ પણ થઈ... પછી એ ઉપકારનો ઉપયોગ ન થાય તો ? ?

માનો કે, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોહિનૂર મળી ગયો પણ એનો ઉપયોગ ન કરતાં એક લોકરમાં એમ જ મૂકી રાખીએ તો ? ?

આલીશાન બંગલો મળ્યાં છતાં પણ એને બંધ રાખી ઝૂંપડામાં રહે તો ? ?

એમ શ્રેષ્ઠ એવું જિનશાસન મળ્યાં પછી એનો ઉપયોગ ન કરીએ તો ? ?

તો મળ્યું કે ન મળ્યું શું ફરક પડે ?

ઉપકાર અનુભવાય અને જો ઉપકારનો ઉપયોગ ન થાય તો તે ઉપકાર પણ કાંઈ કામનો ન કહેવાય.

જે જિનશાસનને અનુભવતો હોય, એના ઉપકારનો ઉપયોગ કરતો હોય તે વ્યક્તિનું જીવન અને તેની જીવનશૈલી અન્યથી અલગ જ હોય. તેની વાણી, વ્યવહાર અને વર્તન વિનયયુક્ત હોય.એની સવાર, બપોર, સાંજ અને રાત શાંતિમય હોય, પ્રસન્ન હોય, ચિંતામુક્ત હોય ! !

જેની સવાર શ્રેષ્ઠ તેનો દિવસ શ્રેષ્ઠ !

સવારને શ્રેષ્ઠ બનાવવા શું કરવું જોઈએ ?

કોઈ કહે છે નમસ્કાર મંત્રનું સ્મરણ, કોઈ કહે છે દેવ ગુરુધર્મને વંદના, કોઈ કહે છે ધ્યાન તો કોઈ કહે છે કાઉસગ્ગ ! !

જિનશાસનને અનુભવવા નવ વખત બોલવું જોઈએ,

**' હે પ્રભુ ! મને જિનશાસન મળ્યું તારો મારા પર મહા ઉપકાર છે !'**

સવારમાં જેનો ઉપકાર માનશો આખો દિવસ એ ઉપકાર અનુભવાશે. જે ઉપકાર અનુભવાય તે ઉપકાર વારંવાર મળે.

ભગવાનનો ઉપકાર માનવો એટલે ભગવાનને સમર્પિત થવું. ભગવાનને સમર્પિત થવું એટલે ભગવાન સાથે કનેક્ટ થવું.જે વહેલી સવારે જ ભગવાન સાથે કનેક્ટ થઈ જાય એનો આખો દિવસ ભગવાનમય એટલે કે શ્રેષ્ઠ પસાર થાય.

ભગવાનનો ઉપકાર માન્યા પછી જે મંત્ર, સ્તોત્ર કે શ્લોક પર શ્રધ્ધા હોય તેનું સ્મરણ કરવું. સવારના મેમરી ફ્રેશ હોવાથી એ સ્મરણ મેમરીમાં અંકિત થઈ જશે અને આખો દિવસ સ્મૃતિમાં આવ્યા જ કરશે. ગમે તે કામ વચ્ચે કે ગમે તે ક્રિયા વચ્ચે એ અજાણપણે પણ મનમાં ગુંજ્યા કરશે જેને કહેવાય છે અજપા જાપ ! !

એટલે એ મંત્ર, એ સ્તોત્ર મન, વચન, કાયા, ચિત્ત અને આત્મા સાથે જોડાઈ જશે અને સહજતાથી પરમાત્મા સાથે ક્નેકશન થઈ જશે.

જિનશાસનને અનુભવવાવાળાનો પ્રત્યેક દિવસ ત્યાગમય હોય.

ત્યાગના સંસ્કાર માટે સવારે નાસ્તામાં મૂકેલી પાંચ-સાત કે દસ વસ્તુમાંથી એક વસ્તુનો ત્યાગ કરવાનો.

ભગવાન કહે છે જે એકને છોડે છે તે અનેકને મેળવે છે.

આજે કરેલી એક વસ્તુનો ત્યાગ તમારી અંદરમાં અનેક પ્રકારના ત્યાગના ભાવ જગાડશે.

બીજ જ્યારે વવાય છે ત્યારે એક હોય છે પણ ઉગે છે ત્યારે અનેક હોય છે.

આ છે જિનશાસન પ્રત્યેના ઉપકાર પછીનો ઉપયોગ !!

સવાર પછી બપોરે તમે બિઝનેસ મીટીંગમાં ગયા અથવા કોઈ ક્લાયન્ટને મળ્યાં. તે સમયે મનમાં એક ભાવના ભાવવાની...

**'મને તો જિનશાસન મળ્યું, આને ક્યારે મળશે ?'**

આખા દિવસમાં જેટલી પણ વ્યક્તિ સામે મળે અથવા સંપર્કમાં આવે ત્યારે એક ક્ષણ મનમાં સાચા હૃદયથી ભાવના ભાવવાની...

**'આને જિનશાસન ક્યારે મળે ?'**

આ એક નાનકડી શુભ ભાવના ભવિષ્યમાં તમને જિનશાસન મળે એવા પુણ્યકર્મ બંધ કરાવે છે.

સાંજે ઘરે આવો ત્યારે ઘરમાં પ્રવેશતા જ એક ભાવના ભાવવાની...

**'હે ભગવાન ! તારા ઘરે રહેવા હું ક્યારે આવીશ ?'**

મારા તો જેટલાં ઘર બનાવું છું, બધાં જ છોડી દઉં છું, પ્રભુ ! એકવાર

મારે તારા ઘરે રહેવા આવવું છે, મારે એ ઘરે આવવું છે જ્યાંથી મને કોઈ કાઢી ન મૂકે... જ્યાંથી મારી નનામી ન નીકળે, જ્યાંથી મારે ક્યારેય વિદાય ન લેવી પડે.

આ એક નાનકડી ભાવના દ્વારા તમે બધું જ માંગી લીધું. આજની ભાવના ભવિષ્યની સંભાવના બની શકે છે. તેમ ભગવાનના ઘરે જવાની ભાવના દ્વારા મોક્ષના ભાવ કરી લીધાં.

જિનશાસનની પ્રાપ્તિવાળા જીવના હૃદયમાં પણ શ્રેષ્ઠની પ્રાપ્તિના કારણે શ્રેષ્ઠ પામવાની જ ભાવના હોય... એનું જીવન અને જીવનશૈલીમાં પણ શ્રેષ્ઠતાની અનુભૂતિ હોય... શ્રેષ્ઠની પ્રાપ્તિનો અહોભાવ અને ઉપકાર ભાવ હોય !

# અનુશાસન, શ્રેષ્ઠતાની ફળશ્રુતિ!

**'શાસન એ જ સફળ કહેવાય, જ્યાં અનુશાસન હોય.'**

જિનશાસન એ જ કહેવાય, જ્યાં અનુશાસન હોય. પ્રથમ તીર્થંકર ઋષભદેવ પરમાત્મા હોય કે ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર... દરેકનું શાસન અનુશાસનથી જ ચાલતું આવ્યું છે. જિનશાસન ક્યારેય અનુશાસન વિના ચાલે જ નહીં.

અનુશાસન એટલે શું ?

અનુશાસન એટલે જે વ્યક્તિ જાગૃત હોય એમની નિશ્રામાં રહીને સ્વયંની જાગૃતતા પ્રગટાવવી !!

જો મારી આંતરિક જાગૃતતા હોય કે કેવી સ્થિતિમાં મારે શું કરવું અને કઈ પરિસ્થિતિમાં મારા માટે શું યોગ્ય છે તો એ મારા માટે મારું અનુશાસન કહેવાય પણ જો મારામાં એ જાગૃતતા કે એ પ્રકારની સૂઝબૂઝ ન હોય કે ક્યારે અને કેવી સ્થિતિમાં મારે શું કરવું જોઈએ તો મારે કોઈ પણ સત્પુરુષ, સદ્ગુરુ, પરમાત્મા કે સંતની નિશ્રામાં એમની આજ્ઞાનુસાર મારું જીવન ગોઠવવું જોઈએ. એ સત્ વ્યક્તિને મારી અનુશાસક બનાવવી જોઈએ.

જિનશાસન અને અનુશાસનમાં ફરક શું હોય ?

જિનશાસન ત્રિકાળવર્તી હોય, ત્રણે કાળ માટે હોય, જિનશાસન સર્વવર્તી હોય, સર્વ માટે હોય જ્યારે અનુશાસન વર્તમાનને અસર કરે, વર્તમાન માટે હોય. અનુશાસન વ્યક્તિગત હોય.

જિનશાસન સર્વને પ્રેરણા આપે કે કેવી રીતે આત્માનું કલ્યાણ કરાય. કેવી રીતે આત્માની શુધ્ધિ કરાય અને કેવી રીતે સિધ્ધિ સુધી પહોંચાય. અનુશાસનમાં દરેક વ્યક્તિને એની યોગ્યતા અને પાત્રતા અનુસાર પ્રેરણા કરાય.

જિનશાસનમાં તીર્થંકર પરમાત્મા ઉપદેશ આપે જે સર્વોપરિ હોય. સર્વને માટે હોય અને સર્વને લાગુ પડતો હોય. જ્યારે અનુશાસનમાં ગુરુ, આચાર્ય કે ઉપાધ્યાય આદેશ આપે અને એ એક માટે હોય.

આદેશની અનુપાલનાને અનુશાસન કહેવાય.

એક હોય મલ્ટી વિટામીન અને એક હોય મેડીસીન.

મલ્ટી વિટામીન કોમન હોય, કોઈને પણ ક્યારેય આપી શકાય. જ્યારે મેડીસીન વ્યક્તિગત, વ્યક્તિના રોગ અને તાસિર અનુસાર જ અપાય.

જિનશાસન મલ્ટી વિટામીન જેવું હોય જ્યારે અનુશાસન મેડીસીન જેવું હોય.

જિનશાસનમાં તીર્થંકર પરમાત્મા સર્વને ઉપકારી એવો ઉપદેશ આપે. એ ક્યારેય એમ ન કહે કે તારે માટે આ યોગ્ય છે અને તારે આ કરવું જોઈએ. તેઓ હંમેશાં જન સામાન્ય જ વાત કહે કે, આ કરવા યોગ્ય છે અને આ કરવું જોઈએ.

જ્યારે અનુશાસક એવા ગુરુ કે આચાર્ય વ્યક્તિગત એના રસ અને રૂચિ પ્રમાણે આદેશ આપે, તે વ્યક્તિગત ઉપકારી હોય.

ભગવાન કહે છે, દુનિયામાં દસ પ્રકારની રૂચિવાળા જીવો હોય છે. કોઈને પ્રવચન ગમે તો કોઈને સ્વાધ્યાય, કોઈને જપ ગમે તો કાઈને તપ, કોઈને ભક્તિ ગમે તો કોઇને ગીત-સંગીત ! !

યથા રૂચિ તથા પ્રવૃત્તિ હોય.જેની જેમાં રૂચિ વધારે હોય, તે તેમાં એકટીવ વધારે હોય.

કેટલાંકને તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં રસ હોય તો કેટલાંકને તત્ત્વજ્ઞાનની વાતો સાંભળતાં જ ઊંઘ આવવા લાગે. કેટલાંકને લેખન કાર્ય ગમે તો કેટલાંકને વાંચન !

રૂચિ અનુસાર વ્યક્તિની ગતિ હોય.

તીર્થંકર પરમાત્મા મહાવીર જે ઉપદેશ આપે તે દસ રૂચિ પ્રમાણે આપે જ્યારે ગુરુ કે આચાર્ય જે આદેશ આપે તે તમારી રૂચિ જોઈને આપે, જેથી તમે તે દિશામાં વધુ પ્રગતિ કરી શકો.

જે વ્યક્તિ તમારી રૂચિને જાણતા હોય અને તમારી રૂચિ પ્રમાણે પ્રકૃતિને ખીલવતા હોય તે જ તમારા ગુરુ કે આચાર્ય હોય, તે જ તમારા અનુશાસક હોય.

જિનશાસનનું પાલન સહેલું અને સહજ હોય છે. અનુશાસનનું પાલન આકરૂં અને અઘરૂં હોય છે.

જિનશાસનમાં વ્યક્તિગત તમને કાંઈ કહેવાના નથી. ક્યાંય અટકાવવાના નથી, જ્યારે અનુશાસનમાં ગુરુ કે આચાર્ય તમને આકરી આજ્ઞા પણ આપે છે અને ખોટા માર્ગે જતાં અટકાવે પણ છે.જિનશાસન તમને આંગળી ચીંધે છે, તમને રાહ બતાવે છે. જ્યારે અનુશાસક તમારી આંગળી પકડે છે અને તમને એ રાહ પર લઈ જાય છે.

જ્યારે આચાર્ય કે ગુરુના અનુશાસનમાં રહેનારી વ્યક્તિમાં સુધારો અને પરિવર્તન બંને નિશ્ચિત આવે જ !

માટે જ, ભગવાને કહ્યું છે,

**'ગુરુ બન્યા વગર અનંતા જીવો મોક્ષમાં ગયાં છે પણ ગુરુ બનાવ્યા વિના એક પણ જીવ મોક્ષમાં જઈ ન શકે'.**

આંતરિક પરિવર્તન અરિહંતથી નહીં, આચાર્યથી આવે.

અનુશાસન વિના જિનશાસન મળે ખરૂં પણ ફળે નહીં.

અનુશાસન વિના એટલે કે પોતાની ઈચ્છાથી આરાધના કરવી એનો મતલબ આરાધના રૂપી ખીરના તપેલામાં ઈચ્છા રૂપી ઝેરનું ટીપું નાંખવું. ઈચ્છાથી કરેલી આરાધનામાં કર્તુત્વ ભાવ આવે છે જે અંતે આરાધકને વિરાધક બનાવે છે.

વિરાધક બનવું એટલે જિનશાસનથી દૂર થવું. જે વિરાધક બને છે તેને ભવિષ્યમાં જિનશાસન મળતું નથી.

ભગવાને ક્યારેય કહ્યું નથી કે સામાયિક મારો ધર્મ છે, પ્રતિક્રમણ મારો ધર્મ છે કે ઉપવાસ અને અહિંસા મારા ધર્મ છે. ભગવાન જાણતા હતાં કે આજ્ઞા વિનાની આરાધના વ્યક્તિની ઈચ્છા અને અહંમને પોષનારા બનશે એટલે જ ભગવાને જિનશાસનનું મહત્ત્વ વધારવા કહ્યું કે, **'આજ્ઞા એ મારો ધર્મ છે.'**

એટલે વ્યક્તિનો ભાવ એ હોવો જોઈએ કે, ગુરુદેવ! આપની આજ્ઞા હોય તો મારે ઉપવાસ કરવા છે. આજ્ઞા પછી કરેલા ઉપવાસમાં આજ્ઞા પાલનનું કર્તવ્ય હશે. ઈચ્છાનો કર્તુત્વ ભાવ નહીં હોય.

પ્રતિક્રમણની શરૂઆતમાં પણ **'ઈચ્છામિ ણં ભંતે...'** દ્વારા ભગવાને એ જ બતાવ્યું કે, જો તમારી આજ્ઞા હોય તો મારે પ્રતિક્રમણ કરવું છે. પ્રતિક્રમણ આત્માને શુધ્ધ કરવાની પ્રોસેસ હોવા છતાં તેમાં પણ આજ્ઞાનું મહત્ત્વ બતાવ્યું છે.

માનવ મનની માનસિક્તા હોય છે, સંસારમાં તો દરેક વાતમાં... દરેક કાર્યમાં એમ કહેતો હોય છે કે આ મેં કર્યું, મેં આમ કર્યું... અને એ જ માનસિક્તા સાથે ધર્મક્ષેત્રમાં પણ આવે છે અને એમ કહે છે, મેં ઉપવાસ કર્યો, મેં પ્રતિક્રમણ કર્યું. માટે જ ધર્મમાં અનુશાસનનું મહત્ત્વ દર્શાવ્યું છે.

અનુશાસન વિનાની આરાધનાથી ગુણમાંથી અવગુણ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ કરવું એ ગુણ છે પણ પ્રતિક્રમણ કર્યા પછી **'મેં કર્યું'** એ કર્તુત્વભાવ અવગુણ છે. અનુશાસનવાળી વ્યક્તિ એમ કહેશે મારા ઉપવાસ કરવાના ભાવમાં ગુરુદેવની આજ્ઞા ભળી એટલે મારાથી ઉપવાસ થઈ ગયો. **'મેં કર્યો'** અને **'મારાથી થઈ ગયો'** બંનેની ભાવ અભિવ્યક્તિમાં ફરક છે.

તપસ્વીને તપનું અભિમાન ન આવે, દાનેશ્વરીને દાન આપ્યાનો અહમ્ ન આવે, સ્વાધ્યાયીએ સ્વાધ્યાય કર્યાનો કર્તુત્વ ભાવ ન આવે તે માટે જ અનુશાસનનું મહત્ત્વ વિશેષ છે.

ગુરુ જાણતા જ હોય છે કે શિષ્યની રૂચિ અને પ્રવૃત્તિ શેમાં છે અને એના કારણે એનો કેટલો રાગ પોષાય છે. જેટલો રાગ પોષાશે એટલા પાપકર્મ બંધાશે. એટલે ગુરુ એના માટે જે પ્રકારનો ધર્મ અને જે પ્રકારની આરાધના યોગ્ય હશે તેવી જ તેને આજ્ઞા આપશે અને એ આજ્ઞા તેના માટે ઔષધી રૂપ બની જશે.

અનુશાસન આકરૂં હોય, કડવું હોય, અણગમતું હોય અને પ્રતિકૂળ પણ હોય છતાં વ્યક્તિ માટે અનુશાસક પૂજનીય હોય કેમકે તે તેના માટે હિતકારી હોય, શ્રેયકારી હોય અને કલ્યાણકારી હોય.

ગમતી આજ્ઞા આપે એવા અનુશાસક, એવા ગુરુ સારા કે, જેમના સ્નેહથી આજ્ઞા ગમતી થઈ જાય એવા અનુશાસક સારા!!

જ્યાં આપણે આજ્ઞાને ગમતી કરીએ છીએ, ત્યાં તરત મોક્ષ હોય છે.

જ્યાં ગમતી આજ્ઞાની ઈચ્છા રાખીએ છીએ ત્યાં હજુ સંસાર હોય છે.

અનુશાસન વિના જિનશાસન ફળતું નથી. કેમકે અનુશાસન ઈચ્છાનું મૃત્યુ કરાવે છે. ધર્મની શરૂઆત પણ **'નમો'** શબ્દથી જ થાય છે, જે સૂચવે છે કે જિન શાસનમાં પ્રવેશવાની પ્રથમ શરત એ જ છે કે તમે તમારી અંદરની ઈચ્છા અને અહમ્‌ને શૂન્ય કરી નમ્ર બનો, નમતાં શીખો.

જિનશાસન તો અનંત ભવોમાં મળે પણ જિનશાસન મળ્યાં પછી અનુશાસન મળે તો જિનશાસન ફળે અને ત્રીજા, પાંચમા, આઠમા કે મોડામાં મોડું પંદરમા ભવે મોક્ષ થઈ જાય. કેમકે, જે અનુશાસનમાં... આજ્ઞામાં રહે છે તેના અનંતા અનંતા મોહનીય કર્મોનો ક્ષય થઈ જાય છે. ગુરુ એવી આજ્ઞા આપે કે કર્મના ઉદયે કદાચ વ્યક્તિ પાપમાં જોડાય જાય તો પણ તે પાપી ન બની શકે અને તરતજ ગુરુ આજ્ઞા યાદ આવતાં જ પાછા રીર્ટન થઈ જાય.

# અનુશાસન, જિનશાસનનો શ્વાસ!

અનુશાસન એ જિનશાસનનો શ્વાસ છે. અનુશાસન એ જિનશાસનનો પ્રાણ છે. અનુશાસન વિનાનું જિનશાસન એટલે પ્રાણ વિનાનું શરીર... ડેડ બોડી !!

અનુશાસન એટલે આધિનતા... અને એ આધિનતા પણ મન, વચન, કાયાની નહીં, આત્માની !

જ્યાં સુધી આત્મા આધિન ન થાય ત્યાં સુધી અનુશાસન આવે નહીં અને જ્યાં સુધી વ્યક્તિ અનુશાસનમાં ન આવે ત્યાં સુધી તે જિનશાસનમાં પ્રવેશ મેળવી ન શકે. જે વ્યક્તિ અનુશાસનમાં આવે છે તે જ જિનશાસનમાં પ્રવેશી શકે છે. આ એક કડવું સત્ય છે.

અનુશાસનની પરિભાષા છે આત્માથી આધિન !

એક શેઠ હોય અને એક નોકર હોય. નોકર શેઠને આધિન હોય એટલે શેઠ જેમ કહે તે તેમ કરે, શેઠના દરેક ઓર્ડરને માને, એટલે કાયાથી શેઠનું કહ્યું કરશે, વચનથી પણ જી શેઠ, હા જી શેઠ બોલશે અને કદાચ તેનામાં સારપ હશે તો

મનથી પણ શેઠનું માનશે. પણ મન, વચન, કાયાથી આધિન થવું એ અનુશાસન નથી. આત્માથી આધિન થવું એ અનુશાસન છે.

ઘણા લોકોનું કહેવું છે કે, ધર્મ ઘણો કરીએ પણ ધર્મ ફળતો નથી.

ભગવાન કહે છે, ધર્મ કરો અને ફળે નહીં, એવું ક્યારેય બને જ નહીં. જે ધર્મ કરે તેને ધર્મ અવશ્ય ફળે જ !

ધર્મ ત્યારે જ થાય, જ્યારે ધર્મની ઉપર દેવ અને ગુરુ હોય, દેવ ગુરુની આજ્ઞાનુસાર કરેલો ધર્મનો અનુભવ પણ થાય અને ફળે પણ ખરો.

જ્યાં સુધી દેવ ગુરુ ન હોય ત્યાં સુધી ધર્મ મળે પણ ખરો, કરો પણ ખરા પણ ફળે નહીં.

ધર્મ મળવો અને ધર્મ કરવો એ ગુડલક છે, પુણ્યનો ઉદય છે, પણ ધર્મ ફળે ત્યારે જ્યારે આત્મા આધિનપણાનો અનુભવ કરે.

ઘણાની ફરિયાદ હોય છે, વર્ષોથી ધર્મ ધ્યાન કરવા છતાં સ્વભાવ બદલાતો નથી, પરિવર્તન આવતું નથી.

ભગવાન કહે છે, જ્યાં સુધી વ્યક્તિ અનુશાસનમાં ન આવે, ત્યાં સુધી તેનો સ્વભાવ બદલાતો નથી, જીવનમાં પરિવર્તન આવતું નથી.

ઘણાના મનમાં વિચાર આવતા હોય છે કે, ગૌતમને ભગવાન મહાવીર પાસેથી જ્ઞાન મળી ગયું પછી એમને ભગવાનને ગુરુ તરીકે માનવાની, ગુરુ તરીકે સ્વીકારવાની અને ગુરુ તરીકે આધિન રહેવાની શું જરૂર હોય ? ગુરુ જ્ઞાન માટે હોય, જ્ઞાન મળી ગયું પછી શું ?

અજ્ઞાનીની દ્રષ્ટિમાં ગુરુ માત્ર જ્ઞાન માટે હોય છે, જ્યારે જ્ઞાનીની દ્રષ્ટિમાં ગુરુ સ્વભાવના અને જીવનના પરિવર્તન માટે હોય છે.

જ્ઞાન આપે તે શિક્ષક હોય, પ્રોફેસર હોય, વક્તા હોય, જ્યારે સ્વભાવને

બદલે તે 'ગુરુ' હોય !

જ્ઞાન મળી જવાથી ધાર્મિક બનાય કે સ્વભાવ બદલાય તો ધાર્મિક બનાય ?

પ્રજ્ઞાના આધારે વ્યક્તિ ધાર્મિક ગણાય કે પ્રકૃતિના આધારે ધાર્મિક ગણાય ?

જે પ્રકૃતિને સુધારી શકે તે ગુરુ હોય અને જે ગુરુના અનુશાસનમાં હોય તે જ પ્રકૃતિને સુધારી શકે. સામાયિક કરીએ, પ્રતિક્રમણ કરીએ, ઉપવાસ આયંબિલ જેવા તપ કરીએ, માળા કરીએ, ધ્યાન કરીએ, એમાં ગુરુની જરૂર ક્યાં છે ? ગુરુની જરૂર શું છે ?

સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબિલ, માળા, ધ્યાન એ બધી પ્રવૃત્તિ છે અને દરેક વ્યક્તિ પોતાની પ્રવૃત્તિને જોઈ શકે પણ કોઈ વ્યક્તિ પોતાની પ્રકૃતિને ન જોઈ શકે. પ્રવૃત્તિને જોઈ શકવાના કારણે વ્યક્તિ પ્રવૃત્તિને બદલી શકે પણ પ્રકૃતિને બદલવા માટે તો અનુશાસન જ જોઈએ.

પ્રવૃત્તિ બદલવી તે ધર્મ નથી, પ્રકૃતિ બદલવી તે ધર્મ છે.

અઠ્ઠાઈ કે માસખમણ કર્યું એટલે તેટલાં દિવસ આહાર ન લીધો. રોજની આહાર લેવાની પ્રવૃત્તિ તેટલા દિવસ માટે બદલાણી, પણ તેનાથી આહાર પ્રત્યેની આસક્તિ છૂટી નથી એટલે પ્રકૃતિ બદલાણી નથી.

તનનો બદલાવ એ ધર્મ નથી, મન બદલાય તે ધર્મ છે અને મનના બદલાવ માટે અનુશાસન આવશ્યક છે.

અનુશાસન શું કરે છે ?

અનુશાસન આંતરિક પરિવર્તન લાવે છે.

ગુરુદેવ મળવા એ અલગ વસ્તુ છે અને ગુરુદેવ ફળવા એ અલગ છે. ગુરુદેવ મળે ઘણાને પણ ફળે એને જ જે ગુરુના અનુશાસનમાં જીવતાં હોય.

અનુશાસન વિનાનો ધર્મ પ્રાણ વગરના શરીર જેવો હોય છે.

જેમ પ્રાણ વિનાના શરીરની કોઈ કિંમત ન હોય, તેમ અનુશાસન વિનાના ધર્મની કોઈ અનુભૂતિ ન હોય.

અનુશાસન પ્રત્યેની પ્રિયતા એ જ શિષ્યની આરાધના હોય છે.

અનુશાસન વિનાનો ધર્મ કરીને, પ્રવૃત્તિઓ તો અનંતા ભવમાં અનંતી વાર બદલી છે પણ ક્યારેય પ્રકૃતિ બદલી નથી. આયંબિલ કરવાથી આહારના પદાર્થ બદલ્યા છે પણ આહાર સંજ્ઞા છૂટી નથી.

જ્યાં સુધી અંદરમાં સંજ્ઞાઓ, ઈચ્છાઓ છે, ત્યાં સુધી પ્રકૃતિનું પરિવર્તન થતું નથી.

પ્રકૃતિનું પરિવર્તન કરાવે તે અનુશાસન કહેવાય, અનુશાસન એટલે પૂર્ણ પણે આત્માને આધિન! સંપૂર્ણ શરણભાવ, સમર્પણભાવ અને સ્વીકારભાવ!!

મન, વચન, કાયા અને આત્માથી આધિનતાનો ભાવ! એક નોકર જ્યારે શેઠની બધી વાત માને છે, ત્યારે ભલે કહેવાય કે તે શેઠને આધિન છે પણ તેમાં એની ઈચ્છા નથી મરતી... તે અત્યારે શેઠને આધિન છે, કેમકે અત્યારે તેના સંજોગો, તેની પરિસ્થિતિ અને તેના કર્મોનો ઉદય તે પ્રમાણે છે. કાલે કદાચ સંજોગો બદલાય અને કર્મનો ઉદય થાય તો એ પણ એની નીચે એક નોકર રાખે અને એને ઓર્ડર કરે. એટલે નોકરની સ્થિતિમાં એની પ્રવૃત્તિ બદલાણી હતી પણ બીજાને ઓર્ડર કરવાની વૃત્તિ... જે અનંતકાળની પડેલી છે તે નથી બદલાણી.

અનંતકાળની પડેલી આ વૃત્તિને... આ અહમ્‌ને, આ ઈગોને કાઢવા માટે જ અનુશાસન જરૂરી છે. સદ્‌ભાગ્યથી કદાચ જિનશાસન મળી જાય છે પણ અનુશાસન વિના એ ફળતું નથી.

અનુશાસનમાં આવવા ઈચ્છતી વ્યક્તિને સૌથી વધુ નડે શું?

ઈગો કરતાં પણ અક્કલ વધારે નડે છે. બુધ્ધિનો ઉપયોગ તેને અનેક

જાતના તર્ક કરાવે છે, મેં ઉપવાસ કર્યો, મને પચ્ચક્ખાણ લેતા આવડે છે તો પછી ગુરુ કે સંત-સતીજી પાસે શા માટે લેવા જવાનું ?

ગૌતમને બધું આવડતું હતું, ચાર જ્ઞાનના જાણકાર અને ૫૦૦ શિષ્યોના ગુરુ હતાં છતાં ભગવાન મહાવીરની આજ્ઞામાં હતાં, ભગવાન મહાવીરને આધિન હતાં. કોઈ પૂછે, તમે ક્યાં જાવ છો ?

ત્યારે એમનો જવાબ હતો, હું મારા ગુરુ મહાવીરના ચરણમાં જાઉં છું.

તમે ક્યાં રહો છો ?

હું મારા ગુરુ મહાવીરના શરણમાં રહું છું.

ગૌતમને શું ન હતું આવડતું ? છતાં એ હર એક વસ્તુ ભગવાન મહાવીરને પૂછતાં હતાં. કેમકે, એમને એમની ઈચ્છાથી કાંઈ જ કરવું ન હતું અને જે ભગવાનની ઈચ્છા અને આજ્ઞા એ જ એમની ઈચ્છા હતી. ગુરુની ઈચ્છા પ્રમાણે જીવવું એ જ અનુશાસન છે. અનુશાસન એ જિનશાસનનો પ્રાણ છે. અનુશાસન વિનાનું જિનશાસન એટલે પ્રાણ વિનાનું ખોળિયું. જેમાં હાડકાં છે પણ હાર્ટ નથી એટલે ધડક્ન નથી, ધબક્તું નથી.

તેવી જ રીતે, આજ્ઞા વગરની આરાધના એટલે હાર્ટ વિનાનો હાડકાનો માળો ! હાર્ટ નથી એટલે અનુભૂતિ નથી.

જ્યાં આજ્ઞા હોય ત્યાં જિનશાસન ધબકતું શાસન હોય.

જ્યાં અનુશાસન હોય ત્યાં જિનશાસનની અનુભૂતિ હોય.

અનુશાસન જિનશાસનનો પ્રાણ છે.

જો મારામાં પ્રાણ હશે તો હું જિનશાસનની ધડક્ન હોઈશ... જિનશાસનનો ધબકતો અંશ હોઈશ. જિનશાસનને ધબક્તું રાખવા મારામાં અનુશાસન અત્યંત જરૂરી છે.

# વર્ધમાનની વિચારધારા

મહારાજા સિધ્ધાર્થના કુંવર વર્ધમાન... વર્ધમાનની વિચારધારા નાનપણથી જ કંઈક અલગ હતી. નાનપણથી જ એમના મનમાં અનેક પ્રકારના પ્રશ્નો ઉઠતાં હતાં. કોઈ પણ દૃશ્ય આંખો સામે આવે એટલે પ્રશ્ન શરૂ થઈ જાય, આવું કેમ ? ? શા માટે ? ?

વર્ધમાન જ્યારે બાલ્ય અવસ્થામાં માતા ત્રિશલાની ગોદમાં રમતાં હતાં ત્યારે માત્ર માની ગોદને માણતા ન હતાં પણ એમની વિચારધારામાં કંઈક અલગ જ ચિંતન ચાલતું, માની ગોદમાં સૂતા સૂતા પણ એ વિચારોમાં ખોવાય જતાં હતાં...

મા એક મમતાનું પાત્ર છે, મા એ પ્રેમ અને વાત્સલ્યનો અણમોલ ખજાનો છે, આજે એ મારી ‘માતા’ છે પણ ગત જન્મમાં તો એ મારી માતા ન હતી. દરેક જન્મોમાં મારી માતા અલગ હતી. આ જન્મમાં મારી ‘મા’ છે અને મને આટલો બધો પ્રેમ કરે છે. મા પોતાના જ બાળકને આટલો પ્રેમ કેમ કરે છે ? એ જ પ્રેમ પૂરા વિશ્વના બાળકોને કરે તો... ! ! !

જો મા એક બાળકને આટલો પ્રેમ કરે છે તો બાળકને એમાં ભગવાનનું રૂપ દેખાય છે. જો એ પૂરા વિશ્વને આટલો પ્રેમ આપે તો એ સ્વયં પરમાત્મા સ્વરૂપ બની જાય... !

વર્ધમાન વિચારે છે, જો હું મા થી દૂર થઈ જાઉં, માની મમતાથી દૂર થઈ જાઉં તો કદાચ એમની મમતા પૂરા વિશ્વમાં ફેલાય જાય, એમનો પ્રેમ જે મારા સુધી સિમીત છે તે વિશ્વવ્યાપી બની જાય.

'માની ગોદ બાળક માટે શ્રેષ્ઠ સુરક્ષિત સ્થાન ગણાય છે, તો આત્મા માટે પરમ આત્મા પરમાત્માની ગોદ સૌથી શ્રેષ્ઠ સુરક્ષિત સ્થાન હોય શકે.'

વર્ધમાનને એના દેહને જોઈને વિચાર આવતો હતો, આ દેહ શા માટે છે ? આ શરીર ક્યાં સુધી સાથે રહેશે ?

વર્ધમાનને આલીશાન અને ભવ્ય મહેલ જોઈને વિચાર આવતો... આ મહેલ, એની ભવ્યતાથી મને શું મળે છે ? એની શાશ્વતા શું છે ? એ મને શું સુખ આપે છે ? એ બાળ સહજ ભાવે બધાંને પૂછતાં તમને આ રાજ મહેલ જોઈને શું વિચાર આવે છે ? અને કોઈ કહેતું મહેલ ખૂબ જ સુંદર છે, તો કોઈ કહેતું આકર્ષક છે, કોઈ કહેતું સુખના સાધનોથી સમૃધ્ધ છે તો કોઈ કહેતું રાજ વૈભવ છે...

અને વર્ધમાન વિચારતાં... મને કેમ આવું નથી દેખાતું કે મને કેમ આવા વિચાર નથી આવતા ?

જે હું વિચારૂં છે એવું બીજા બધાં કેમ નથી વિચારતા ? અને
જે બધાં વિચારે છે, એવા વિચારો મને કેમ નથી આવતા ?
શું હું બધાંથી અલગ છું ? શું મારી વિચાર શક્તિ અલગ છે ?
શું છે મારામાં જે અન્યમાં નથી ? ?
એક દિવસ મારે આ સિક્રેટને જાણવું જ છે... !

વર્ધમાન જ્યારે નાનપણમાં મિત્રો સાથે રમતા હતાં ત્યારે રમતાં તો બીજા બધાં બાળકોની જેમ હતાં પણ એનામાં બાળપણ ન હતું. બૉલને જોઈને વિચારતાં શું આ બૉલને ખબર છે હું કેમ ઘડીક અહીં તો ઘડીક ત્યાં જાઉં છું, ક્યારકે સ્થિર તો ક્યારેક કોઈની ઠોકર ખાઉં છું...!! બૉલનું ભવિષ્ય શું ? બાળકો જ્યારે બૉલની ઉછળકૂદની રમત જોઈને ખુશ થતાં ત્યારે વર્ધમાન વિચારોમાં ખોવાય જતાં. કોઈ મિત્ર આવીને પૂછે, વર્ધમાન શું કરે છે ? ત્યારે જવાબ આપતાં, હું જોઈ રહ્યો છું, આ રમત, આ રમકડા શું છે અને એમાંથી મળતી ખુશી શું છે ?

આ બૉલ તો જડ છે. જે પોતે ખુશ ન હોય તે બીજાને ખુશ કેવી રીતે કરી શકે ? જડમાંથી ખુશી મેળવવી એ શું આપણી જડતા નથી ? ? મિત્રોને વર્ધમાનની ઊંડાણભરી વાતો સમજમાં ન આવતી. કેમકે વર્ધમાન બધાંથી અલગ હતાં.

મિત્રો વર્ધમાનની આસપાસ હતાં, પણ વર્ધમાન મિત્રોની આસપાસ ન હતાં.

વર્ધમાને કેટલી મોટી વાત કહી દીધી. રમત અને રમકડાંમાંથી ખુશી મેળવવી એ શું ભ્રમ નથી ? રમત અને રમકડાં જો ભ્રમ હોય તો એ ભ્રમમાંથી સત્યની ખુશી ક્યાંથી પ્રાપ્ત થાય ?

રાજમહેલમાં... ખુશીના પ્રસંગમાં જ્યારે સહુ કોઈ ખુશ ખુશાલ હોય, ખુશી મનાવતા હોય ત્યારે વર્ધમાનની વિચારધારા કંઈક અલગ જ દિશામાં હોય. જ્યારે એને પૂછવામાં આવે, કેમ તને આવા ખુશીના, મસ્તીના માહોલમાં મઝા નથી આવતી ? આનંદ નથી આવતો ?

અને વર્ધમાન જવાબ આપતા... આનંદ...!!! હું તો પરમ આનંદમાં છું, પણ એમને સમજાતું ન હતું કે એ 'પરમ આનંદ' ક્યાંથી આવે છે ? શા માટે આવે

છે ? અને એ વિચારોમાં ખોવાય જતાં. જો આ મનુષ્ય દેહ પરમ આનંદનું કારણ હોય તો દુનિયામાં ઘણા બધાં મનુષ્ય છે, એ બધાં કેમ પરમ આનંદમાં નથી ? એટલે મનુષ્ય ભવ કે મનુષ્ય દેહ એ પરમ આનંદનું કારણ ન હોય શકે, તો પછી શું રાજમહેલ પરમ આનંદનું કારણ છે ? ના... ના... ! રાજમહેલમાં તો ઘણા બધાં રહે છે, એ બધાં તો મારી જેમ 'પરમ આનંદ' માં નથી. કોઈ આજે ખુશ હોય છે તો કાલે દુ:ખી થઈ જાય છે, જે આજે હસે છે તે કાલે રડવા લાગે છે, તો પછી આ પરમ આનંદ ક્યાંથી આવે છે ? શેમાંથી મળે છે ?

નથી એ કોઈ વસ્તુમાંથી મળતો, નથી એ વ્યક્તિમાંથી મળતો કે નથી એ કોઈ એવા વાતાવરણમાંથી મળતો, તો પછી મળે છે ક્યાંથી ? મારે એના મૂળ સુધી પહોંચવું છે.

એક દિવસ જ્યારે વર્ધમાન મિત્રો સાથે રમતાં હતાં ત્યારે ક્યાંકથી એક સર્પ આવી ગયો, બધાં મિત્રો ડરીને ભાગી ગયાં. વર્ધમાન ત્યાં જ ઊભા છે, મિત્રો કહે છે, ભાગ... ! વર્ધમાન ભાગ... એ સર્પ છે... ! ભાગ... ! ! વર્ધમાન વિચારે છે, મેં જ્યારે સર્પનું કાંઈ બગાડયું નથી તો સર્પ શા માટે મારૂં બગાડે ? શું મેં તેને ડરાવ્યો છે તો એમને ડરાવશે ? ના... ! !

બીજાને દુ:ખ દેવું એ જ પોતાના દુ:ખનું કારણ હોય શકે.

બીજાને દર્દ આપવું એ જ પોતાના દર્દનું કારણ હોય શકે.

અને વર્ધમાને ખૂબ જ પ્રેમથી એ સર્પને પોતાના હાથમાં લીધો, પ્રેમથી પંપાળ્યો અને દૂર એક સુરક્ષિત સ્થાન પર એને મૂકી દીધો, એ સર્પ જ્યારે પોતાની દિશામાં જવા લાગ્યો ત્યારે વર્ધમાનના ચહેરા પર એક સ્મિત આવી ગયું.

વર્ધમાન ફરી વિચારવા લાગ્યાં, બધાંને સર્પનો ડર લાગ્યો, તો મને કેમ ન લાગ્યો ? મારામાં એ ડર કેમ ન આવ્યો ? મિત્રો જ્યારે ઘરે જવાં ઉતાવળાં થાય

છે ત્યારે મને કેમ ઘરે જવાનું મન નથી થતું ? શું આ મહેલ એ મારૂં ઘર નથી ? તો પછી મારૂં ઘર ક્યું છે ? મારૂં ઘર ક્યાં છે ?

રાજકુમાર વર્ધમાન પાસે રાજ વૈભવની સમૃધ્ધિ હતી, સુખના લાખ સાધનો હતાં, અઢળક પ્રેમ કરવાવાળા માતા-પિતા હતાં, સ્નેહનો સાગર છલકાવનારા સગા-સ્વજનો હતાં, બધું જ હતું, છતાં વર્ધમાનને લાગતું હતું, કંઈક ખૂટે છે અને એ ખૂટતું તત્ત્વ હતું ‘સત્ય’... ! !

વર્ધમાનને સુખમાં સુખ ન હતું લાગતું, વર્ધમાનને સત્યમાં સુખ લાગતું હતું.

જેને સત્યમાં જ સુખ લાગે તેની દિશા, દૃષ્ટિ અને દશા જગતથી અલગ જ હોય, જગતથી નિરાલી હોય.

દુનિયાને સુખમાં સત્ય લાગે જ્યારે વર્ધમાનને સત્યમાં સુખ લાગતું હતું. સત્યમાં સુખ એને જ લાગે જેને પોતાના જન્મ વિશે જાણવાનો હેતું પ્રગટ થાય. જેને આ જન્મના સિક્રેટસ્‌ને જાણવાનું લક્ષ્ય જાગે એ દુનિયાથી અલગ જ થઈ જાય અને જે દુનિયાથી અલગ થાય એ જ સત્યને પ્રાપ્ત કરી શકે.

વર્ધમાન એમના મિત્રો સાથે ખુલ્લા મેદાનમાં રમી રહ્યાં હતાં.

મિત્રોને મન એ એક રમત હતી જ્યારે વર્ધમાનને મન એક સત્યનું દર્શન હતું.

ત્યાં અચાનક એક બાળક આવે છે અને કહે છે, મને પણ તમારી સાથે રમાડશો ? મારે પણ તમારી સાથે રમવું છે. બધાં બાળકોની નજરમાં તે એમના જેવો એક બાળક હતો, બધાં એ ‘હા’ પાડી, વર્ધમાને પણ એની તરફ નજર કરી પણ એને એમાં કંઈક અલગ દેખાયું. વર્ધમાનની અંદરથી એક અવાજ આવ્યો, આ બાળકનું રૂપ પણ અલગ છે અને સ્વરૂપ પણ અલગ છે.

રમત શરૂ થઈ ગઈ હતી, કોઈ હારતું હતું કોઈ જીતતું હતું. હવે દાવ દેવાનો વારો આવ્યો નવા મિત્રનો... ! એ તો અંગુઠા પકડીને માથું ઝૂકાવી ઊભો રહી ગયો. વર્ધમાને એની અંદરથી પસાર થવાનું હતું. જેવી વર્ધમાને ટ્રાય કરી કે નવા બાળકે વિરાટ રાક્ષસનું સ્વરૂપ લઈ લીધું અને નાનકડા વર્ધમાન એના ખભ્ભા ઉપર આવી ગયાં. બધાં બાળકો ભયભીત થઈ ગયાં, ધ્રુજવા લાગ્યાં, ચિલ્લાવા લાગ્યાં. પણ વર્ધમાનમાં ભયનો અંશ માત્ર ન આવ્યો. એ જરાપણ ડર્યાં નહીં. વિચારવા લાગ્યાં. આ એક માયાવી રાક્ષસ છે. એની સાથે નમાલા ન થવાય, એને તો એના દુષ્કૃત્યનું ફળ મળવું જ જોઈએ.

રાક્ષસ જોરજોરથી અટ્ટહાસ્ય કરી બાળ વર્ધમાનને ડરાવવાની કોશીશ કરતો હતો પણ જગત આખાને નિર્ભયતાનું દર્શન કરાવવાવાળા વર્ધમાને એક મુષ્ટિ પ્રહાર ક્ર્યો અને રાક્ષસ ધ્રુજવા લાગ્યો, એનુ વિરાટ સ્વરૂપ વામન બની ગયું. વર્ધમાન એની સામે ઊભા છે.

પહેલાં રાક્ષસના ચહેરા પર અહમ્‌નું અટ્ટહાસ્ય હતું. અત્યારે વર્ધમાનના ચહેરા પર વિજયી સ્મિત છે.

રાક્ષસ બે હાથ જોડી ક્ષમા યાચનાના ભાવ સાથે ઊભો છે.

વર્ધમાન કહે છે: બાળકો સરળ હોય અને સરળની સામે સરળતાથી વર્તવું જોઈએ. નાનાની સામે મોટા થઈને જવું એમાં કોઈ વીરતા નથી. સામાન્યને ડરાવવું એમાં આપણી શ્રેષ્ઠતા ન હોય. નિર્બળની સામે બળનું પ્રદર્શન કરવું એ ક્યારેય યોગ્ય ન કહેવાય.

પ્રેમ નીતરતી આંખે વર્ધમાન કહે છે, હું તને દુષ્ટ નથી કહેતો. કેમકે તું દુષ્ટ નથી, દુષ્ટ તો તારી અંદરમાં રહેલી બુધ્ધિ છે જે તને આવું કરવા પ્રેરિત કરે છે.

તું તો એક આત્મા છે અને પરમાત્મા બનવાની ક્ષમતા ધરાવે છે. આજથી પ્રતિજ્ઞા કર, ક્યારેય આવું દુષ્કૃત્ય નહીં કરે, ક્યારેય આવું વિકરાળ સ્વરૂપ ધારણ નહીં કરે.

રાક્ષસ પોતાના મૂળ સ્વરૂપમાં આવી જાય છે અને બાળ વર્ધમાનના ચરણમાં મસ્તક મૂકી ક્ષમાભાવ સાથે કહે છે, હું તો દેવલોકમાં બેઠો હતો. ત્યારે મેં દેવોના દેવ ઈન્દ્ર મહારાજાના મુખે સાંભળ્યું કે આ પૃથ્વી પર વર્ધમાન જેવા **'મહાવીર'** કોઈ નથી.

દેવલોકના દેવો સામે મનુષ્યલોકના માનવીની પ્રશંસા મારાથી સહન ન થઈ અને હું આપની પરીક્ષા લેવા આવી ગયો અને મને સમજાય ગયું ઈન્દ્ર મહારાજાએ સાચું જ કહ્યું હતું, આપ માત્ર વર્ધમાન નથી, આપ 'મહાવીર' છો.

તે દિવસથી બાળકો, એના મિત્રો અને ક્ષત્રિયકુંડના નગરવાસીઓ પણ એમને 'મહાવીર' કહેવા લાગ્યાં.

રાજકુમાર વર્ધમાન મહાવીરના રૂપમાં પ્રસિધ્ધ થવા લાગ્યાં.

વર્ધમાન ધીરે ધીરે મોટા થતાં યુવાવસ્થામાં આવે છે. એમની વિચારધારા વધુ ને વધુ વિકસતી જાય છે.

વર્ધમાન વિચારે છે, નાનપણમાં મારી સાથે રમનારા મારા મિત્રો આજે એમની સખીઓ સાથે વધુ સમય વિતાવે છે. એમના પ્રત્યે વધારે આકર્ષિત થાય છે. એક બીજા પ્રત્યે રાગભાવ પ્રગટે છે, તો પછી મારા હૃદયમાં એવી ભાવનાઓ કેમ પ્રગટ થતી નથી, શું હું એ બધાંથી અલગ છું ? રાજકન્યાઓ મને અલગ દૃષ્ટિથી નિહાળીને શરમાય છે, પણ મને તો એમના પ્રત્યે કોઈ આકર્ષણના ભાવ થતાં નથી, આવું કેમ ? ? ?

જ્યારે કોઈ પ્રેમનો પ્રસ્તાવ કરે કે મહાવીર સામો પ્રશ્ન કરે, શું તમે તમારી જાતને આટલો પ્રેમ કરો છો ? ?

જે પોતાને જ પ્રેમ ન કરતાં હોય, તે અન્યને કેવી રીતે પ્રેમ કરી શકે ? જો તમને મારા શરીરનું, મારા સૌંદર્યનું આકર્ષણ હોય તો એ જ શરીરને, એ જ સૌંદર્ય હું પણ રોજ જોઉં છું. મને તો એનાથી કોઈ આકર્ષણ થતું નથી. મને એમાં કોઈ સુખનું કારણ દેખાતું નથી તો એ તમને કેવી રીતે સુખ આપી શકે ?

જેની પાસે એ છે એ જ જો એનાથી સુખી ન હોય તો એ બીજાને કેવી રીતે સુખ આપી શકે ?

છતાં આખી દુનિયા એ જ સુખને ઝંખી રહી છે. માનવી દેહને ભોગવે છે અને કર્મો એનો ભોગ લે છે.

મહાવીરની વિચારધારા આગળ વધે છે, જે સત્ય મને દેખાય રહ્યું છે તે બધાંને કેમ દેખાતું નથી ? દુનિયા કયા ભ્રમમાં છે અને હું એ ભ્રમમાંથી કેવી રીતે બહાર આવી રહ્યો છું ?

મહાવીર ભ્રમમાં નથી. કેમકે, મહાવીર જન્મોજન્મના વૈરાગી હતાં, મહાવીર જ્ઞાની હતાં, ભવોભવથી સત્યનો અનુભવ કરવાવાળા હતાં અને એ સત્યને જ પૂર્ણ સત્યમાં બદલવા માટે આ ભવ ધારણ કર્યો હતો.

રાજકુમાર વર્ધમાન રાજમહેલમાં પણ એવી રીતે રહેતાં હતાં જાણે કાદવની વચ્ચે કમળ, એકદમ અલિપ્ત... ! !

એક દિવસ એક ઘટના સર્જાણી અને વર્ધમાનની વિચારધારા વધુ સ્ટ્રોંગ થઈ ગઈ. એમની આંખો સામે એક જ દિવસે પિતા સિધ્ધાર્થ રાજાને ખાંસી આવી અને એ મૃત્યુને શરણ થઈ ગયા અને માતા ત્રિશલાને હેડકી આવી અને એ મૃત્યુને શરણ થઈ ગયા.

હજુ બે ઘડી પહેલાં જે માતાએ કહ્યું હતું, વર્ધમાન કેટલું ઉજવળ ભવિષ્ય લઈને આવ્યાં છે અને પિતાએ સૂર પૂરાવ્યો હતો કે હા, એના જન્મથી જ રાજ

વૈભવમાં અપાર વૃધ્ધિ થઈ છે, વર્ધમાનનો જન્મ તો કંઈક અલગ જ લક્ષ્ય સાથે થયો હોય એવું લાગે છે... અને બે જ ઘડીમાં બંને નિષ્પ્રાણ થઈ ગયાં... !!!

બે ઘડી પહેલાં જે આંખોમાંથી પ્રેમની ધારા વહી રહી હતી એ આંખો જ સદાયને માટે બંધ થઈ ગઈ... !!

જે મુખમાંથી મધુર વચન નીકળી રહ્યાં હતાં એ મુખ જ કાયમ માટે બંધ થઈ ગયું... !!!

જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી નવા નવા જન્મ છે અને વારંવાર મૃત્યુ છે, જ્યાં સુધી શરીર સાથે જોડાયેલો છું, ત્યાં સુધી જન્મ મરણની પરંપરા સાથે જોડાયેલાં જ રહેવું પડશે.

માતા-પિતાનો સંબંધ પણ તૂટી જાય છે !! અર્થાત્ સંબંધ માત્ર જોડાય છે અને જે જોડાય છે તે જ તૂટે પણ છે.

સંબંધ એ જ કહેવાય જે જન્મથી જન્મે અને મૃત્યુથી તેનું મૃત્યુ થઈ જાય !

મારે હવે આવા સંબંધમાં નથી જોડાવું. મારે આવા સંબંધો પાછળ મારી એક પણ ક્ષણ નથી ગુમાવવી. અનિત્ય અને અશાશ્વત એવા સંબંધ પાછળ હું મારા શાશ્વત આત્માને કેવી રીતે ભૂલી શકું ? મારે તો એ પરમ સત્યની દિશામાં જવું છે, જે પરમ સત્યને મારે પામવું છે. એ પરમ સત્ય ક્યાં છે ?

અને મહાવીર મોટા ભાઈ નંદીવર્ધનની આજ્ઞા લેવા જાય છે અને કહે છે, નાનપણથી મને લાગે છે, હું કંઈક અલગ છું. મારે એ સત્યને પામવું છે અને એ સત્યની શોધ માટે મારે એકાંત સ્થાનમાં સાધના કરવી છે.

એકાંતમાં સાધના કરવા મહાવીર રાજમહેલનો ત્યાગ કરે છે, પરિવારનો ત્યાગ કરે છે. જોનારાને લાગે છે મહાવીર સંન્યાસી બનવા જઈ રહ્યાં

છે, પણ મહાવીરે સંન્યાસી બનવા સંસારનો ત્યાગ ન હતો ક્ર્યો, મહાવીરે 'સ્વ' ને પામવા માટે, 'સ્વ' ની શોધ માટે, સત્યના સંશોધન માટે ત્યાગ ક્ર્યો હતો.

હું બધાંથી અલગ છું, હું દુનિયાથી અલગ છું એવો અહેસાસ એને જ થાય જેની અંદર જ્ઞાનની શક્તિનું પ્રાગ્ટય થાય.

મહાવીર માટે સંસારનો ત્યાગ મહત્ત્વપૂર્ણ ન હતો,

મહાવીર માટે સત્યની પ્રાપ્તિ મહત્ત્વપૂર્ણ હતી.

મહાવીર મહેલમાં અને બધાંની વચ્ચે રહેતાં હોવા છતાં જળકમલવત્ રહેતાં હતાં. સર્વની સાથે રહેતાં હેવા છતાં 'સ્વ' ની સાથે રહેતાં હતાં. આવી અલિપ્તતા ત્યારે જ આવે જ્યારે એ આત્મા જન્મો જન્મથી સત્યની રાહ પર હોય, અને પરમ સત્ય જ એનું લક્ષ્ય હોય.

હજારો મનુષ્ય જ્યારે 'હું કોણ છું?' ને જાણવાની જિજ્ઞાસામાં અટવાયેલાં હોય ત્યારે એકાદ મનુષ્યને 'હું કોણ છું?' ની મુંઝવણને ઉકેલવાનો પુરુષાર્થ કરવાના ભાવ થાય છે. શાસ્ત્રો અને ગ્રંથો ગમે તેટલા તર્ક સાથે સમજાવે કે ''હું આત્મા છું'', પણ જ્યાં સુધી એ રીયલાઈઝ ન થાય ત્યાં સુધી એ સત્યની પ્રતીતિ ન થાય... !

મહાવીરને એમનો ઈનર વોઈસ સંભળાય છે :

હે વર્ધમાન ! તું તો નિર્વાણ પંથનો યાત્રિક છે. હે આત્મન્ ! તું એ નિર્વાણ પંથનો રાહી છે જ્યાં જન્મ પણ નથી અને મૃત્યુ પણ નથી. તારો જન્મ વ્યર્થને પામવા માટે નથી થયો, અર્થને પામવા માટે થયો છે, મહાવીરનો ઈનર વોઈસ બુલંદ થઈ રહ્યો હતો.

મહાવીર સંકલ્પ કરે છે, હવે મારે રાજમહેલના અનર્થમાં અને નિરર્થક સંબંધોમાં મારા સમયનો વ્યર્થ વયય નથી કરવો, મારે તો મારા આત્માના અર્થને

પામવો છે અને આત્માના અર્થને પામવા મહાવીરે સાડાબાર વર્ષ ઉત્કૃષ્ટ સાધના કરી. મહાવીર 'પર' થી પર થયાં અને 'પરમ આનંદ' ને પામ્યા.

કહેવાય છે કે જે દિવસે મહાવીરે સત્યની પ્રાપ્તિ કરી, જે દિવસે મહાવીર પરમ સત્યને પામ્યા, તે દિવસે તેમનો અંતર આત્મા નૃત્ય કરવા લાગ્યો, એમને રીયલાઈઝ થઈ ગયું કે 'હું આત્મા છું', હું જ્ઞાન સ્વરૂપ છું, હું જ ચૈતન્યરૂપ છું.

જે દિવસે મહાવીરને પૂર્ણ સત્ય પ્રાપ્ત થઈ ગયું, તે દિવસે મહાવીર... ભગવાન મહાવીર રૂપે... તીર્થંકર રૂપે પ્રગટ થઈ ગયાં.

આવા શ્રી ભગવાન મહાવીર મારા નયનમાં પંથ બતાવનારા છે, મારા આત્માને પરમાત્માનો પંથ બતાવનારા છે, મને નિર્વાણ પંથ તરફ લઈ જનારા છે.

# ગૌતમ પ્રેમે આગમનું સર્જન

‘‘ગૌતમ પ્રેમે આગમ  સર્જન’’… શું ગૌતમનાં પ્રેમથી આગમનું સર્જન થયું ? શું ગૌતમના પ્રેમમાં એટલી અદ્ભૂત શક્તિ હતી… ? એ પ્રેમમાં એટલી પાવનતા હતી ? શું પ્રેમ સર્જન કરવા સમર્થ હોય  ? હા… ! !

આજ સુધી આપણે ગૌતમને ગણધર તરીકે, ભગવાનનાં પ્રથમ શિષ્ય તરીકે, ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ તરીકે, આગમ ગુંથનાર તરીકે, લબ્ધિધારી ગૌતમ સ્વામી તરીકે જ ઓળખીએ છીએ.

આજ સુધી આપણે ૨૬૦૦ વર્ષ પહેલાનાં એ ભૂતકાળ, એ સમય, એ ક્ષણોની કલ્પના ક્યારેય નથી કરી જ્યારે આગમની રચના હતી. આપણે ક્યારેય વિચાર્યું નથી કે પરમાત્માના સમવસરણમાં તો અસંખ્ય લોકો હતાં, તો પછી ભગવાને કેમ ગૌતમને જ ‘‘ત્રિપદી’’ આપી ? આજે આપણે ૨૬૦૦ વર્ષ પાછળ જઇ એ સમય… એ સંયોગ… એ ક્ષણની કલ્પના કરી તેને તાદશ્ય કરીએ.

જ્યારે એક બ્રાહ્મણ એક પરમ પુરુષની પાસે પહોંચે… એક એક ડગલું આગળ વધતાં પરમજ્ઞાનીનાં સાંનિધ્યમાં આવે ત્યારે પરમાત્મા મહાવીરની અને એ

બ્રાહ્મણની દૃષ્ટિ મળે, ત્યારે એ પ્રથમ વખત જ મળતી દૃષ્ટિમાં શું હશે ? કેવો ભાવો હશે ?

ગૌતમની દૃષ્ટિમાં અહોભાવ હશે અને પરમાત્માની દૃષ્ટિમાં કરૂણા... ! પરમાત્મા તો વીતરાગી થઇ ગયા છે, કેવળજ્ઞાની થઇ ગયાં છે, વીતરાગની આંખોમાં ભાવ ન હોય, સ્થિરતા હોય, જ્ઞાતાદૃષ્ટિ હોય. એમને જ્ઞાન છે આ જ આત્મા થોડીવારમાં દીક્ષા લઇ ગણધર બનશે. પણ... ગૌતમ જેમ જેમ મહાવીરને નિહાળે છે, તેમ તેમ તેમને મહાવીર પ્રત્યે અનંત પ્રેમ થવા લાગે છે, મહાવીરની દૃષ્ટિમાં એને સ્નેહનાં અમી ઝરણાં વહેતા લાગે છે... એમનું સાંનિધ્ય ગમવા લાગે છે અને મહાવીર પ્રત્યે અત્યંત અહોભાવ પ્રગટ થવા લાગે છે.

ત્યારે ગૌતમના હૃદયમાં મહાવીર પ્રત્યે શું ભાવ હશે ? ગૌતમ મહાવીરને પ્રિય માનશે કે પૂજ્ય માનશે ? એના દિલમાં પ્રિયતાની અનુભૂતિ હશે કે પૂજ્યતાની ?

''આપણે નાનપણથી જ એક ખોટો એકડો ઘૂંટી લીધો છે કે ભગવાનની તો માત્ર પૂજા જ કરાય.''

**''જે ભગવાનને પ્રેમ કરી શકતો નથી તે ક્યારેય ભગવાનને પૂજી શકતો નથી.''**

જ્યાં પ્રિયતાની અનુભૂતિ ન હોય ત્યાં વાસ્તવિક પૂજ્યતા આવી જ પૂજ્યતા તરફ લઇ જનારી હોય અન્યથા રોજ ઘણાં સંત સતીજીઓ આવતા હોય. આપણે પૂજ્યભાવે એમને વંદન કરીએ, પ્રણામ કરીએ પણ અંતરમાંથી એમનાં પ્રત્યે ક્યારેય પ્રેમ જાગતો નથી અને જ્યાં પ્રેમ ન હોય ત્યાં ભાવ, ભક્તિ, શ્રધ્ધા કે સમર્પણતાનાં ભાવો તો ક્યાંથી હોય ? માટે જ્યાં સુધી સત-સતીજીઓ સામે હોય, નિમિત્ત હોય ત્યાં સુધી વંદન કરીએ, પછી... પછી બધાં ભૂલાઇ જાય.

જ્યારે ગૌતમે પરમાત્માને જોયા, બંનેની દૃષ્ટિ મળી અને એમના પ્રત્યે પ્રિયતાની અનુભૂતિ થવા લાગી. એમના પ્રત્યે એક અલગ પ્રકારના સ્પંદન જાત્ત્યાં, એમના પ્રત્યે એક અલગ પ્રકારનું ખેંચાણ અનુભવવા લાગ્યાં, પરમાત્મા પ્રત્યે આત્મિય પ્રેમ થવા લાગ્યો...

બસ... ! ગૌતમનો એ પ્રેમ જ આ આગમનું સર્જન છે !

જો, ગૌતમને પરમાત્મા પ્રત્યે પ્રેમ ન થયો હોત તો પરમાત્મા પ્રત્યે સમર્પણતાના ભાવ ન થાત !

સમર્પણતા જ નવું સર્જન કરાવે છે... અર્પણતા જ આગમની રચના કરાવે છે.

પ્રેમ એટલે ભક્તિ...

જ્યારે વ્યક્તિને પ્રેમના ભાવ, શ્રધ્ધના ભાવ, ભક્તિના ભાવ જાગે ત્યારે અંતરમાં ઊર્મિઓનો મહાસાગર ઉછળવા લાગે... તેનાં મનમાં સતત એક જ ધૂન હોય ‘‘હું મારા પ્રિય માત્ર માટે શું કરૂં ? એમને કેવી રીતે પ્રસન્ન કરૂં ?’’

પ્રેમની પરિભાષા શું ? પ્રેમની વ્યાખ્યા શું ?

તો પ્રેમીનું હૃદય હંમેશાં સંવેદનશીલ હોય. તેનાં પ્રત્યેક ધબકારમાં સંવેદન હોય. જે પરમાત્માના કે ગુરુનાં પ્રેમમાં પડે તે કોઇ પાવન આત્મા જ હોય. તેમાં સર્વસ્વ ત્યાગની ભાવના હોય, તેનું રોમરોમ પરમાત્મય હોય, ગુરુમય હોય !

આપણી ખોટ એ છે કે આપણે પરમાત્માને વીતરાગી માન્યા છે. એટલે માત્ર પૂજનીય જ માન્યા છે. પ્રિય માનતા નથી અને પ્રિયતા વિનાની પૂજ્યતા એટલે ચાસણી વગરની જલેબી ! ! જે પરમાત્માને પ્રેમ કરી પરમાત્માને પ્રસન્ન કરી શકે છે, તે જ આત્મ ખજાનો પ્રાપ્ત કરી શકે છે.

જે પ્રેમ કરી શકે છે તે જ પરમાત્મા સુધી પહોંચી શકે છે. પ્રેમ એટલે ભક્તિ અને પ્રેમી એટલે ભક્ત.

ભક્ત એને જ કહેવાય જે બધું ભૂલી શકે જ્યારે ગૌતમને પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગ્યો ત્યારે શું તેમને ૫૦૦ શિષ્યો, વિશાળ આશ્રમ, તેનો યજ્ઞ, બધું યાદ આવ્યું ? ના... ! ! એ બધું ભૂલ્યાં ત્યારે જ તે પરમાત્મામાં ભળી શક્યાં, ત્યારે જ તે તેનાં ભગવા વસ્ત્રોનો ત્યાગ કરી શક્યાં, તેમનાં શિષ્યો, વિશાળ સામ્રાજ્ય આદિને છોડી શક્યાં અને ત્યારે જ પરમાત્માને સમર્પિત થઇ શક્યાં.

આગમની રચના શેનાં આધારે થઇ ?

**''જ્યાં સુધી તમારાં વિચારોને છોડી શકતાં નથી ત્યાં સુધી તમે પરમાત્માના વિચારોને સ્વીકારી શકતાં નથી. તમે જ્યાં સુધી તમારી માન્યતાઓને છોડી શકતાં નથી, ત્યાં સુધી તમે પરમાત્માની માન્યતાઓને માની શકતાં નથી.**

ડોલ જ્યાં સુધી ખાલી ન થાય ત્યાં સુધી કૂવાનું પાણી તેમાં ભરાતું નથી.

ગૌતમ જ્યારે ખાલી થયાં, તેમનાં વિચારો, તેમની માન્યતાઓ, બધાંને છોડી દીધાં અને જ્યારે એમનું પાત્ર સંપૂર્ણ ખાલી થઇ ગયું ત્યારે જ તેમાં પરમાત્માનો પ્રેમ ભરાણો, ત્યારે જ તે પરમાત્માનાં ચરણ અને શરણને સ્વીકારી શક્યાં.

ગૌતમ જ્યારે મહાવીરને સંપૂર્ણ સમર્પિત થઇ ગયા ત્યારે મહાવીરે શું કર્યું હશે ?

આપણે અનેક વખત ગૌતમનું નામ સાંભળ્યું, આગમનું નામ સાંભળ્યું, કદાચ ગુરુ ગૌતમને સમરીએ તો મનવાંછિત ફળ દાતાર રોજ બોલતાં હશું, પણ ક્યારેય ગૌતમે શું કર્યું ? શું ત્યાગ કર્યો ? કેવી રીતે પરમાત્માનો પ્રેમ પામ્યા ?

એનો વિચાર કર્યો નથી. ક્યા કારણથી એ પરમાત્માના પ્રિય શિષ્ય બન્યા ? એ જાણવાનો ક્યારે પ્રયત્ન કર્યો નથી.

ક્યારેય વિચારવાનો પ્રયત્ન પણ કર્યો છે કે કેવા સંયોગોમાં આગમની રચના થઇ હશે ? ના... ! !

ગૌતમ તો પરમાત્માને અનિમેષ નયને નિહાળી રહ્યાં છે... પરમાત્માનાં એક એક શબ્દો એનાં અંતરને સ્પર્શી રહ્યાં છે, પરમાત્માનાં એક એક વાક્યે એમનાં હજારો પ્રશ્નોનું સમાધાન મળતું જાય છે. જેમ જેમ અંદરની જિજ્ઞાસાઓનું સમાધાન મળતું ગયું, તેમ તેમ પરમાત્મા પ્રત્યેનો પ્રેમ વધુને વધુ દૃઢ બનતો ગયો.

જેમ જેમ શાંતિ અને સમાધિ મળતી ગઇ તેમ તેમ પ્રિયતાની સાથે પૂજ્યતા પણ ભળવા લાગી.

ગૌતમને મહાવીર પ્રત્યે એટલો પ્રેમ જાગ્યો કે આસપાસનું કે સમયનું પણ ભાન ન રહ્યું... એ બધું ભૂલી જાણે પરમાત્મામાં ભળી ગયાં... એમનું સમગ્ર અસ્તિત્ત્વ પરમાત્માના અસ્તિત્ત્વમાં ઓગળી ગયું... પોતે ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ છે એ પણ ભૂલી ગયાં... એમની આંખોમાં... એમના અંતરમાં માત્ર પરમાત્મા જ દેખાય. એ પૂર્ણપણે પરમાત્મામય બની ગયાં. જેમ જેમ પ્રિયતા વધતી ગઇ તેમ તેમ એકાગ્રતા વધતી ગઇ.

જ્યાં પ્રિયતા હોય ત્યાં અનિમેષ દર્શન થતાં હોય. જ્યાં અનિમેષ દર્શન હોય ત્યાં જ પરમાત્માનાં vibrations ને ઝીલવાની પાત્રતા ખીલતી હોય છે. જેમ જેમ એકાગ્રતા આવતી જાય તેમ તેમ frequency match થતી જાય...જેમ જેમ ગૌતમની એકાગ્રતા વધતી ગઇ તેમ તેમ તેની અને પરમાત્માની frequency match થવા લાગી, એમનું સમગ્ર અસ્તિત્ત્વ પરમાત્માની દિશાનું, પરમાત્મામય થવા લાગ્યું એટલે પરમાત્માનાં દિવ્ય vibrations તેમનાં

અંતર આત્મા સુધી પહોંચવા લાગ્યાં. ગૌતમનું હૃદય સંવેદનશીલ બની ગયું, સમવશરણમાં ઉપસ્થિત ઘણાં પાસે બુદ્ધિ હતી, ઘણાંની ક્ષમતા હતી પણ પાત્રતા તો ફક્ત ગૌતમની જ હતી... કેમ ? કેમ કે, તેમનો પ્રેમ અનન્ય હતો... તેમની ભક્તિ અલૌકિક હતી.

તેમનાં પ્રેમમાં ગજબની તાકાત હતી. એમનો પ્રેમ નિષ્કામ, નિઃસ્વાર્થ અને અપેક્ષા રહિત હતો, તેમનો પ્રેમ નિખાલસ હતો. તેથી જ પરમાત્માની જ્ઞાનવાણી સીધી તેમનાં અંતરને સ્પર્શતી હતી અને આ જ કારણે તેનું આત્મજ્ઞાન પ્રગટ થયું. તેમનું બીજ જ્ઞાન પ્રગટ થયું, તેમને ગણધર લબ્ધિ પ્રાપ્ત થઇ અને ચૌદ પૂર્વના જ્ઞાન પ્રાગટ્યના કારણે, આગમનું સર્જન થયું.

**આમ આગમનાં સર્જનનું મૂળ એટલે ગૌતમનો પરમાત્મા પ્રત્યેનો અકારણ પ્રેમ ! એ પ્રેમની પાવનતા એ જ અંતર જ્ઞાન પ્રગટયું અને આગમનું સર્જન થયું... !**

‘‘પાત્રતા હોય તો આપેલાં અલ્પમાંથી પણ અધિક પ્રાપ્ત કરી શકાય છે અને જો પાત્રતા ન હોય તો અધિક આપેલું પણ અલ્પ થઇ જાય છે.’’

ગૌતમનાં પ્રેમે એમને પાત્રવાન બનાવ્યા અને પરમાત્માનાં શ્રીમુખેથી ‘‘ત્રિપદી’’ ને ગ્રહણ કરી આવા મહાન અને દુર્લભ આગમગ્રંથોનું સર્જન કર્યું !

આ છે નિર્મળ પ્રેમની શક્તિ ! !

ચોથા આરામાં ગૌતમે પ્રત્યક્ષ પરમાત્માને અનન્ય પ્રેમ કરી પરમાત્માનાં પ્રિય શિષ્ય બન્યાં, ગણધર લબ્ધિ પ્રાપ્ત કરી અને આત્મજ્ઞાન પ્રગટ કર્યું, આગમનું સર્જન કર્યું !

આ કાળમાં આ પંચમ આરામાં જ્યારે પરમાત્મા પ્રત્યક્ષ નથી ત્યારે પરમાત્માનાં અનુચર એવા સદ્‌ગુરુદેવ આપણી પાસે છે... આપણે પણ એમને

નિખાલસ પ્રેમ કરી, એમની પ્રસન્નતાને પામી, એમની કૃપાથી આપણામાં રહેલી અનંત શક્તિ અને અનંત જ્ઞાન ને પ્રગટ કરી શકીએ છીએ. જરૂર છે માત્ર ગૌતમ જેવો નિઃસ્વાર્થ પ્રેમ કરવાની... એમની જેમ મગજ વિકલ્પોને શૂન્ય કરી સમર્પિત થવાની, એમની જેમ વિચારો અને માન્યતાઓને છોડવાની.... તો આપણે પણ આત્મજ્ઞાન પ્રગટાવી આગમ જેવું કઇંક સર્જન અવશ્ય કરી શકીએ.

પ્રેમ એવો હોવો જોઇએ જે શ્વાસ બની જાય. જેમ શ્વાસ વિના જીવી ના શકાય તેમ પ્રેમ વિના જીવન ન હોય! જે પ્રેમ કરી શકતો નથી તે ક્યારેય પરમાત્માને પામી શકતો નથી. પ્રેમમાં સંશય કે સંકુચિતતા ન હોય. પ્રેમમાં જો અંતરનો વિશ્વાસ હોય તો જ પ્રેમ મુક્ત રીતે પાંગરી શકે... !

પ્રેમથી જ પરમાત્માને પામી શકાય અને પરમાત્માની કૃપાથી જ પ્રેમને માણી શકાય, પ્રેમની અનુભૂતિ કરી શકાય.

પ્રિયતા એ પ્રેમની અનુભૂતિ છે. પ્રેમ જ પુરુષાર્થની પ્રેરણા છે. પ્રેમ અને પુરુષાર્થ મળે એટલે નવું સર્જન અવશ્ય થાય જ... ! જ્યારે પ્રેમ જાગે છે ત્યારે નિષ્કામ અવસ્થા પ્રગટ થાય છે. ત્યારે અંતરમાં એક જ ભાવ હોય મારે કાંઇ જોઇતું નથી. મારે તો બસ મારા પ્રિયપાત્રને, મારા શ્રધ્ધા પાત્રને કંઇક આપવું છે, એમના માટે કંઇક કરવું છે, પ્રેમ આપી પ્રેમ પામવો છે... !

જ્યારે પ્રેમ થાય છે... જ્યારે અંદરમાંથી ભક્તિ જાગે છે ત્યારે સહજતાથી શક્તિ પ્રગટ થવા લાગે છે અને શક્તિ જ કંઇક નવું સર્જન કરે છે. ગૌતમને ભગવાન મહાવીર પ્રત્યે પ્રેમ થયો... એમનાં અંતરમાં ભક્તિ જાગી અને ભક્તિની શક્તિએ આગમનું સર્જન કર્યું... !

આપણે પણ જો પ્રત્યક્ષ ગુરુમાં પરમાત્માની પ્રતિકૃત્તિ નિહાળી ગુરુને પ્રેમ કરીશું તો ગુરુકૃપાથી અશક્યમાં અશક્ય કાર્ય પણ સહજતાથી કરી શકીશું.

ગુરુની આંગળી પકડી પરમાત્મા સુધી પહોંચી શકીશું. પરમપદને પામી શકીશું. પ્રેમની પાવનતાને માણી શકીશું.

એટલી શક્તિ... એટલું જ્ઞાન આપણામાં પણ છે જ પરંતુ એને પ્રગટ કરવા, એને બહાર કાઢવા પ્રેમની ચાવીની જરૂર છે. એકવાર નિષ્કામ પ્રેમ કરી ગુરુમય બની જાઓ... તમારી અનંત શક્તિ પ્રગટ થયા વિના રહેશે નહીં. ગુરુકૃપાની એક જ ચીનગારી પ્રચંડ શક્તિનાં દાવાનળને પ્રગટાવવા સમર્થ છે.

**પ્રત્યક્ષ ગુરુને પ્રેમ કરી પરમ પદની પ્રાપ્તિ કરવી એ જ માનવભવને સાર્થક કરવાની અણમોલ તક છે. તકનો ઉપયોગ કરી તકદીર બદલવાનો પ્રયત્ન જ સર્જનાત્મક શક્તિની પ્રેરણા છે.**

# ત્રિયોગથી પરમ વિનય

વિનય... વિનય એ આત્મા અને પરમાત્મા વચ્ચે એક લીંકનું સર્જન કરે છે. ગુરુ અને શિષ્ય વચ્ચે એક લીંકનું સર્જન કરે છે.

તમારો વિનય ઉત્કૃષ્ટ છે અને તમારી અને ગુરુ વચ્ચે લીંક સર્જાણી છે એ ખબર કેવી રીતે પડે ?

અચાનક કાંઈ સૂઝી આવે, અચાનક કાંઈક ન ધારેલું કરવાની પ્રેરણા મળે, અચાનક કોઈ દિશા મળે, કાંઈક મુંઝવણ હોય ત્યાં પ્રેરણા ભાવે માર્ગદર્શન મળી જાય, મન અશાંત થાય ત્યારે વીજના ચમકારાની જેમ શાંત થવાનું સૂત્ર યાદ આવી જાય. આ બધું થાય કેવી રીતે ?

જ્યાં આપણી દૃષ્ટિ ન પહોંચતી હોય ત્યાં પરમાત્મા કે ગુરુની દૃષ્ટિ પહોંચતી હોય છે.

વિનય શું કરે છે ?

વિનય એક જ્ઞાનની, હૈયા સૂઝની, સમજની અને સમતાની લીંક ઊભી કરે છે.

ગજસુકુમાર સ્મશાનમાં સાધના કરતાં હોય અને ભગવાન મહાવીર સમવશરણમાં બિરાજમાન હોય. ગજસુકુમારના માથા પર બળબળતાં અંગારા મૂકવામાં આવે અને છતાં ગજસુકુમાર સમતા ભાવે સહન કરતાં હોય, તો આ સમતા ભાવ, આ સહનશીલતા ક્યાંથી આવે ? અંગારા મૂકનાર પ્રત્યે ક્રોધ ન કરવો અને સમભાવમાં રહેવું એ પ્રેરણા ક્યાંથી થઈ ?

ગજસુકુમારનો પરમાત્મા પ્રત્યેનો વિનય અને ભક્તિ અને એ વિનયના કારણે પરમાત્મા અને ગજસુકુમાર વચ્ચે જે લીંક સર્જાણી હતી એ લીંક દ્વારા એ પરમાત્મા સાથે ભાવથી કનેક્ટ રહેતાં હતાં અને ભાવથી પ્રેરણા મેળવતા હતાં.

વિનય ત્રણ પ્રકારના હોય છે :

મન વિનય, વચન વિનય અને કાય વિનય.

મનનું સમર્પણ, વચનનું સમર્પણ અને કાયાનું સમર્પણ.

જ્યારે ગુરુ કે પરમાત્મા કોઈ આજ્ઞા આપે ત્યારે મનમાં વિચાર આવે, વિકલ્પ આવે કે શંકા આવે કે ગુરુદેવે આમ કેમ કહ્યું હશે ? ગુરુદેવે આવી આજ્ઞા કેમ આપી હશે ? આવી આજ્ઞા આપવા પાછળ એમનું લક્ષ્ય શું હશે ?

આ છે મનનો અવિનય !

જે મારા હિતનું હશે, જે મારા માટે યોગ્ય હશે અને અત્યારે મારા જેવા કર્મોનો ઉદય હશે એવી જ મને આજ્ઞા આપી છે અને જે આજ્ઞા આપી છે તે મને સ્વીકાર્ય જ હોય અને એનું પાલન એ મારી નિષ્ઠા અને મારૂં પ્રથમ કર્તવ્ય હોય.

આ છે મનનો વિનય !

ગુરુના શબ્દો, ભાવો અને વચનો પર કેટલો વિશ્વાસ અને કેટલી શ્રધ્ધા છે એના ઉપર તમારો વિનય કેવો અને કેટલો છે તેની ખબર પડે.

હા, આપણે છદ્મસ્થ છીએ એટલે પૂર્ણ વિશ્વાસ ક્યારેક ન પણ આવે અને ક્યારેક આવે પણ ખરો.

વિશ્વાસ આવવો એ 'પરમ વિનય' છે, અવિશ્વાસ ન હોવો એ 'વિનય' છે, અવિશ્વાસ આવવો એ 'અવિનય' છે.

વિનય જ્ઞાન દૃષ્ટિને ખીલવે છે. ગૌતમ સ્વામીને શાસ્ત્રોનો અભ્યાસ કરવો જ ન પડયો, કેમકે એમનો પરમાત્મા પ્રત્યેનો પરમ વિનય એમની જ્ઞાન દૃષ્ટિને ખોલનારો બની ગયો.

વિનય એક એવું મૂળ છે જેના કારણે જ્ઞાન, દર્શન અને ચારિત્રના ફળ આવવા લાગે છે અને એના કારણે મોક્ષની પ્રાપ્તિ પણ થઈ શકે છે.

વિનય એક એવી સ્થિતિ છે જેના કારણે વ્યક્તિ પોતાના અસ્તિત્ત્વને અનુભવવા લાગે છે.

મનનો વિનય હોય તો જ વચનમાં વિનય આવે. ગુરુ સાથે, ગુરુ માટે અને ગુરુના સંબોધન માટે વપરાતાં દરેક વચનમાં વિનય હોય. જી ગુરુદેવ, પધારો ગુરુદેવ, બિરાજો ગુરુદેવ, આપ સુખશાતામાં છો ગુરુદેવ !! કાંઈ ખપ છે ગુરુદેવ ? આ છે વચનનો વિનય.

દૂરથી પરમાત્માનું સમવશરણ દેખાય, દૂરથી ગુરુદેવ પધારતાં દેખાય અને હાથ જોડાય જાય, પાંપણ ઝૂકી જાય, મસ્તક નમી જાય, શરીર મૃદુ થવા લાગે, હૃદય સ્પંદિત થવા લાગે અને આત્મા કંપિત થવા લાગે... આ છે કાયાનો વિનય.

દૂરથી ગુરુદેવના દર્શન થાય અને શિષ્ય અનુભૂતિના વિશ્વમાં પ્રવેશવા લાગે, એક પ્રકારની લઘુતા, શૂન્યતા, નમ્રતા આદિ તેના રોમરોમમાંથી પ્રગટવા લાગે. આ છે કાય વિનયની પ્રતીતિ... કાય વિનયની અનુભૂતિ !!

જેમ જેમ મન, વચન અને કાયાનો વિનય પ્રગટવા લાગે છે, તેમ તેમ શિષ્યત્વ આત્માના એક એક પ્રદેશને સ્પર્શવા લાગે છે, મૃદુતા અને લઘુતાનો અનન્ય અહેસાસ થવા લાગે છે.

ગૌતમનો આવો વિનય એમને એક પળમાં પ્રભુની કૃપાનું પાત્ર બનાવી દે છે અને પ્રભુની કૃપા દષ્ટિ એમને એક પળમાં જ્ઞાની બનાવી દે છે, ધ્યાની બનાવી દે છે.

શિષ્ય હૃદયમાં હંમેશાં એક અહેસાસ હોવો જોઈએ. હે પ્રભુ ! ઓ મારા ગુરુદેવ !

ક્યાં આપ આત્માની ઉચ્ચત્તમ દશાને પામેલાં પરમ આત્મા અને ક્યાં હું સંસારના કામ, ક્રોધ, રાગ, દ્વેષ, મોહ, માયા, ઈર્ષ્યા અને અહમ્‌થી અશુધ્ધ આત્મા ! !

ક્યાં શ્રેષ્ઠ વૈરાગ્યભાવથી ભાવિત આપ અને ક્યાં હું વિકારી !

ક્યાં આપ પરમ શુધ્ધ અને ક્યાં હું અશુધ્ધ ! !

છતાં આપે પરમ કરૂણા કરી, મારો સ્વીકાર કર્યો, મને આપની સમીપ, આપના સાંનિધ્યે રાખ્યો, હે ગુરુદેવ ! મારૂં હૃદય આપના પ્રત્યે અત્યંત અહોભાવિત થઈ રહ્યું છે.

આ છે પરમ વિનયનો ભાવ.

જેમ જેમ શિષ્ય હૃદયમાં વિનયભાવ પ્રગટતો જાય છે, તેમ તેમ શિષ્ય હૃદય સાધક દશાને અનુભવવા લાગે છે. તેના અવગુણો તેને ખબર પણ ન પડે તેમ વિદાય થવા લાગે છે અને સહજતાથી તેને બધું સૂઝવા લાગે છે, શું બનવાનું છે એનો અંદાજ આવવા લાગે છે, અંદરથી સંકેત મળવા લાગે છે.

વિનયભાવ ગુરુની કૃપાનું કારણ બનાવે છે અને ગુરુની કૃપા કર્મોના આવરણને દૂર કરનાર આશીર્વાદ બની જાય છે.

મન વિનય, વચન વિનય અને કાય વિનય એ શિષ્યનો હૃદયભાવ હોય છે અને એ હૃદયભાવ શિષ્યત્વનો શ્વાસ હોય છે.

વિનયભાવ ગુરુ અને શિષ્ય વચ્ચે એકમેક્તા, ઐક્યતા અને અભિન્નદશા સર્જે છે, આવી અભિન્નદશા ત્યારે જ પ્રગટે જ્યારે શિષ્ય ગુરુ સમક્ષ એકદમ ઓપન હોય, ગુરુથી કાંઈ છૂપાવતો ન હોય.

નદીમાં ગમે તેટલો કચરો હોય કે નદી ગમે તેટલાં નાળાને મળીને આવી હોય પણ જ્યારે એ સાગરમાં સમાય જાય, સાગરમાં ભળી જાય એટલે સાગર એને શુધ્ધ કરી દે છે. આવું જ સર્જાય છે જ્યારે એક શિષ્ય ગુરુમાં સમાય જાય છે, ગુરુ સાથે એકમેક થઈ જાય છે ત્યારે ગુરુ પણ એના આત્માને શુધ્ધ અને નિર્મળ બનાવે છે. અસ્તિત્ત્વ ત્યારે જ એકમેક થાય છે જ્યારે વિનયભાવ પ્રગટે છે અને વિનયભાવનો અહેસાસ થાય છે.

જેમ જેમ વિનયભાવ પ્રગટે છે તેમ તેમ વ્યક્તિના વાણી, વ્યવહાર અને વર્તનમાં પણ પરિવર્તન આવવા લાગે છે.

જ્યાં સુધી પરમ વિનય પ્રગટ નથી થતો ત્યાં સુધી શિષ્યત્વ પણ બાહ્ય હોય છે, આંતરિક શિષ્યત્વ નથી હોતું, પરમ વિનયના અહેસાસ વિના, આંતરિક શિષ્યત્વના પ્રાગટય વિના સિધ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, જ્ઞાન સિધ્ધિ, ચારિત્ર સિધ્ધિ આદિનો વિકાસ થતો નથી.

પરમ વિનય એ શિષ્યત્વની પરમ દશા છે.

પરમ વિનયની પરમતા એટલે એનાથી ઉપર બીજું કાંઈ હોઈ ન શકે. પરમ વિનય એ વિનયની પરાકાષ્ટા છે.

પરમ વિનય જ આત્માની આત્મા સાથે, આત્માની પરમાત્મા સાથે લીંક સર્જે છે. પરમ વિનયના કારણે જ ગુરુ આત્મા સાથે શિષ્ય આત્માનું અનુસંધાન થાય છે.

ગુરુના ચરણમાં આવ્યા પછી, ગુરુના શરણમાં આવ્યા પછી, ગુરુ આજ્ઞાભાવમાં આવ્યા પછી, ગુરુનો સ્વીકાર ર્ક્યા પછી, જે શિષ્ય પોતાના આત્માને મન વિનય, વચન વિનય અને કાય વિનયથી સમૃધ્ધ કરે છે તેનું જ શિષ્યત્વ ખીલે છે અને સાર્થક પણ થાય છે.

ગુરુની કૃપા પણ વિનયભાવથી જ પ્રાપ્ત થાય છે અને આત્મ કલ્યાણનો માર્ગ પણ વિનયભાવથી જ પ્રાપ્ત થાય છે.

શિષ્યત્વ એ બહારનું નહીં, આંતરિક હોય, આત્માનું હોય. 'ગુરુદેવ' શબ્દ હોઠ નહીં હાર્ટ બોલે, એ શબ્દ રૂપે નહીં પણ આત્માની અનુભૂતિમાં હોય, અહેસાસમાં હોય અને જ્યારે આવો અનુભવ હોય ત્યારે વિનયભાવ પ્રાણ બની જાય, શ્વાસ બની જાય.

જેનામાં વિનયભાવ હોય એની આંખોનો પ્રેમ અને પ્રસન્નતા અનેકના આશ્ચર્યનું કારણ બની જાય છે અને એનામાં પણ એવો પ્રેમ અને પ્રસન્નતા લાવવાના ભાવ થાય છે. એનો વિનય જોઈને બીજાને પણ ગુરુ શરણે આવવાના ભાવ થાય, એની નમ્રતાને નિહાળીને અનેકને નમ્ર બનવાનું મન થાય.

શિષ્યત્વ ત્યારે જ સાર્થક થાય છે, જ્યારે શિષ્ય ગુરુ બની જાય.

શિષ્યત્વ એવું હોવું જોઈએ જેના કારણે ગુરુ બનવાની પાત્રતા પ્રગટે.

તમારો વિનય અને શિષ્યત્વ એવા હોવા જોઈએ કે તમારી વાણી, વ્યવહાર અને વર્તનને જોઈને કોઈને પણ તમને ગુરુ બનાવવાનું મન થઈ જાય, તમને સમર્પિત થઈ જવાનું મન થઈ જાય, તમારા બનવાનું મન થઈ જાય.

તમારો વિનય એવો હોવો જોઈએ કે બીજા અનેક જીવોને એ વિનયમાં જોડી દે. ગુરુએ તમારા પર ઉપકાર ર્ક્યો, તમે અન્ય પર ઉપકાર કરી શકો, તો જ તમે ગુરુના ઉપકારનું ઋણ મહદ્ અંશે વાળી શકો.

તમારી નમ્રતા, અહમ્ શૂન્યતા, લઘુતા, સરળતા જ્યારે તમારા રોમ રોમમાં વ્યાપ્ત થાય છે ત્યારે તમારો એ વિનયભાવ જ ગુરુને તમારી તરફ કૃપા દૃષ્ટિ કરાવી દે છે, તમારો એ વિનય ભાવ જ ગુરુના ચહેરા પર સ્મિત લાવે છે, ગુરુને તમારા મસ્તક ઉપર આશીર્વાદ આપવાનું મન થાય છે, ગુરુના હૃદયમાં શિષ્યના ગૌરવની અનુભૂતિ થાય છે અને ત્યારે ગુરુ કૃપાથી શિષ્ય પાત્રવાન બને છે.

સિધ્ધ પુરુષ અને સદ્‌ગુરુનો યોગ એ અનંતકાળે પ્રાપ્ત થતો એક અપૂર્વ યોગ છે, એ લાખો ભવો પછી પ્રાપ્ત થાય છે, એ કરોડો-કરોડો ભવો પછી પ્રાપ્ત થતી આત્માની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે, અનંતા ભવોની તિર્યંચ કક્ષાની હારમાળા પછી મનુષ્યભવની પ્રાપ્તિ થાય છે અને એમાં પણ ભયંકર કક્ષાના ક્રોધ આદિ અવગુણોથી જ્યારે આત્મા બચે છે ત્યારે તેને જિનશાસનની પ્રાપ્તિ થાય છે, અનેકોના દર્શન કર્યાં પછી એક પાસે આત્માને અહેસાસ થાય છે કે આ જ મારા આત્મ કલ્યાણ મિત્ર છે.

આટલી લાંબી સફર અને ઉત્કૃષ્ટ પુણ્યના ઉદયે જ્યારે સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થાય ત્યારે મન વિનય, વચન વિનય અને કાય વિનયનો વિકાસ કરતાં કરતાં જે પરમ વિનયના ભાવમાં આવે છે તેને ભવોભવ દેવ ગુરુ અને ધર્મનો યોગ થાય છે. સંયમ ભાવનો યોગ થાય છે અને સિધ્ધિની પ્રાપ્તિ થાય છે.

પરમ વિનય પરમ આત્માની અનુભૂતિ કરાવે છે.

# ઉપકારવેદન

શું ક્યારેક એક ક્ષણ માટે પણ વિચાર કર્યો છે કે આજે મને આવા જૈન ઘરમાં જન્મ શા માટે મળ્યો છે ? શા માટે આવું પરમાત્માનું શાસન મળ્યું છે ? શા માટે માતા-પિતાનો સંયોગ મળ્યો છે ? શા માટે ધર્મ મળ્યો છે ? આવા સદ્‌ગુરુ મળ્યાં છે ? શું ક્યારેય વિચાર આવ્યો છે ખરો ? ના... !

શું ક્યારેય વિચાર્યું છે કે જો મારો જન્મ આફ્રિકાના જંગલમાં આદિવાસીઓના ઝુંપડામાં થયો હોત તો ? ગોવાના એવા કુળમાં થયો હોત તો, જ્યાં માત્ર થોડીક ક્ષણોના આનંદ માટે તાજા જન્મેલાં Pig નાં નાનકડાં કુમળાં બચ્ચાંઓને ખાવાની હરીફાઇ યોજાય છે ? અનાથ આશ્રમ કે ફૂટપાથ ઉપર મારો ઉછેર થતો હોત તો ? મારો જન્મ એવા સ્થાનમાં થયો હોત કે જ્યાં ધર્મ કે સંતોની ઓળખ જ ન હોય તો ? અથવા મારૂં શરીર ખોડખાપણવાળું કે મારૂં માનસ મંદબુદ્ધિ કે અલ્પબુદ્ધિવાળું હોત તો... ? ?

કેમ આજે મારો જન્મ આવા ઉત્તમ જૈનકુળમાં, માતાપિતાના સંયોગો સાથે, સદ્‌ગુરુના સાંનિધ્યમાં અને અનુકંપા, અહિંસા, કરૂણા,

દયા, પ્રેમ અને મૈત્રીભાવવાળા પરમાત્માના શાસનમાં થયો છે અને એ લોકો ત્યાં જન્મ્યાં છે ? કેમ ? ?

કેમકે, જ્યારે એમને મા- બાપ, દેવગુરુ અને ધર્મ મળ્યાં હતાં ત્યારે તેમણે તેઓનો આદર ન હતો કર્યો, એ પ્રાપ્તિની અનુભૂતિ ન હતી કરી અને એમના ઉપકારનું વેદન ન હતું કર્યું ! માતા-પિતા અને વડીલોને પૂજવાને બદલે પજવ્યા હશે. ગુરુના ઉપકાર પર અપકાર કર્યો હશે અને પરમાત્માના શાસન પ્રત્યે અહોભાવ નહીં કર્યો હોય ! ! આજે પુણ્યના ઉદયે સહજતાથી મળી ગયેલી સાધન સામગ્રી અને સાનુકૂળતામાં એવા ઓતપ્રોત થઇ ગયાં છીએ કે આવું બધું વિચારવાનો કે આવી કલ્પના કરવાનો સમય જ ક્યાં છે ? પણ જો એક વાર એ કલ્પના ચિત્ર માનસમાં દશ્યમાન થઇ ગયું તો… તો કદાચ હૃદય એક ધબકાર ચૂકી જશે… !

આજે આપણા સવાયા સદ્‌ભાગ્યે મમતા અને વાત્સલ્યનો ધોધ વહાવનાર માતા-પિતા મળ્યાં છે, પ્રેરણાનું અમૃતપાન કરાવનાર ગુરુદેવ મળ્યાં છે અને સર્વજીવોનું હિત અને કલ્યાણ કરાવનાર પરમાત્માનો શ્રેષ્ઠ ધર્મ અને જિનશાસન મળ્યું છે. પણ, આજે જો આ પ્રાપ્તિને નહીં અનુભવીએ આ ઉપકારીઓના ઉપકારનું વેદન નહીં કરીએ તો સુલભતાથી મળેલું આ બધું ભવોભવ માટે દુર્લભ બની જશે.

વારંવાર ઉપકારીઓના ઉપકારને અનુભવવા માટે સતત એ ઉપકારનું સ્મરણ હોવું જોઇએ. જે ઉપકારીના ઉપકારનું વેદન કરે છે તેના સંસ્કાર, તેનું વર્તન અને તેનો વ્યવહાર જુદો જ હોય છે. જે પરિવારમાં વડીલો પ્રત્યે આદર અને આમન્યા હોય છે તે પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ છલકતી હોય છે, તે પરિવારનાં બાળકોના હૃદય મમતા અને વાત્સલ્યથી ભીંજાઇને નમ્ર બનેલાં હોય છે,

જ્યારે આજની આધુનિકતાના રંગોથી રંગાયેલા સ્વછંદી સંતાનોને મા-બાપ જૂનવાણી અને બોજ લાગે છે, તેમના ઘડપણની શરમ આવે છે અને ઘરડાંઘરમાં મૂકી આવે છે. ત્યારે એ ભૂલી જાય છે કે આ જ ઘડપણ મને પણ આવવાનું જ છે અને આજે મા-બાપ ને તરછોડયાં, સમજી લ્યો હવે ભવોના ભવો મા-બાપ વિહોણા જ જન્મ મળવાનાં છે. જ્યારે મળે છે ત્યારે ઉપકાર નથી, કદર નથી, કિંમત નથી, આદર નથી, પછી ભવિષ્યમાં એ પ્રાપ્તિ પણ દુર્લભ બની જાય છે !

એક જ દાદાના કુળમાં જન્મેલાં, એક જ પરંપરાના બે સંતાનો, એક જ પરિવારમાં સમાન સંસ્કારો સાથે ઉછરેલાં, છતાં એક છે સદ્‌ગુણી અને એક છે દુર્ગુણી... ! આ ફરક શા માટે ? તો, એકને મા હતી અને એકને હતી પણ ન હતી. એક માની મમતા અને એની આંખોમાંથી નીતરતા નેહથી હૃદયને ઋજુ બનાવતું હતું, જ્યારે બીજાની માએ આંખે પાટા બાધ્યાં હોવાથી મા ના પ્રેમને જોઈ શકતો નથી. અને તેથી જ એક બને છે વિનયી ધર્મરાજ યુધિષ્ઠિર અને એક બને છે અહમી દુર્ગુણી દુર્યોધન !

પુણ્યોદયે મા તો મળી પણ જ્યારે મા મળી હશે ત્યારે માના ઉપકારનું વેદન નહીં કર્યું હોય તેથી આ ભવે મા મળવા છતાં માની મમતા ન મળી... ! !

જ્યાં ઉપકારનું વેદન હોય ત્યાં જ સહૃદયતા હોય. જ્યારે અંતરથી આદરભાવ હોય ત્યારે જ અહમથી શૂન્ય બની શકાય છે.

**આદરવાળી વ્યક્તિ ઉત્થાનને આવકારતી હોય છે જ્યારે અહંકારી પતનને નિમંત્રણ આપતી હોય છે.**

જે અહંકારી હોય તેના ઉપર કોઇ ઉપકારી હોતો નથી. જ્યાં સુધી અહમ્‌નો નાશ કરી ઉપકારનું વેદન કરવાનો ભાવ ન આવે ત્યાં સુધી શ્રેષ્ઠતાની પ્રાપ્તિ દુર્લભ થઇ જાય છે.

મા-બાપ અને વડીલોના પ્રેમને પામવાનો હોય, અનુભવવાનો હોય અને તેનું સંવેદન કરી તેનો આદર કરવાનો હોય. જ્યાં સુધી ઉપકાર વેદનનો ભાવ ન હોય ત્યાં સુધી આત્માની પ્રગતિ થતી નથી.

વડીલોનાં નિ:સ્વાર્થ વહાલમાં કેવી તાકાત હોય છે તે તો વહાલના ઉપકારનું વેદન કરનાર જ અનુભવી શકે.

એક સિત્તેર વરસના દાદીમાને જ્યારે નાદુરસ્ત તબિયતના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે. ત્યારે તેની સાડા ત્રણ વરસની પૌત્રીને રાતરાત ભર નિંદર આવતી નથી, કારણ, દાદીમા રોજ રાત્રે વાર્તા કહેતાં હતાં. પપ્પા એજ વાર્તાઓની કેસેટ લઇ આવે છે અને દીકરીને સંભળાવે છે, છતાં દીકરીને ઊંઘ આવતી નથી. પપ્પા દીકરીને પૂછે છે, કેમ ?

નાનકડી દીકરી સુંદર જવાબ આપે છે, પપ્પા ! તમારી આ કેસેટને ખોળો નથી... ! કેસેટ વાર્તા તો સંભળાવી શકે છે પણ ખોળામાં માથું રાખી માથે વહાલથી હાથ ન ફેરવી શકે ! ઊંઘ વાર્તાથી નહીં, દાદીમાના વહાલથી આવતી હતી !

માતા-પિતાએ મોક્ષગામી બની શકીએ તેવો માનવ જન્મ આપ્યો, તેમનો ઉપકાર ઘણો છે. પણ એ મોક્ષનો માર્ગ બતાવનાર, મોક્ષમાં જવાને લાયક બનાવનાર અને જીવનને જીવંત બનાવનાર ગુરુદેવના ઉપકાર તો અનંત અનંત છે.

ગુરુ તો હૃદયમાં પ્રેરણા સ્થાને જ હોય છે. ગુરુની પ્રેરણાનો સ્તોત્ર જ શિષ્યના જીવને નવપલ્લવિત કરે છે, પથદર્શક બની પરમાત્મા પંથે લઇ જાય છે. શિસ્ત અનુશાસનના આગ્રહી હોવાથી બહારથી શ્રીફળની જેમ કડક દેખાય પણ અંતરથી તો શ્રીફળના પાણી જેવો એમનો મધુરો સ્નેહ તમારા જીવનને માધુર્યથી ભરી દે ! ગુરુના ઉપકારનું વેદન કરનાર જ શિસ્ત અને સ્નેહ ને પામી શકે.

બગીચામાં છોડ અને જંગલમાં ઝાડ બંને ઉગે છે, બંને વિકસે છે છતાં બંનેમાં ફરક છે. બગીચાના છોડની સુંદરતા આંખને સ્પર્શે છે જ્યારે જંગલના ઝાડ નજર સામેથી પસાર થઇ જાય છે. જંગલના ઝાડને કોઇ કાપવાવાળું નથી જ્યારે બગીચાનો માળી તો સવારથી જ કાતર લઇને ફરી વળે છે. શું માળીને છોડને કાપવાનો શોખ છે ? ના... ! માળીને છોડના સર્વાંગી વિકાસમાં રસ છે અને એ એની જવાબદારી છે. તેમ ગુરુને પણ શિષ્યના આત્મિક વિકાસમાં રસ હોય છે માટે જ આદેશની કાતર લઇ તેના અવગુણોની જંગલી ડાળોને કાપી તેને વિનયી વૃક્ષ બનાવે છે, ત્યારે તેના સદ્ગુણોનાં પુષ્પો સૌના હૃદયને સ્પર્શે છે. જેની માથે આવા ગુરુ હોય તેનાં જ્ઞાન મૂળમાં ક્યારેય સડો ન હોય. તેનું જ્ઞાન આંજવા માટે ન હોય માંજવા માટે હોય. તે જ્ઞાની બને, તપસ્વી બને છતાં અહંકારી ન બને. તેને પોતાની પ્રત્યેક સફળતામાં ગુરુની કૃપા જ દેખાય. તેનું જ્ઞાન, દર્શન, ચારિત્ર કે તપ અહંકારનું કારણ ન બને. આમ, જે ગુરુ તમારો આત્મિક વિકાસ કરાવી તમને મોક્ષના પાત્રવાન બનાવે છે, તેમના ઉપકારનું જે વેદન કરે છે તે જ મોક્ષના અધિકારી બની શકે છે.

ગુરુ હરપળ, હરક્ષણ, હરઘડી તમારી કસોટી કરતાં રહે અને એ રીતે તમને એવા Zero Level ઉપર લાવી દે જ્યાં પહોંચવું અઘરું જ નહીં પણ અશક્ય પણ છે. પણ, જેને કંઇક પામવું છે તે છે સહન કરે છે અને શૂન્ય બને છે.

ઘણીવાર તો ગુરુ તમારી પાસેથી તમારી શ્રેષ્ઠતાને જ માંગી લે, એમાં પણ તમારું હિત જ હોય... ! કેમકે, ગુરુ માત્ર આજને જ નહીં આવતીકાલને પણ જોનારા હોય. આ રીતે શિષ્યનું હિત કરવું એ ગુરુનો પરમ ઉપકાર રહેલો છે.

જ્યારે ગુરુ દ્રોણાચાર્યે એકલવ્ય પાસે ગુરુદક્ષિણા રૂપે અંગૂઠો માંગ્યો ત્યારે સહુએ માની લીધું કે ગુરુને અર્જુન માટે રાગ અને પક્ષપાત છે, માટે જ એકલવ્યની શ્રેષ્ઠતાને માંગી લીધી... !

ના...!! ગુરુ ક્યારેય રાગી કે પક્ષપાતી ન હોય, એ તો હંમેશાં સમદૃષ્ટિવાળા જ હોય.

ગુરુ દ્રોણ જાણતા હતાં અર્જુનની અને એકલવ્યની પાત્રતાને... ! ગુરુ દ્રોણ એકલવ્યની કાલને પણ જોઇ શકતાં હતાં. અર્જુનની પાત્રતા સિધ્ધિને પચાવનારી હતી. જ્યારે એકલવ્યના સંસ્કાર તેની સિધ્ધિને અપચો કરાવી અહંમી બનાવે તેવા હતાં. માટે જ ગુરુ દ્રોણે તેનો પોણા ભાગનો જ અંગૂઠા કપાવ્યો જેથી તેની બાણવિદ્યા સલામત રહે અને speed ઘટી જાય...!!

ગુરુની દીર્ધદૃષ્ટિને કારણે જ ગુરુ ઉપકારી છે. જેનામાં પાત્રતા હોય અને જેની સાથે પ્રત્યક્ષ સદ્‌ગુરુ હોય તે જ પ્રાપ્તિને પચાવી શકે.

જે ગુરુના સાંનિધ્યે પાત્રતાને કેળવે, તેના ઉપકારનું વેદન કરે તેને જ ઘણું બધું પ્રાપ્ત થાય છે અને બધું પચે છે. પાત્રવાન ગમે તેટલું પામે તે ક્યારેય ઉડતો નથી. ચાલનારા પડતાં નથી અને કદાચ કર્મના ઉદયે પડી જાય તો પણ ઝાઝું વાગતું નથી.

ગુરુનો સૌથી મોટો ઉપકાર એ છે કે સંસાર સાગરમાં ડૂબતાં આપણને એ સ્વયં લાકડાનું પાટિયું બનીને તારે છે અને રાગ, દ્વેષ, ઇર્ષ્યા, અદેખાઇ, લોભ અને કપટની ખાઇમાં પડેલાં આપણને એ સ્નેહનું દોરડું બની બહાર કાઢે છે.

ઊંડા ખાડામાં પડેલી વ્યક્તિને કોઇ જીવના જોખમે બહાર કાઢે ત્યારે ખાડામાં પડેલી વ્યક્તિને બહાર કાઢનાર વ્યક્તિ માટે જેવું વેદન થાય તેવું વેદન પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રત્યે થવું જોઇએ. ગુરુ પણ એમના આત્મલક્ષી અમૂલ્ય સમયના જોખમે આપણને બહાર કાઢવાનો પુરુષાર્થ કરે છે. જો આ મહાઉપકારનું વેદન થશે તો જ ગુરુના ચરણમાં માથું સોંપી શકાશે.

**''માથું મારીને, માથું કાપીને, માથાકૂટ કરીને તો અનેક ભવો કર્યા છે. હવે આ ભવે ગુરુના ચરણમાં માથું સોંપીને ભવ પાર કરવો છે.''**

''મારા ગુરુ જ મારું દર્દ છે અને ગુરુ જ મારી દવા છે. તારી દૃષ્ટિ મારા પર પડતી નથી ત્યાં સુધી મને દર્દ છે અને ગુરુની દૃષ્ટિ.. ગુરુની કૃપા એ જ મારી દવા છે !''

આ ભાવ, આ અનુભૂતિ અને આ ઉપકારવેદન પછી આત્મા જ્યારે ગુરુઆજ્ઞાને શિરોમાન્ય કરે છે ત્યારે દરેક કાર્ય તેને અનંત આનંદનો અનુભવ કરાવે છે.

''જેણે આજ્ઞાનો આનંદ માણ્યો છે, તેને જગતનો આનંદ તુચ્છ લાગે છે.''

જે ઉપકારનું વેદન કરે છે તેનો જ આત્મા નમ્ર બને છે ! શિષ્યના હૃદયનું ઉપકાર વેદન એટલે ''હું જે કાંઇ પણ કરું છું તે ગુરુકૃપાના આધારે જ કરું છું.''

મારા ગુરુના મારા પર અનંત અનંત ઉપકાર છે. તેમની પ્રેરણા જ મારું જીવન છે, તેમની કરૂણાથી જ મને જ્ઞાન પ્રાપ્ત થાય છે. એમણે જ મારા જીવનમાં પ્રવેશી મારી સૂતેલી આત્મચેતનાને જાગૃત કરી છે, એમણે જ મારા હૃદયની કોરી પાટી ઉપર ધર્મનો એકડો ઘુંટાવ્યો છે, એમણે જ મારા માનસમાંથી મોહમાયાનું પ્રદૂષણ દૂર કરી અધ્યાત્મનું સ્પ્રે છાંટયું છે, એમનું વાત્સલ્ય મારો વિકાસ કરે છે તો એમનો સ્નેહ મને પાપથી બચાવે છે, એમની અમીદૃષ્ટિ મારી આંતરિક શક્તિને જાગૃત કરે છે, એજ મને સંસારમાં ડૂબતાં બચાવે છે અને એમનું સાંનિધ્ય જ મને સાધનાની શક્તિ અને શાંતિ આપે છે, એ જ મારા આત્મબીજને સ્નેહના જળથી સિંચિત કરી વિનયી વૃક્ષ બનાવે છે, એ જ મારા અવગુણોની જંગલી ડાળોને કાપી મારામાં સદ્‌ગુણોનાં સુમનોને ખીલવે છે, એ જ મને પાત્રવાન બનાવી મને મોક્ષ માર્ગ બતાવે છે, એમનું મારા તરફનું ધ્યાન જ મને મારા ધ્યેય સુધી લઇ જવાનું બળ પૂરું પાડે છે, એ જ મારા અહમ્ અને અસ્તિત્વને ઓગાળી મને શૂન્ય બનાવે છે અને આ પરમ ગુરુ જ હવે મને પૂર્ણ તરફ લઇ જાય છે. એમની કૃપા જ મારી જીવંતતા છે ! જ્યારે આત્મામાં આવા અનંત ઉપકાર વેદનના ભાવ જાગે છે ત્યારે તે આત્મા તદ્‌ભવગામી કે નિકટભવગામી બની જાય છે.

જે સોંપાય છે, ગુરુ તેને સર્વસ્વ પમાડે છે કેવળજ્ઞાન પામીને પણ છદ્મસ્થ ગુરુને વંદન કરે છે કેમકે તે ગુરુનો તેના પર ઉપકાર છે. કહેવાનું તાત્પર્ય કે કેવળજ્ઞાની આત્મા પણ ગુરુના ઉપકારનું વેદન કરે છે.

પૂર્ણ પદવાળી વ્યક્તિ પણ અપૂર્ણ પદવાળી વ્યક્તિને વંદન કરે છે!

તેના ઉપકારનો આદર કરે છે.

મળેલા માનવભવને સાર્થક કરાવનાર પરમ ઉપકારી ગુરુના ઉપકારને જે સતત સ્મૃતિમાં રાખે છે, તેના ઉપકારનું વેદન કરે છે, તેને જ ભવોભવ સમર્થ સદ્‌ગુરુનો સંગાથ મળે છે.

માતા- પિતા, ગુરુ અને પરમાત્મા પ્રત્યે આદર અને અહોભાવ રાખવો, તેમના ઉપકારને અનુભવવો, એ ફરજ છે અને વિનય છે.

ઉપકાર ભાવ નહીં હોય તો શ્રેષ્ઠ નહીં તો ધર્મ સાધના પછી પણ અહંમ આવશે, મેં આટલી સામાયિક કરી, મેં આટલી તપશ્ચર્યા... ! No...! મેં કાંઇ જ કર્યું નથી. જે થયું છે તે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી જ થયું છે. પરમાત્માનું આવું શ્રેષ્ઠ શાસન મળ્યું છે તેથી જ કરી શકીએ છીએ, જો આ શાસન જ ન મળ્યું હોત તો ? જો આદિવાસીમાં જન્મ થયો હોત તો ? તો શું સામાયિકની સમજ હોત ? ના... !

પરમાત્માનું શાસન મળ્યાં પછી એમના અનંત ઉપકારને અનુભવતા અનુભવતા ધર્મ સાધના કરી, કર્મોની નિર્જરા કરતાં કરતાં પરમ પદને પામવાનો પુરુષાર્થ કરીશું તો આ ભવ સફળ થઇ જશે.

પરમાત્માનો ઉપકાર તો ચૌદ રાજલોકના સર્વ જીવો પર છે. ઉપકારીના ઉપકારનું સતત સ્મરણ એટલે વારંવાર ઉપકારીને પ્રાપ્ત કરવાની Master Key છે !

જેની સ્મૃતિમાં ઉપકારીનું સ્મરણ હોય અને જેના હૃદયમાં ઉપકારીનું વેદન હોય તે જ પળપળ તેમની કૃપાને અનુભવતા હોય.

# શું આ જ લાઇફ છે?

પરમાત્માની અનુપમ જ્ઞાનવાણી અને એ જ્ઞાનવાણી જ્યારે હૃદયને સ્પર્શી જાય છે ત્યારે જીવન જીવવાની દૃષ્ટિ, દૃષ્ટિકોણ, વિચારો, ભાવો બધું જ ધીમે ધીમે ધીમે બદલાવા લાગે છે.

જેમ જેમ પરમાત્માની વાણીનો અનુભવ વધતો જાય છે, તેમ તેમ દુનિયાના તથ્ય અને સત્યને આપણે જાણી શકીએ છીએ, ઓળખી શકીએ છીએ, સમજી શકીએ છીએ. અને જ્યારે દુનિયાના એ તથ્ય અને સત્ય એકવાર આપણા માઇન્ડમાં કલીક થઇ જાય, ત્યારે લાગે છે આ જીવન... આ ભવ સાર્થક થઇ જશે.

અત્યારે તમારી લાઇફનું... તમારા જીવનનું કોઇ ધ્યેય છે ? અત્યારે તમને આ જીવન મળ્યું છે, આ માનવ ભવ મળ્યો છે ત્યારે તમારી રૂટિન લાઇફ શું છે ? સવારે ઉઠવાનું, બ્રશ કરવાનું, નાસ્તો કરવાનો, ન્યુઝ પેપર વાંચવાનું, ઘર, રસોડું, ઓફિસ, ઉપાશ્રય, કામકાજ, આરામ, વાતચીત, ફોન, થોડી ઘણી લાગણીની આપ-લે, સાંજે જમવાનું, ટી.વી. જોવાનું અને સૂઇ જવાનું... ફરી સવારે ઉઠવાનું અને એ જ રૂટિન... ! !

હવે બીજી વાત... તમારી લાઇફને સ્પર્શતા પાત્રો કેટલાં? તમારી લાઇફ કનેકટેડ પાત્રો કેટલાં? તમારા મમ્મી, પપ્પા, ભાઇ, બહેન, પુત્ર, પુત્રી, સગા-વહાલા, મામા- માસી, કાકા, કાકી, કામવાળા, નોકર, ચાકર, ધોબી, રસોઇયા... બધાં મળીને તમારી લાઇફને ટચ કરતાં હોય એવા પાત્રો કેટલાં? વધી વધીને ૧૦૦, ૨૦૦, ૫૦૦, ૧૦૦૦... કદાચ વધારે પ્રતિષ્ઠિત વ્યક્તિ હો તો ૨૦૦૦ કે ૫૦૦૦... એનાથી વધારે ? ? નહીં... ! !

હવે સવારથી ઊઠીને રાતના સૂતા સુધી તમારી લાઇફની પ્રવૃત્તિઓ કેટલી ?

ઉઠવાનું, નહાવાનું, બ્રશ કરવાનું, કપડાં બદલાવાના, છાપુ વાંચવાનું, વાત-ચીત, નાસ્તો, ચંપલ-બૂટ પહેરવાના, કાર કે બાઇકમાં બેસવાનું, ઓફિસ, ઉપાશ્રય, ઘર, ધંધો, સામાજિક કાર્યો, વ્યવહારિક કામ, મનોરંજન, ટી.વી. નાટક, સિનેમા, મ્યુઝીક, જમવાનું, વાંચવાનું, બાળકોને ભણાવવાના, એમની સાથે રમવાનું... વગેરે વગેરે... આવી રોજની એકની એક પ્રકારની પ્રવૃત્તિઓ કેટલી ?

ઘાણીના બળદની લાઇફ શું? રોજ રોજ ગોળ ગોળ ગોળ ફર્યાં જ કરવાનું. ન કોઇ માઇલ સ્ટોન, ન કોઇ મંઝિલ, બસ... ! સવારથી ફરવાનું શરૂ કરે તે રાત સુધી ફક્ત ચક્કર જ માર્યા કરવાના ! !

એ જ પ્રમાણે તમારો સંસાર, તમારી લાઇફ સવારથી રાત રૂટિન પ્રમાણે ચાલ્યા જ કરે, ન કોઇ માઇલ સ્ટોન, ન કોઇ મંઝિલ. બળદને તો હજુ પણ સંતોષ હોય કે, ચાલો, એના ચક્કર ચક્કર ફરવાથી તેલ તો નીકળે છે.

તમે તમારી લાઇફને સ્પર્શતા પાત્રો ગણવાનું શરૂ કરશો તો વધી વધીને પાંચ થી સાત હજાર થશે અને નોટબુકમાં પ્રવૃત્તિઓની નોંધ કરવા બેસશો તો એ પણ પાંચ હજારથી વધારે નહીં થાય...

વિચાર કરો... પાંચ હજાર પાત્રો અને પાંચ હજાર પ્રવૃત્તિઓ હવે એનાથી આગળ વધો તો તમે મહિને કેટલાં કમાવ છો ? માનો કે, મહિને લાખ કમાવ છો તો વરસે બાર લાખ કે વીસ-પચ્ચીસ લાખ... ! જો એક વર્ષના પચ્ચીસ લાખ તો દસ વર્ષે અઢી કરોડ... હવે તમારી લાઇફમાં તમારા કમાવવાના વર્ષો કેટલાં ? વધી વધીને ચાલીસ કે પચાસ વર્ષ... બરાબર... તમારી લાઇફમાં કમાઇ ને પચ્ચીસ કે પચ્ચાસ કરોડ કમાવ.

જેમ માર્કેટમાં શર્ટ લેવા જાવ તો તેના ઉપર પ્રાઇઝ ટેગ મારેલું હોય, શર્ટની કિંમત ૧૫૦૦ રૂા! તેમ તમારી લાઇફની કિંમત કેટલી ? પચ્ચીસ કે પચ્ચાસ કરોડ... ? ?

જેમ સંસારીની લાઇફ રૂટિન બની ગઇ છે તેમ સાધુ-સાધ્વીજીઓની લાઇફ પણ રૂટિન જેવી જ હોય છે. સવારે ઉઠવાનું, ગૌચરી, પાણી, સ્વાધ્યાય, પ્રવચન, વ્યાખ્યાન, વિહાર, સત્સંગ, પ્રતિક્રમણ, શ્રાવક- શ્રાવિકાઓ સાથે વાતચીત વગેરે... આ પણ એક રૂટિન જ છે.

વિચાર કરો, ઊંડાણ સુધી જાવ, શું આ જ લાઇફ છે ? શું આ જ માનવભવનો ઉપયોગ છે ? શું આ ભવમાં આપણે આ જ કરવા આવ્યાં છીએ ? શું આ રૂટિન લાઇફ માટે જ આપણો જન્મ છે ? કે પછી આનાથી કંઇક અલગ... કંઇક વિશેષ... કંઇક જૂદું કરવાનું છે ? ?

આજે... આ વર્ષે અમે ચાતુર્માસ કરવા આવ્યાં છીએ. ગયા વર્ષે બીજા સંતો હતાં, એની પહેલાં કોઇ બીજા મહાસતીજીઓ હતાં, એની પહેલાંના વર્ષે બીજા કોઇ હતાં, બધાં આવતાં હતાં, બધાંને સાંભળવા પણ જતાં હતાં. પણ પરિણામ ? ? ?

કપડાં બદલાયા કરે છે, પણ કપડાં પહેરવાની ટેવ બદલાતી નથી.

ઘર એકનું એક છે, ઘરમાં આવનારા બદલાયા કરે છે.

વ્યક્તિ જન્મે, જીવે અને મૃત્યુ પામે, ફરી જન્મે જીવે અને મૃત્યુ પામે... ! !

શું આ જ લાઇફ છે ?

ક્યારેય વિચાર કર્યો છે ?

શા માટે મેં જન્મ લીધો છે ?

આ જન્મવાનું, મોટા થવાનું, વૃધ્ધ થવાનું અને પછી મરી જવાનું... આ બધું શા માટે છે ?

આ પ્રેમ, પરિવાર, મિત્રો,સ્નેહીઓ, આ બધાં શા માટે છે ? રોજ સવાર પડે છે, સાંજ થાય છે અને રાત પડે છે, આ બધું શા માટે થાય છે ?

ક્યારેય વિચાર્યું છે ?

ક્યારેય કલ્પના કરી છે ? ?

હર એક વ્યક્તિની અલગ લાઇફ હોય છે. બાળક નાનું હોય ત્યારે તેની લાઇફ અલગ હોય, યુવાન થાય ત્યારે તેની લાઇફ અલગ હોય, વૃધ્ધ થાય ત્યારે અલગ હોય.

તમારી સાથે અત્યારે પાંચ હજાર પાત્રો અને પાંચ હજાર પ્રવૃત્તિઓ જોડાયેલી છે. તમે નાના હતાં ત્યારે પચાસ પાત્રો અને પચાસ પ્રવૃત્તિઓ હતી. નાના હતાં ત્યારે જુદા રમકડાં હતાં અત્યારે જુદા છે. નાના હતાં ત્યારે રમકડાં પણ જુદા હતાં અને રમત પણ જુદી હતી. હવે રમકડાં પણ જુદા છે અને રમત પણજુદી છે.

એ જ પ્રવૃત્તિઓ અને પ્રવૃત્તિઓના કારણે રાગ, દ્વેષ, ઇર્ષ્યા, અદેખાઇ, છળ, કપટ, મોહ, માયા અને પરિણામે ? ? કર્મબંધ... ! ! પછી એ જ કર્મો ભોગવવાના અને એ ભોગવટામાં ભવભ્રમણ કર્યે રાખવાના ! !

શું આ જ લાઇફ છે ? આમ જ જીવવાનું છે ? આમ જ જીવી રહ્યાં છીએ અને દિવસોના દિવસો, મહિનાઓના મહિનાઓ અને વર્ષોના વર્ષો પસાર થઇ ગયાં પણ કાંઇ જ ખબર ન પડી કેટલાં ગયા અને કેટલાં જશે ? નથી કોઇ ખબર પડી અને નથી હવે કાંઇ ખબર પડવાની ! !

એકવાર વિચાર કરો... એક વાર ભગવાનને પ્રાર્થના કરો, હે ભગવાન ! હું કેટલું દોડીશ ખબર નથી, હું તારા પંથે કેટલો આગળ વધીશ ખબર નથી, મને ખબર છે હું સંસારમાં છું પણ એકવાર મારી આંખ ખોલી દે ! ! એકવાર જો મારી આંખ ખુલી જશે તો મને મારી દિશા મળી જશે, મારે કઇ દિશામાં આગળ વધવું તે ખબર પડી જશે ! !

ખોટ આપણી એ છે કે, આપણે દોડી તો ઘણું રહ્યાં છીએ. પણ આંખો ખુલી ન હોવાના કારણે કંઇ દિશામાં છીએ, કયાં છીએ, શું કરી રહ્યાં છીએ કાંઇ જ ખબર નથી.

જીવન તો જીવી રહ્યાં છીએ, સમયની સાથે દોડી પણ રહ્યાં છીએ પણ આટલું દોડયાં પછી શું ? રોજ રોજ આગળ વધી રહ્યાં છીએ પણ એનો અંત કયાં ?

પછી શું ? પછી કયાં ? પછી કંઇ જગ્યાએ ? પછી કયાં સ્થાન પર ?

આ જન્મ, એની પહેલાંના જન્મો અને હવે પછીનો જન્મ પાછું જન્મવાનું, મોટા થવાનું, જીવવાનું, એ જ રૂટિન, પાત્રો અને પ્રવૃત્તિઓ આ બધાંનો અંત કયાં ? આપણી લાઇફનો અંત થાય છે પણ શું આપણી યાત્રાનો અંત થાય છે ? ના... ! ! !

આ લાઇફમાં પણ શું હોય છે ? સુખ અને સગવડતા હોય છે ત્યાં સુધી બધું સારૂં લાગે છે. જરાક દુ:ખ આવ્યું, જરાક અગવડતા પડી એટલે લાઇફ કેવી લાગવા લાગે. ?

એક નાનકડો બાળક... પાંચ- પંદર રમકડાં લઇને રમતો હોય, પોતાની જાતને કેટલો ખુશ માનતો હોય ? કેટલો સુખી હોય ? એને કેટલો આનંદ હોય કે મારી પાસે આટલાં બધાં રમકડાં છે...!!

એનો આનંદ, એની ખુશી એનું સુખ કેટલાં સમયનું ? થોડી વાર એને આનંદ આવશે. થોડા દિવસો એ રમકડાં ખૂબ જ ગમશે પણ પછી, પછી શું ? એ રમકડાં એને કયાં સુધી કામના ? એ રમકડાંથી એ રમી રમીને કેટલું રમવાનો ? એક દિવસ તો એ છૂટવાના જ છે.

એમ પરિવાર, મિત્રો, સગા, સ્નેહીઓ જેમને રમકડાં સ્વરૂપ માની રમી રહ્યાં છીએ, તે પણ કેટલો સમય ? એ બધાં પણ એક દિવસ છૂટવાના જ છે ને...!! આ રમત પણ પૂરી થઇ જશે પણ એનો અંત કયાં ?

આવા કેટલાંય પ્રવચનો, કેટલાંય બોધ વચનો કેટલીય વાર સાંભળ્યાં હશે પણ સ્પર્શ્યા કેટલાં ? સાંભળ્યું ઘણું પણ સ્પર્શ્યું નહીં. એનું કારણ શું છે ?

લાઇફ શું છે ? પ્રવચન સાંભળી ઘણાં વિચારમાં પડી ગયાં છે તો ઘણાંની આંખોમાં આંસુ આવી ગયાં છે... પણ રડાવવું એ વ્યાખ્યાન નથી, આત્માને જગાડવો એ વ્યાખ્યાન છે, લગભગ પ્રવચનકારો જીવન બદલવાની વાત કરશે, પણ મને તમારૂં જીવન બદલવામાં રસ નથી, મને તમારો જીવ બદલવામાં રસ છે.

જીવન બદલાશે તો બહુ બહુ તો આ જીંદગી સુધી કામ આવશે પણ જીવ બદલાશે તો ભવોભવ કામ આવશે. કેમકે જીવન તો અહીં જ પૂરૂં થઇ જશે પણ જીવ કાયમ છે.

એક દિવસ ઉપવાસ કર્યો, કાંઇ ન ખાધું પણ બીજે દિવસે પારણામાં મસ્ત મસ્ત ખાધું... તો એક દિવસ માટે જીવન બદલાયું કે જીવ બદલાયો ?

જીવન બદલે તે ધર્મ હોય કે જીવ બદલે તે ધર્મ હોય ? જીવ ત્યારે જ બદલાય જ્યારે તમે તમારી અંદર જઇ તમારી જાત માટે વિચાર કરતાં થઇ જાવ.

આજે આ પ્રવચન વાંચ્યાં પછી, ઘરે જઇને દર કલાકે એકવાર આંખ બંધ કરી બે મિનિટ માટે વિચાર કરજો કે, પૂ. ગુરુદેવે જે કહ્યું તે શું છે ? એ શું કહેવા માંગે છે ? મને આમાં કેટલું સ્પર્શે છે ? મારે હવે શું કરવું જોઇએ ? ?

કિલોમીટર કાપે એવા સાધક બનવાનું છે.. ફક્ત ગોળ ગોળ ફર્યા કરવું નથી.

જો આજની વાત હાર્ટ ને ટચ થઇ ગઇ હોય તો કાલથી આ વાત પર વિચાર કરી માઇલ સ્ટોન કાપવાની શરૂઆત કરજો. જેથી ખબર પડે કે કયાં સુધી પહોંચ્યા છીએ અને કયાં પહોંચવાનું છે.

આ ભાવને અંતરમાં ધરી આગળ વધો એ જ મંગલ ભાવના... ! !

# તમે, તમને ઓળખો છો?

એક હોય છે આકૃત્તિ અને એક હોય છે પ્રકૃતિ, આકૃત્તિથી વ્યક્તિની બહારની ઓળખ થાય અને પ્રકૃતિથી એના સ્વભાવની ઓળખ થાય.

જેવી પ્રકૃતિ હોય એવો એનો વ્યવહાર હોય.

ઘણીવાર ઘણાં મા-બાપ પોતાના સંતાનના વ્યવહાર અને વર્તન જોઈને કહેતાં હોય છે, 'એકદમ વાંદરા જેવો છે', વાનરની જેમ કૂદાકૂદ જ કરે છે. એટલે એની પ્રવૃત્તિ જોઈને ઓળખ થઈ કે એ આના જેવો છે, એમ પ્રવૃત્તિ જોઈને વ્યક્તિની ઓળખ થાય કે આ રાગી છે કે ક્રોધી છે, આ લોભી છે અને આ દ્વેષી છે, આ અભિમાની છે અને આ વિનયી છે. પણ આના ઉપરાંત પણ વ્યક્તિની અંદર એવી ઘણી બધી વૃત્તિઓ હોય છે જેને ન આકૃત્તિથી ઓળખાય કે ન પ્રકૃતિથી. ! એને માત્ર સત્ પુરુષ, જ્ઞાની પુરુષ, ગુરુ જ ઓળખી શકે.

એક દિવસ એક ભાઈ ગુરુદેવ પાસે એના મિત્રને લઈને આવ્યાં અને વાતવાતમાં કહ્યું, આ ભાઈએ આટલી આટલી જગ્યાએ આટલાં આટલાં લાખના ડોનેશન આપ્યાં છે. ગુરુદેવે કહ્યું, આ ભાઈ મહાલોભી છે. એ ભાઈ પણ વિચારમાં

પડી ગયા. એમનાથી રહેવાયું નહીં એટલે પૂછી લીધું, ગુરુદેવ ! હું તો આટલું દાન કરૂં છું તો લોભી કેવી રીતે ?

ત્યારે પૂજ્ય ગુરુદેવે સમજાવ્યું, તમારાથી બધું છૂટે છે ? હા, મારાથી બધું છૂટે છે.

ઘણી વ્યક્તિ લાખો રૂપિયાના ડોનેશન આપતી હોય એટલે જોનારાને એમ લાગે કે આ તો ઉદાર છે, દાની છે, પણ આ એની પ્રવૃત્તિ છે, જ્યારે એની વૃત્તિ લોભની હોય છે. બહારમાં લાખો દેનાર ઘરમાં પત્નીને રોટલી ઉપર જરાક વધારે ઘી લગાવતા જોઈને ગુસ્સો કરતાં હોય કે ખબર પડે છે આજકાલ ઘી નો ભાવ શું ચાલે છે ? રોટલીમાં આટલું બધું ઘી લગાવાય ?

સમજવા જેવી વાત છે, વ્યક્તિ કેટલું વાપરી શકે છે તેનું મહત્ત્વ નથી, કેટલું ન વાપરવું એની વૃત્તિ કેવી છે તે મહત્ત્વનું છે અને આ વૃત્તિ જન્મ જન્મની હોય તેથી સંસ્કાર બની ગઈ હોય.

સામાન્ય માનવીને વ્યક્તિની આકૃતિ અને બહુ બહુ તો પ્રકૃતિ દેખાય જ્યારે ગુરુને એની વૃત્તિ, એના સંસ્કાર દેખાય.

એક વ્યક્તિનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો હતો, બધાં એને ક્રોધી સમજતાં હતાં. એક દિવસ એને આજ્ઞા આપી કે આખુ વીક તમારે ઘરમાં ઝાડુ-પોતા કરવાના, આજ્ઞા હતી એટલે કરતાં તો હતાં, પણ ગુસ્સો ડબલ વધી ગયો. કેમકે બીજાની સામે ઝાડુ-પોતા કરવામાં એનો ઈગો હર્ટ થતો હતો અને એ ફીલીંગ્સ ક્રોધ રૂપે બહાર નીકળતી હતો અને એ ઈગોનું કારણ શું હતું ?

ભૂતકાળના જન્મોમાં એ શેઠ અને માલિક હશે એટલે એને બધાંને ઓર્ડર જ કરવાની આદત હતી અને એ વૃત્તિ એના સંસ્કાર બની ગયાં હતાં. એટલે જ અત્યારે કોઈની કોઈ પણ વાત માનવા માટે તૈયાર નથી.

જેને પોતાની જ વાત મનાવવી હોય એ બીજાની સાચી વાતને પણ સ્વીકારી ન શકે.

ગુરુ પાસે આવવું એ દર્શન માટે ન હોવું જોઈએ, એ આત્મદર્શન માટે હોવું જોઈએ. આત્મ દર્શન થાય તો જ અંદરના સંસ્કાર જણાય. જ્યાં સુધી અંદરના સંસ્કાર ન દેખાય ત્યાં સુધી વૃત્તિ ન સુધરે.

માનો કે, તે વ્યક્તિની વાઈફને બીજી છોકરીના વખાણ કે પ્રશંસા સાંભળવા નથી ગમતા, એટલે તે નથી કરતો, એટલાં માત્રથી એનું અન્ય છોકરીઓ પ્રત્યેનું આકર્ષણ ઘટી નથી જતું. વાઈફને નથી ગમતું એટલે વખાણ ન કરવા એ એની પ્રવૃત્તિ પર બ્રેક લાગી ગઈ પણ વૃત્તિ નથી ગઈ. આ તો તમે વાઈફ સાથે લગ્ન ક્ર્યાં છે, એક સંબંધ છે, એ સંબંધ બગડે નહીં, એના પ્રત્યેની જે જવાબદારી છે તેમાં ડીર્સ્ટબ ન થાય એ માટે વર્તન ઉપર બ્રેક મારી દીધી છે. એના મૂળ સુધી જાવ તો ખબર પડે એની પાછળનું કારણ શું છે ?

બહારથી દેખાતાં વૃક્ષ પરથી ફળ ઉતારી લ્યો તો એ ફરી પાછા ઉગી જવાના, ડાળી કાપી નાંખો તો નવી આવી જવાની, પાંદડા તોડી નાંખો તો એ પણ થોડા દિવસમાં નવા ઉગી જવાના, પણ જો એના મૂળને જ ઉખાડી નાંખો તો !!!

તો ન ડાળી આવે, ન પાંદડા આવે, ન ફળ આવે.

એકવાર જો વૃત્તિ જ ગઈ તો પ્રવૃત્તિ ક્યાંથી થવાની ? ? જો એ સંસ્કાર જ નાબૂદ થઈ ગયાં તો એ વર્તન અને વ્યવહારમાં આવી જ ન શકે.

ગુરુનું જીવનમાં મહત્ત્વ શું છે ?

ગુરુ ક્યારેય તમારી આકૃતિને નથી જોતાં, ગુરુ ક્યારેય તમારી પ્રકૃતિને નથી જોતાં. ગુરુ માત્ર તમારી વૃત્તિને, તમારા સંસ્કારને જુએ છે અને પછી એ સંસ્કારને સુધારવા, સંસ્કારનું શુધ્ધિકરણ કરવા તમને જુદી જુદી આજ્ઞા આપે છે.

તે ભાઈના ગુસ્સામાં મૂળ હતું ઈગો અને એ ઈગોને દૂર કરવા આજ્ઞા આપી ઝાડુ-પોતાં કરવાની. ! !

પ્રકૃતિ ત્યારે જ શુધ્ધ થાય જ્યારે સંસ્કાર શુધ્ધ થાય.

પ્રવૃત્તિ ત્યારે જ શુધ્ધ થાય જ્યારે પ્રકૃતિ શુધ્ધ થાય.

બહારથી કદાચ લાગે કે હું સુધરી ગયો છું પણ એ સુધરવું ડાળી અને ફળ-પાંદડા કાપવા જેવું હોય, જે થોડા સમયમાં પાછા આવી જ જાય.

સંસ્કાર રૂપી મૂળ કપાય તો જ સાચો સુધારો કહેવાય.

સમર્પણ એ ક્યારેય સફળતા માટે ન હોય.

સમર્પણ સંસ્કારને શુધ્ધ કરવા માટે હોય.

સમર્પણ ભૂતકાળના ભવોભવની વૃત્તિને સુધારવા માટે હોય.

જેમ જેમ સમર્પણતા વધતી જાય તેમ તેમ શુધ્ધિકરણ વધતું જાય.

જેનામાં આત્મતત્ત્વને જાણવાની, પોતાની સ્વરૂપ દશાને ઓળખવાની જિજ્ઞાસા હોય એ વારંવાર... વારંવાર ગુરુને અરજી કરે કે હું એવું શું કરૂં જેનાથી આત્માનું શુધ્ધિકરણ થાય ? મારે શું કરવું જોઈએ મને એવી આજ્ઞા આપો જેનાથી હું આત્માની દિશામાં આગળ વધુ.

અસામાન્ય વ્યક્તિ મળ્યાં પછી એની પાસેથી સામાન્ય માંગવું એ કેવું કહેવાય ?

જેમની પાસે ગયા પછી ઐરાવત હાથી પ્રાપ્ત કરી શકાય તેમ હોય અને તમે ટેડી બેર માંગીને ઊભા રહો કેવું કહેવાય ?

સત્ પુરુષ, સદ્ગુરુ પાસે આવવાવાળી વ્યક્તિ ત્રણ પ્રકારની હોય છે.

એક હોય છે સંસાર પ્રેમી, જે ગુરુ પાસે આવીને માત્ર ભૌતિક સુખ અને સગવડતાઓની જ આશા અને અપેક્ષા રાખે છે. મને સંસારમાં અનુકૂળતાઓ કેવી રીતે મળે અને મને સફળતા કેવી રીતે મળે એ જ એનું લક્ષ્ય હોય છે.

એક હોય છે આત્મપ્રેમી, જે ગુરુ પાસે આવીને માત્ર આત્મ અને આત્મકલ્યાણની જ વાત કરે છે, મનુષ્યભવ અને સદ્ગુરુનો યોગ આ ભવે મળ્યો છે, પછી ક્યારે મળશે ખબર નથી, માટે મારે મારૂં કલ્યાણ કરી લેવું છે, આત્મ શુધ્ધિ કરવી છે, એ જ એનું લક્ષ્ય હોય છે.

એક હોય છે ગુરુ પ્રેમી, ગુરુ પ્રત્યેનો પ્રેમી આત્મા ! એને બીજી કોઈ ખબર હોતી નથી માત્ર ઋણાનુબંધના કારણે ગુરુ પ્રત્યે અકારણ પ્રેમ હોય છે, એક શ્રધ્ધા હોય છે ગુરુ જે કરશે એ મારા હિત અને શ્રેયનું જ હશે. એક વિશ્વાસ હોય છે કે ગુરુ મને જરૂર એમની સાથે મોક્ષમાં લઈ જશે અને એ માટે જે મારા માટે યોગ્ય હશે એ જ મને કરાવશે.

ગુરુ પાસે આવા ત્રણ પ્રકારના આત્માઓ આવતા હોય છે અને આત્માને ઓળખવા માટે એક હોય આકૃત્તિ, એક હોય છે પ્રકૃતિ અને એક હોય છે સંસ્કાર !

સામાન્ય વ્યક્તિ આકૃત્તિ અને પ્રકૃતિથી ઓળખ કરે, જ્યારે ગુરુ એના સંસ્કારથી એની ઓળખ કરે અને એ સંસ્કાર જે ભવોભવના હોય તેને સુધારવાની પ્રેરણા કરે.

વ્યક્તિ પોતે પણ પોતાને પૂર્ણ રૂપે ઓળખી શક્તા નથી. પોતે દાન કરતો હોય, સંસ્થામાં ડોનેશન આપતા હોય તો એમ માનતા હોય કે હું દાની છું, હું ઉદાર છું, પણ રોટલી ઉપર વધારે ઘી જોઈને આવતો ગુસ્સો એ એનો લોભ છે એ એને ઓળખી શક્તો નથી. એ વૃત્તિને તો ગુરુ જ ઓળખી શકે.

ઘણીવાર એક કલાક પણ ભૂખ્યા રહીં ન શકનાર વ્યક્તિને ગુરુ માસક્ષમણ કરવાની આજ્ઞા અને પ્રેરણા આપે અને તેનાથી સહજતાથી થઈ જાય. કેમ ? કેમકે તેની અંદરમાં ભવોભવથી તપસ્યાના સંસ્કાર પડેલાં હતાં જ... પણ

એને એ સમજી શકતો ન હતો. એને એમ જ હોય કે હું થોડીવાર માટે પણ જો ભૂખ્યો ન રહીં શકું તો ઉપવાસ કેવી રીતે કરી શકું ?

તમે જેટલાં તમને નથી ઓળખતાં એટલાં ગુરુ તમને ઓળખતાં હોય છે.

તમે જેટલાં તમને ન સમજી શકો એનાથી અનેક ગણા વધારે ગુરુ તમને સમજી શકતા હોય છે. માટે જ ગુરુથી ક્યારેય કાંઈ છૂપાવવું નહીં, ગુરુથી કાંઈ છૂપું હોય જ નહીં. કાયમ ખુલ્લાં રહેવું, જે હોય, જેવું હોય કહી દેવાનું, પછી એ ભૂલ હોય કે અંદરમાં કોઈ ભાવ હોય આલોચના કરવી અને સમાધાન માંગવું.

આત્મ કલ્યાણ માટે એક જિજ્ઞાસા હોવી જોઈએ, કંઈક જાણવાની, કંઈક પામવાની તડપ હોવી જોઈએ. બીજી વિનંતિ હોવી જોઈએ, ગુરુદેવ ! મારે કંઈક કરવું છે, મારે આ ભવ સુધારવો છે, ગુરુદેવ ! તમે મારી આકૃત્તિને નહીં જોતાં... મારી આકૃત્તિને જોવાવાળા તો મને સંસારમાં ઘણા મળ્યાં છે. તમે મારી પ્રકૃતિને નિહાળજો અને મારા સંસ્કારને કેમ ધોવા એનો માર્ગ બતાવજો, આ છે અરજી ! !

જેમ જેમ જિજ્ઞાસા અને તડપ વધતાં જાય તેમ તેમ અંદરમાં અકળામણ, વ્યથા અને વેદના વધતાં જાય અને એ જ અકળામણ આંસુ બનીને બહાર આવે.

ગૌતમ મહાવીર પાસે રડવા લાગે અને કહે, હે પ્રભુ ! તમારો મોક્ષ થઈ જશે અને હું અહિંયા જ રહી જઈશ ? તમે મોક્ષમાં અને હું અહીંયા ? ? ના... પ્રભુ ના... હું તમારા વિના એક પળ પણ રહી ન શકું !

આવી ફીલીંગ્સ ક્યારે જાગે ? ?

જ્યારે વ્યક્તિને અંતરથી આત્માનું લક્ષ્ય જાગે !

સંસારના સંબંધો, લાગણીઓ અને વ્યવહારમાં એવા અટવાઈ ગયાં છો કે સત્ય શું છે અને શાશ્વત શું છે એ સમજાતું નથી. એના માટે વિચાર જ આવતો નથી.

પ્રવૃત્તિ બદલવી સહેલી છે, વૃત્તિ બદલવી અઘરી છે.

સંસારમાં ગમે તેટલી સંપત્તિ હોય, નામના હોય, પ્રતિષ્ઠા હોય, બંગલા હોય, પણ જો એક નેગેટીવ વાત આવે તો એ બધું ધૂળ થતાં વાર ન લાગે. એ બધાંની કોઈ કિંમત ન રહે. કેમકે, એ બધું જ પુણ્યના પરપોટા જેવું હોય. ગુડલકની હવા ભરેલી હોય એટલે ફુગ્ગો બહુ મોટો લાગે, પણ બેડલકની એક નાનકડી ટાંચણી વાગી એટલે બધી હવા બહાર નીકળી જાય !

સંસારમાં ગમે તેટલાં સફળ હો પણ જો આત્મલક્ષ ન જાગ્યું તો ! !

સફળતા એ પુણ્ય બાંધવાનું કામ છે, આત્મશુધ્ધિનું નહીં ! આત્મશુધ્ધિ જ ભવિષ્યને સેફ અને સીક્યોર કરવાની પ્રોસેસ છે.

આત્મશુધ્ધિ માટે જરૂરી છે વારંવાર... વારંવાર ગુરુ સમક્ષ આલોચના કરવાની !

ઘણાંને એમ થાય કે એકવાર તો આલોચના કરી પછી ફરી ફરી શા માટે ? ?

તમે રોજ પહેરાંતા કપડાં રોજ ધોવામાં નાંખો છો કે નહીં ? કે પછી વિચાર કરો છો કે, પાછા મેલાં થવાના જ છે તો પછી ધોવાના શા માટે ? એકવાર ધોવરાવી લીધા, વારે વારે શા માટે ધોવરાવાના ? આવે આવો વિચાર ? ના... ! !

જેમ પહેરાંતા કપડાં મેલાં થયા વિના ન રહે, તેમ જીવાતું જીવન દોષ વિનાનું કેવી રીતે હોય શકે ?

એ દોષ તમારી પ્રકૃતિ બની જાય અને એ પ્રકૃતિ તમારા સંસ્કાર બની જાય એ લેવલ સુધી ન જવું હોય તો વારંવાર આલોચના કરો, વારંવાર અરજી કરો, વારંવાર જિજ્ઞાસા જાગૃત કરો.

નામ, પદ, પ્રતિષ્ઠા અને સંપતિ તો તમારા દાદા, પરદાદા એમ સાત-સિત્તેર પેઢી સુધી ઘણાંએ પ્રાપ્ત કરી હતી, પણ એ એમને શું કામ આવ્યાં ? આજે એ બધાં ક્યાં છે ? શું કરે છે ? કાંઈ જ ખબર નથી, તો પછી એ જ ભૂલ શા માટે રીપીટ કરવાની ?

ભૂલ સંસ્કાર ન બની જાય તે માટે સમયે સમયે પોતાના સેલ્ફને ચેક કરવું જોઈએ. તમે ક્યાં ભૂલ કરી છે ? તમે કયા કયા દોષો સેવ્યાં છે ? કયા કાયા વિકારોને પોષ્યા છે ? ચેક કરો... મારી સાથે કેમ આમ બન્યું છે ? ક્યાં સંજોગોમાં આમ બન્યું છે ? શું બન્યું છે મારી સાથે ? શા માટે બન્યું છે ? ચેક કરો... હું કોણ છું ? હું ક્યાંથી આવ્યો છું ? શા માટે છું ? ચેક કરો પોતાને અને આલોચના કરો.

આપણે પોતાને મળવાનું જ ભૂલી ગયાં છીએ, આપણે પોતાને ઓળખવાનું જ ભૂલી ગયાં છીએ, આપણે પોતાની સાથે વાત કરવાનું ભૂલી ગયાં છીએ. આપણે બહારમાં જ દોડીએ છીએ, બહારમાં જ જીવીએ છીએ, બહારના માટે જ બધું કરીએ છીએ. પણ આપણે, આપણા અંદરનાને જ ભૂલી ગયાં છીએ અને એને જાણવું ખૂબ જ જરૂરી છે. પોતા માટે સમય કાઢવો એ બહુ જ જરૂરી છે.

એક તો આપણે કોઈકને પોતાના બનાવવામાં પોતાને ભૂલી ગયાં છીએ અને બીજું કોઈકના બનવામાં પોતાને ભૂલી ગયાં છીએ.

એટલે જ કહ્યું છે, કાયમ માટે આંખ બંધ થાય તે પહેલાં આંખ ખોલતાં આવડી જવું જોઈએ. બીજાને ઘણું મળ્યાં, ઘણીવાર મળ્યાં, એકવાર પોતાને મળી લ્યો, ભવ સાર્થક થઈ જશે.

બીજાના અભિપ્રાયો બહુ જાણ્યાં અને બીજાના અભિપ્રાયોની અસર પણ બહુ થઈ, એકવાર તમે તમને મળી લ્યો અને તમારો તમારી માટેનો ઓપીનીયન શું છે તે જાણી લ્યો. તમે ક્યાં છો તે તમે જાણી શકશો.

પહેલાં ગુરુની પાસે ઓપન થવું જોઈએ અને આલોચના કરવી જોઈએ, પછી ગુરુને વિનંતી કરવી જોઈએ કે આપ મને શુધ્ધ કરો અને પછી અંદરમાંથી સત્યને જાણવાની જિજ્ઞાસા જાગૃત કરવી જોઈએ.

# ન બહુ નજીક, ન બહુ દૂર

પર્વાધિરાજ પર્યુષણ શા માટે ઉજવવાના ? ધર્મ ધ્યાન શા માટે કરવાનું ? તપ-જપ શા માટે કરવાના ?

જવાબ મળશે, મોક્ષની પ્રાપ્તિ માટે ! મોક્ષમાં જવા માટે !! પણ શું કોઈએ મોક્ષ જોયો છે ? મોક્ષમાં શું હોય વધારે કાંઈ ખબર નથી.

ભગવાને આપણને બીજી એક વાત કરી છે. એક મોક્ષ ઉપર છે લોકના અગ્રભાગે અને એક મોક્ષ અહીંયા છે. એક મોક્ષ આજે અહીંયા, હમણાં અને અત્યારે હોય છે, વળી કોઈ બુધ્ધિશાળી પ્રશ્ન કરશે, શું પાંચમા આરામાં મોક્ષ હોય શકે ? ?

ભગવાન કહે છે: **જે ક્ષણે તારા મોહનો ક્ષય થાય છે, તે દરેક ક્ષણ તારા માટે મોક્ષ હોય છે.**

એટલે મોક્ષ જવા માટે નહીં, પણ અનુભવવા માટે હોય છે.

માનો કે ઘરમાં આગ લાગે ત્યારે તમે સૌથી પહેલાં શું બચાવો ? તૂટેલું ફર્નીચર કે તિજોરી ?

માનો કે ત્યારે બે બાળકો ત્યાં બેઠાં છે, એક તમારો અને એક તમારા ડ્રાઈવરનો ? તમે પહેલાં કોને બચાવો ?

માનો કે બળતા ઘરમાંથી બહાર નીકળવા માટે એક જ વ્યક્તિ નીકળી શકે એવી સાંકડી જગ્યા છે અને નીકળવાવાળા તમે અને તમારા પત્ની છો ત્યારે પહેલાં તમે બહાર નીકળશો કે એને બહાર કાઢશો ?

જેને આંખ સામે મોત દેખાય, તેનો મોહ ક્ષય થવા લાગે.

જેનો મોહનો ક્ષય થવા લાગે, તે જ ક્ષણે તેને મોક્ષ અનુભવવા લાગે.

આપણી ખોટ એ છે કે, આપણને ભરોસો છે કે હજુ તો મૃત્યુને વાર છે, હજુ મારી ક્યાં ઉંમર થઈ છે ? પણ ખબર નથી કાલની પહેલાં કાળ પણ આવી શકે છે.

જેટલો મોહ વધારે, એટલો મોક્ષ દૂર ! !

કડકડતી ઠંડીના દિવસો હતાં. એક દિવસ એક ઝૂંપડામાં આગ લાગી. ઝૂંપડાનો માલિક જલ્દી જલ્દી જેટલું બચાવી શકાય તેટલું બચાવવા લાગ્યો જ્યારે એનો નાનકડો દીકરો એના મિત્રોને બોલાવી લાવ્યો, જલ્દી ચાલો મારા પપ્પાએ મોટું તાપણું કર્યું છે, આપણે બધાં એમાં તાપીએ.

બાળક વિચારે છે આ તો મારી મઝાનું કારણ છે જ્યારે પિતા વિચારે છે આ તો મારી સજાનું કારણ છે. આને જ્ઞાન કહેવાય કે અજ્ઞાનતા ?

પર્યુષણ અજ્ઞાનને દૂર કરવા માટે હોય છે. પર્યુષણ સત્યને પ્રગટ કરવા માટે હોય છે. પર્યુષણ આત્માને જાગૃત કરવાની પ્રોસેસ છે, ‘સ્વ’ ને મળવાની પ્રોસેસ છે.

તમે તમારી લાઈફમાં કાંઈ પણ કરો, આનંદ કરો, ખુશી મનાવો પણ એક વાત કાયમ યાદ રાખવાની... આ ભવ મોહનો ક્ષય કરવા માટે છે, મોહને વધારવા માટે નહીં.

મોહને વધારવો ન હોય તો એક જ સૂત્ર યાદ રાખવું...

'કોઈની બહુ નજીક ન જવું અને કોઈને બહુ દૂર ન કરવા.'

કોઈની એટલાં નજીક પણ ન જવું, જેથી એ દૂર થાય ત્યારે આપણે દુ:ખી થઈએ અને કોઈને એટલાં દૂર ન રાખવા કે એ દુ:ખી થઈ જાય.

દરેક વ્યક્તિની લાઈફમાં અમુક વ્યક્તિઓ તો એવી હોય જે ખૂબ જ નજીક હોય, પણ ચેક કરો શું એ કાયમ માટે નજીક રહ્યાં છે ? અને એ જ્યારે દૂર થયાં ત્યારે તમે ખુશ થયાં કે દુ:ખી થયાં ?

મોહનો ક્ષય કરવાનું લક્ષ્ય હોય તો પહેલેથી જ કોઈને નજીક લાવવાની ભૂલ ન કરવી.

જૈન ઉપદેશ ગ્રંથ આગમમાં કીર્તિધર રાજા અને રાણી શ્રીદેવીની વાત આવે છે. જે સમયે રાજા પરમાત્માના સાંનિધ્યમાં આવે છે અને સત્ય સમજાતાં સંયમનો સ્વીકાર કરે છે ત્યારે રાણી શ્રીદેવી જે રાજાની ખૂબ જ નજીક હોય છે તે અત્યંત દુ:ખી થઈ જાય છે, દુ:ખના કારણે તેનામાં આવેગ, આક્રોશ અને ઉદ્વેગ આવે છે. પરિણામે જેટલો તીવ્ર રાગ હતો તેટલો જ તીવ્ર દ્વેષ થાય છે અને મનમાં ને મનમાં સંકલ્પ કરે છે, મારા દીકરાને ક્યારેય એમની નજીક નહીં જવા દઉં.

વર્ષો વીતી ગયાં. દીકરો યુવાન થઈ ગયો. ત્યાં જ એક દિવસ મુનિ બનેલાં કીર્તિધર વિહાર કરતાં કરતાં એ જ નગરમાં આવ્યાં. રાણીએ દૂરથી એમને જોયાં અને ભૂતકાળનો ક્રોધ અને દ્વેષ ફરી જાગૃત થઈ ગયાં. સૌનિકોને હુકમ કર્યો આ મુનિને નગરની બહાર મૂકી આવો એને દેશ નિકાલ કરી ધ્યો. એનો પડછાયો પણ આ નગરમાં પડવો ન જોઈએ.

આ એ જ રાણી છે જે એક સમયે રાજા વિના એક ક્ષણ પણ રહી શકતી

ન હતી. રાજાનું નામ પડે કે રાજાને જુએ અને તેના રોમ રોમ રોમાંચિત થઈ જતાં, તે રાજાને અત્યંત પ્રેમ કરતી હતી.

પ્રેમ જ્યારે અતિ થાય છે, ત્યારે દુ:ખ પણ અતિ થાય છે.

માટે જ કોઈ એટલું નજીક ન હોવું જોઈએ કે જેમના જવાથી દુ:ખી દુ:ખી થઈ જવાય.

પર્યુષણ એ માત્ર સામાયિક, પ્રતિક્રમણ કે ઉપવાસના ઉપદેશ માટે નથી. પર્યુષણ આઠ દિવસની આરાધના માટે નથી, પર્યુષણ તો ત્રણસોને પાંસઠ દિવસની જીવનશૈલીની સમજ માટે છે.

જેનું કોઈ નજીક નહીં, તેનું કોઈ દૂર નહીં.

વખાણ કરવાવાળાને પણ નજીક લાવવા નહીં અને વખોડવાવાળાને પણ બહુ દૂર કરવા નહીં, કેમકે, બંને ટેમ્પરરી સર્ટીફીકેટવાળા છે. જાન્યુઆરીમાં તેના માટે જે અભિપ્રાય હતો, ફેબ્રુઆરીમાં તે બદલાય પણ શકે છે.

આજે તમારા નામની ધજા ફરકાવવાળા આવતી કાલે તમારા નામનો ધજાગરો પણ કરી શકે છે, દરેકના દરેક અભિપ્રાય ક્ષણિક જ હોય છે.

જે રાણી સ્વામીનાથ... સ્વામીનાથ કરતાં થાકતી ન હતી, તે જ રાણી આજે દેશ નિકાલનો હુકમ આપે છે.

વૃધ્ધ દાસી જ્યારે આ સમાચાર સાંભળે છે ત્યારે તેને રડવું આવી જાય છે. તેને રડતી જોઈ શ્રીદેવીનો દીકરો સુકોશલ કારણ પૂછે છે દાસી બધી વાત કરે છે.

સુકોશલને થાય છે, અરે ! મારા પિતાશ્રી મારા નગરમાં ! ! મારે એમના દર્શન કરવા છે, એમને મળવું છે અને એ મારતે ધોડે ત્યાં પહોંચી જાય છે.

શાંત અને સૌમ્ય મુનિને જોઈ દીકરાના હૃદયમાં અત્યંત અહોભાવ જાગે છે.

સંત એ જ કહેવાય, જેમના વોઈસ કરતાં વાઈબ્રેશન્સ્ વધારે અસરકારક હોય, જેમની આકૃત્તિ કરતાં આત્મિયતા વધારે દર્શનીય હોય. જેમના સાંનિધ્યમાં શીતળતા અને શૂન્યતા સર્જવાની ક્ષમતા હોય.

સુકોશલને ત્યાં ને ત્યાં વિચાર આવવા લાગ્યો.

એક તરફ રાજમહેલના સુખો છે અને એક તરફ આ પરમ શાંત સાંનિધ્ય છે. એક તરફ સાધન સામગ્રીનો વૈભવ છે અને એક તરફ આત્મગુણોનો વૈભવ છે.

તે તરતજ નિર્ણય લઈ લે છે અને બે હાથ જોડી વિનયપૂર્વક વંદન કરી કહે છે, ‘હે મુનિરાજ ! જો મારામાં યોગ્યતા હોય તો મારે આપના ચરણ અને શરણમાં રહેવું છે’.

એક જ વારના દર્શન અને હૃદયનું પરિવર્તન ! કહેવાય છે કે, એ ત્યાં ને ત્યાં દીક્ષા લઈ મુનિ સાથે વિહાર કરે છે.

રાણીને સમાચાર મળે છે અને એનો ક્રોધ બેકાબૂ બની જાય છે. પહેલાં પતિ અને હવે પુત્ર ! ! ક્રોધની આગ તો લાગેલી જ હતી. એમાં પેટ્રોલ પૂરાયું એટલે ભડકો થયો. તે ગુસ્સાને સહન ન કરી શકી. આમથી તેમ થતાં થાંભલા સાથે માથું ભટકાણું અને ત્યાં ને ત્યાં મૃત્યુને શરણ થઈ ગઈ.

ક્રોધ અને આવેશમાં વ્યક્તિ ભાન ભૂલી જાય છે. રાણી મૃત્યુ પામીને વાઘણ બની. જંગલમાં મોટી થવા લાગી.

એક દિવસ મુનિ બનેલાં પિતા-પુત્ર વિહાર કરતાં કરતાં એ જ જંગલમાંથી પસાર થાય છે. દૂરથી વાઘણ બનેલી રાણી બંનેને જુએ છે.

હવે શું થશે ?

તમને એમ હોય કે આ વ્યક્તિ તમને પહેલી વાર મળી છે, આ સંત... આ ગુરુ પહેલીવાર મળ્યાં છે, છતાં આટલી આત્મિયતા આટલો સ્નેહ... ! ! ના... આ

પહેલીવાર નથી મળ્યાં. જેમની સાથે ભવોભવનો સંગાથ હોય તેમના માટે જ આત્મિય ભાવ હોય. મળવા પાછળ કંઈક હેતુ હોય. જનમ જનમનું કનેક્શન હોય.

આવું જ ભવોભવનું કનેક્શન હતું બંને મુનિનું વાઘણ સાથે ! !

કનેક્શન ભક્તિનું હોય, પ્રેમનું હોય અથવા આક્રોશ અને નફરતનું હોય.

વાઘણે જેવા બંને મુનિને જોયાં એની અંદરનો આક્રોશ બહાર આવ્યો. ભૂતકાળની ફાઈલ્સ ખુલવા લાગી અને એણે સીધી તરાપ મારી કીર્તિધર મુનિ ઉપર અને એને ખાઈ ગઈ. સુકોશલ મુનિ શાંત ભાવે નમસ્કાર મંત્રનુ સ્મરણ કરી રહ્યાં છે, કેમકે એમને સમજાય ગયું હવે કોઈ રસ્તો જ નથી. ત્યાં તો વાઘણે તેના ઉપર તરાપ મારી તેનું ખૂન પીવા લાગી.

કર્મનું ગણિત પણ કેવું છે ! !

જે બાળકને દૂધ પાયું હતું, આ જ તેનું જ ખૂન પીવા તૈયાર થઈ ગઈ.

તમે જ્યારે રાગમાં બંધાવ છો ત્યારે ઓટૉમેટિક દ્વેષમાં બંધાય જાવ છો.

જગતનો એક પણ સંબંધ એવો નથી જે રાગમાંથી દ્વેષમાં પરિણમતો ન હોય. સંબંધ માત્ર પહેલાં રાગ જન્માવે છે અને અંતે એ જ સંબંધ દ્વેષમાં પરિણમે છે.

માટે જ, ન કોઈને નજીક લાવવા કે ન કોઈને દૂર કરવા, જેના કારણે દુ:ખી થવું પડે.

તમારૂં દુ:ખ તમારા સ્વાસ્થ્ય માટે નુકશાનકારક બને છે.

પર્વાધિરાજ પર્યુષણ આ જ સંદેશ આપે છે. તીર્થંકર પરમાત્માએ અહિંસાના પર્યુષણ કરતાં પણ ક્ષમાના પર્યુષણનું મહત્ત્વ વધારે બતાવ્યું છે. કેમકે, જેનામાં ક્ષમા નથી, પ્રેમ નથી, મૈત્રી નથી, જેની અંદરમાં દયા, કરૂણા અને અનુકંપાના ભાવો નથી તે જીવતા હોવા છતાં તેનામાં જીવંતતા નથી, તે જીવતી લાશ સમાન છે.

જેનામાં દ્વેષ પડેલો છે તે પણ જીવતી લાશ સમાન છે. દ્વેષનું કારણ મોહ છે.

મોહનો ક્ષય થઈ જાય તેનું નામ મોક્ષ છે અને મોહનો ક્ષય કરવાની માસ્ટર કી છે.

**ન કોઈ મારી નજીક, ન કોઈ મારાથી દૂર !!**

બધાં મારી નજીક છતાં હું કોઈની નજીક નહીં, એનું નામ સાધક દશા !

ક્યાંય કોઈની સાથે એટેચમેન્ટ નહીં.

મુત્તિનો મિનીંગ જ છે એટેચમેન્ટ લેસ અવસ્થા. રહેવું બધાં સાથે પણ ભળવું કોઈનામાં નહીં.

પર્યુષણ પર્વનો આ જ મેસેજ છે, સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબિલ, માળા જાપ એ બધું કરો એ શ્રેષ્ઠ છે પણ જો એ કાંઈ ન કરી શકો તો એક જ વસ્તુ કરવાની, અલિપ્ત રહેવાનું !!

સંસારમાં રહીને પણ સાધુત્વની અનુભૂતિ માટે એક જ નિયમ છે અલિપ્ત ભાવ !

કાદવની વચ્ચે કમળની જેમ રહેવું એ છે શ્રાવક અવસ્થામાં સાધુત્વની જીવન શૈલી !

કોઈને નજીક લાવવામાં અને કોઈને દૂર કરવામાં જ ભવોભવથી કર્મો બાંધીએ છીએ એટલે જ મુક્તિ મળતી નથી.

માનવ મનની માનસિક્તાના કારણે વ્યક્તિને વધુ ને વધુ વિચારો સંયોગોના જ આવતા હોય છે. માટે જ ભગવાન કહે છે, સંયોગોથી જે મુક્ત થાય છે તે મોક્ષને પામે છે.

સંયોગો ત્રણ પ્રકારના હોય છે : શરીર, સંબંધ અને સાધના.

શરીર છૂટી શકે તેમ નથી માટે તેને સાચવો, પણ પંપાળો નહીં અને સંબંધો અને સાધનોને ધીમે ધીમે છોડતા જાવ.

ભગવાન મહાવીરનો એક જ ઉપદેશ છે :

તમે સંસારનો ત્યાગ કરો અથવા તમારામાંથી સંસારનો ત્યાગ કરો.

સંસાર છોડવો એ ભગવાન મહાવીરનો રસ્તો છે અને તમારામાંથી સંસાર છૂટવો એ મહાવીરનો બતાવેલો રસ્તો છે.

ભગવાન મહાવીરના રસ્તે કદાચ બધાં ન જઈ શકે પણ ભગવાન મહાવીરે બતાવેલાં રસ્તે તો બધાં જ જઈ શકે ને ! ! અને એ જ જૈન હોવાની સાર્થક્તા છે.

મોક્ષમાં એ જ ગયાં છે, જેમણે સંસાર છોડયો છે અથવા જેમનામાંથી સંસાર છૂટયો છે.

નાવ પાણીની બહાર હોવી જોઈએ અથવા નાવમાંથી પાણી બહાર હોવું જોઈએ.

મુત્તિ એટલે આસક્તિથી મુક્તિ !

જેની આસક્તિ છૂટે છે તે જ વ્યક્તિ પરમાત્માના માર્ગ પર આગળ વધી શકે છે. કાયાથી ધર્મ કરવો કે વેશનું પરિવર્તન કરવું સહેલું છે પણ અંદરમાંથી રાગને ઘટાડવો, દ્વેષને ઘટાડવો, અભિપ્રાયોથી મુક્ત થવું એ ખૂબ જ અઘરૂં છે અને એ જ સાચો ધર્મ છે.

પણ આપણી ખોટ છે.

આપણે સાચા છીએ, એવું સર્ટીફીકેટ ભગવાને આપણને આપ્યું નથી અને છતાંય આપણે બીજા ખોટાં છે એવું સર્ટીફીકેટ આપ્યાં વિના રહેતાં નથી.

આપણે એક જ કામ કરવાનું છે.

કોઈ સાથે વધારે કનેક્શન રાખવું નથી. જ્યાં કનેક્શન જ ન હોય ત્યાં રીએક્શન ક્યાંથી હોય ! ! રાગ જ નહીં તો દ્વેષ ક્યાંથી આવે ! ! રાગ છૂટે એટલે મોક્ષના દ્વાર ખૂલે ! !

# જીવનશાળાના શિક્ષકો - વડીલો

અનાથાશ્રમ એ કૃતઘ્નનો મેળો કહેવાય છે.

કૃતઘ્ન એટલે શું ?

જે ઉપકારીઓના ઉપકારને માનતા ન હોય, એને અનુભવતા ન હોય અને ઉપકારનું વેદન ન કરતાં હોય તેમને કૃતઘ્ન કહેવાય.

જેમને જ્યારે માતા-પિતા મળ્યાં હોય ત્યારે તેમનો વિનય ન કર્યો હોય, એમનું સન્માન ન કર્યું હોય, એમની સાથે દુ:વ્યવહાર કર્યો હોય, સામા જવાબ આપ્યા હોય અને સંભાળ ન રાખી હોય તેમને આ ભવે જન્મતાંની સાથે જ અનાથાશ્રમમાં જવું પડે છે અને તેવી વ્યક્તિ કૃતઘ્ન કહેવાય છે.

માનવ ભવ મળ્યો, સારૂં કૂળ મળ્યું, પાંચે ઈન્દ્રિયો મળી, શરીર સ્વસ્થ મળ્યું, બધું જ મળ્યું પણ માતા-પિતાનો પ્રેમ અને છત્રછાયા ન મળી અને અનાથાશ્રમમાં જ મોટા થવું પડયું.

ભગવાન કહે છે ,જે માતા-પિતા અને વડીલોના ઉપકારનો સ્વીકાર નથી કરતાં તે અનાથાશ્રમમાં મોટા થાય છે. ઘણીવાર એવું બને છે કે, વ્યક્તિની

ઉપસ્થિતિ હોય, વ્યક્તિ હાજર હોય ત્યારે તેની કદર ન થાય, તેનું મૂલ્ય ન સમજાય, પણ જ્યારે એ ન હોય ત્યારે તેમના ગુણો યાદ આવે.

વ્યક્તિ હોય ત્યારે તેને સમજીએ નહીં અને ન હોય ત્યારે તેના ગુણોને યાદ કરીએ તેને પોતાનો અવગુણ કહેવાય.

જેમ શાળામાં જે શિક્ષણ આપે તેને શિક્ષક કહેવાય તેમ જે જીવનની શાળામાં શિક્ષણ આપે તેને ‘વડીલો’ કહેવાય. અર્થાત્ વડીલો આપણી જીવનશાળાના શ્રેષ્ઠ શિક્ષક છે અને એમનો જ્યારે આદર કરવામાં આવે છે, એમના ઉપકારનો અનુભવ કરવામાં આવે છે ત્યારે તેઓ આપણા જીવન ઘડતરના ‘ગુરુ’ બની જાય છે, આદર્શ બની જાય છે.

પણ... આજનો યુગ કેવો છે ? વ્યક્તિ ચાહે નાની હોય કે મોટી... **તેને સાથે બધાં ગમે છે પણ માથે કોઈ ગમતું નથી.**

જે વડીલો પણ સંતાનોની સાથે રહીને, સંતાનોને પંપાળે છે તે સંતાનોને બગાડે છે. વડીલોએ તો પોતાના અનુભવનું અમૃતપાન કરાવી નાનાઓને શ્રેષ્ઠ બનાવવા જોઈએ, પોતાનાથી થયેલી ભૂલો, એ લોકો ન કરે તે માટે સમજપૂર્વક સાવધાન કરવા જોઈએ.

જે સંતાનો વડીલોને માથે રાખે છે, એમની આજ્ઞા અને આમન્યાનું પાલન કરે છે, તે દરેક ક્ષેત્રમાં સફળ થાય છે. જ્યારે તેમનાથી કંઈક ભૂલ થાય છે, ખોટું થાય છે ત્યારે તરતજ વડીલોની સલાહ અને સૂચના યાદ આવી જાય છે, વડીલોએ કહેલી અનુભવની વાત યાદ આવી જાય છે અને ભૂલ કરતાં અટકી જાય છે, ભટકતાં અટકી જાય છે.

માટે જ, વડીલો - જીવનશાળાના શિક્ષક કહેવાય છે. વડીલો જ્યારે રોકતાં હોય, કાંઈ કહેતા હોય ત્યારે તેને તેમનો ઉપકાર માની જો એમને એક સ્વીટ સ્મિત આપીએ તો ક્યારેય અનાથાશ્રમમાં જવાનો વારો ન આવે અને એ સમયે જો

ચહેરાનું સ્માઈલ જતું રહે તો સમજી લેવાનું અનાથાશ્રમનું બુકીંગ થઈ ગયું.

જેને માથે વડીલ ગમતાં નથી, તેના માથે વડીલ રહેતાં નથી. માથે વડીલ ન રહે એવી સ્થિતિને અનાથાશ્રમ કહેવાય છે.

જે ઘરમાં બે વ્યક્તિ માતા-પિતાનું સાંભળતા નથી તેને ભવિષ્યમાં અનાથાશ્રમમાં અનેક વ્યક્તિઓનું સાંભળવું પડે છે.

જેના કોઈ માલિક ન હોય તેના બધાં માલિક થાય છે.

જે ગાય ખીલ્લે બંધાયેલી હોય, તેને તેનો માલિક, ભરવાડ કદાચ ક્યારેક એકાદ સોટી મારતો હોય પણ સાથે એટલો જ પ્રેમ પણ કરતો હોય અને પ્રેમથી રાખતો પણ હોય. જ્યારે માલિક વિનાની ગાય રસ્તે રખડતી હોય અને જતાં આવતાં અનેક લોકોનો માર ખાતી હોય. પ્રેમ તો એને કોણ આપે અને રાખે પણ કોણ ?

વડીલો હંમેશાં એમના અનુભવના અમૃતનું મંથન કરાવતા હોય છે અને એ જે કહેતાં હોય એમાં કાંઈક સંકેત પણ હોય. પણ ખોટ એ છે કે, એ સમયે એમના વચન કડવા લાગતા હોય છે, જે સમય જતાં અમૃત જેવા લાગવા લાગે છે. કેમકે, સમયે શીખવાડી દીધું હોય છે.

આજે ઘર-ઘરમાં સંઘર્ષ અને સમસ્યાનું કારણ એ જ છે કે હોઠ વધારે વપરાય છે અને કાન ઓછા ! !

સાંભળવું કોઈને ગમતું નથી અને બોલ્યા વિના કોઈ રહી શકતું નથી.

વડીલોની જીવનશાળામાં સુધરેલી વ્યક્તિનું જીવન અને જીવન શૈલી જ અલગ હોય. હજારોની ભીડ વચ્ચે પણ તેના ચહેરાની ઓળખ અને વિનય કહી જ દે કે, આના જીવન ઉપર કોઈ વડીલ તરીકેના શિક્ષક રહ્યાં છે.

જે વડીલોની છત્રછાયા નીચે નથી હોતા, એવા અનેક અવિનયી થઈ જતાં હોય છે અને એમનો અવિનય જ એમની વિપત્તિનું કારણ બને છે.

વડીલો માત્ર ભણાવતાં જ નથી, ગણાવે પણ છે. એ ભણતરની સાથે ગણતર આપી ચારિત્રનું ચણતર પણ કરે છે.

જેમને સમયે કહેતાં આવડે તે 'વડીલો' હોય છે, કેમકે એમણે સમય પરથી શીખેલું હોય છે. વડીલ એ જ કહેવાય, જે નાના બોલતાં હોય ત્યારે મૌન રહે અને સમય આવે ત્યારે તે જ વાતને પ્રેમથી સમજાવી દે.

સમયે મૌન રહી, સમય જાય પછી જે સમજાવે છે, સામેવાળાને તે સહજભાવે સ્વીકાર્ય થઈ જાય છે.

ઘણાંને વડીલોનો ડર લાગતો હોય છે, પણ ડર વડીલોનો નહીં, પોતાની અયોગ્યતાનો હોવો જોઈએ. પોતાની અયોગ્યતા પોતાના માટે અયોગ્ય છે, એવું જે માને છે તે જ પોતાને સુધારી શકે છે, અને જે સુધરી જાય છે તે જ સફળ થાય છે.

હા, ક્યારેક વ્યક્તિ પુણ્યના બળે સફળ થઈ જાય છે, પણ પોતાના જીવનથી ક્યારેય સફળ ન થઈ શકે. જીવનથી સફળ થવું એ સફળતા છે, પુણ્યના યોગે સફળ થવું એ સફળતા ન કહેવાય કેમકે, જેવા પુણ્ય પૂરા થાય એટલે વ્યક્તિ નિષ્ફળ થઈ જાય !!

જે સુધરેલી વ્યક્તિ હોય તે પાપનો ઉદય હોય કે પુણ્યનો ઉદય તે સફળ થયા વિના રહે જ નહીં. વડીલોની શાળામાં ભણેલા વિદ્યાર્થીના વાકયો અને વચનો બંને અલગ હોય છે. એનો વિનય અને વ્યવહાર અલગ હોય છે.

વડીલોને જે પોતાની જીવનશાળાના શિક્ષક માને છે, એમનું સન્માન કરે છે, એમની સંભાળ રાખે છે અને એમના ઉપકારને... ઉપકાર માની સ્વીકાર કરે છે તેમને 'કૃતજ્ઞ' કહેવાય છે.

કૃતઘ્નને અનાથાશ્રમ મળે છે. કૃતજ્ઞને વડીલોની પ્રેમાળ અને હૂંફભરી છત્રછાયા મળે છે.

# ॥ सव्वे भावा अनियया ॥

જ્યારે કોઈ બાળક જન્મે છે ત્યારે શું એના ચહેરા પર લખાયને આવ્યું હોય કે એ ભવિષ્યમાં મહાપુરુષ બનશે ? શું એના હાથની રેખામાં અંક્તિ થયેલું હોય કે એ દીક્ષા લઈ લાખોના ઉધ્ધારક બનશે ? શું જન્મની સાથે જ એનું ભાવિ નિશ્ચિત લઈને આવ્યો હોય ?

ઘણાં માનતા હોય છે કે બધું જ નક્કી હોય છે, પણ... ના !

ભગવાન કહે છે,

**॥ सव्वे भावा अनियया ॥**

બધાં જ ભાવો અનિશ્ચિત હોય છે. સંયોગો નિશ્ચિત હોય છે પણ સંયોગોમાં થતાં ભાવો અનિશ્ચિત હોય છે.

એટલે કે તમને જે વસ્તુઓ કે વ્યક્તિઓ મળવાની છે તે નિશ્ચિત હોય છે પણ, એ વસ્તુઓ અને વ્યક્તિઓ પ્રત્યેની તમારી ફીલીંગ્સ, તમારા ભાવો કેવા જાગશે એ તમારા ઉપર હોય છે.

તમને કેવું ફેમિલી મળશે એ ગયાં ભવમાં જ ફીક્સ થઈ જાય છે પણ એ ફેમિલીમાં તમારી ફીલીંગ્સ કેવી હશે એ વર્તમાનના તમારા ભાવો આધારિત હોય છે.

નિમિત્ત મળવા નિશ્ચિત હોય છે પણ નિમિત્તમાં કેવા પ્રકારના ભાવ થવા, કેવી ભાવનાઓ પ્રગટ થવી એ અનિશ્ચિત હોય છે.

ભાવો અનિશ્ચિત છે, ભવિતવ્યતા નિશ્ચિત છે.

પરિવાર, માતા-પિતા, ભાઈ-બહેનના સંયોગો મળવા નિશ્ચિત હોય છે પણ એ પરિવારમાં એક બીજા પ્રત્યે જાગતા ભાવો અનિશ્ચિત હોય છે. એક જ પરિવારમાં... એક જ માતા-પિતાના બે કે ચાર સંતાનો હોય તો એમાંથી એકને જ સંયમના માર્ગે આવવાના ભાવ થાય, એકને જ દીક્ષા લેવાનું મન થાય, બીજા કોઈને ન પણ થાય.

પરિવાર મળે છે ભૂતકાળના કર્મોના આધારે અને જેવા જેના કર્મો હોય છે એના આધારે એના સંયોગો હોય છે. સંયોગ માત્ર કર્મનું કારણ હોય છે.

જૈન પરિવારમાં જન્મ થવો એ તો ગયા ભવમાં જ નક્કી થઈ ગયું હતું અને ભૂતકાળના એ કર્મોના આધારે જૈન પરિવારમાં જન્મ પણ થાય છે પણ જૈન બનવું, જૈનત્ત્વને અનુભવવું એ આ ભવના ભાવો ઉપર આધાર રાખે છે.

તમારી ગતિ, જાતિ, સ્થિતિ, સંયોગ, અવગાહના અને તમારી અંદરમાં જાગતી બધી જ સ્થિતિઓ તમારા કર્મોના કારણે જ હોય છે.

માનો કે, તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ જેવી વ્યક્તિઓ જ્યારે જન્મ્યાં હશે ત્યારે નક્કી હશે કે તેઓ આટલા વિખ્યાત, પ્રસિધ્ધ, સન્માનીય અને હજારો-લાખોના હૃદયમાં સ્થાન મેળવનારા બનશે ?

એ જ્યારે બાળક હશે ત્યારે એમની કોઈ ઓળખ હશે ખરી ?

સમજવાનું એ છે,

અજ્ઞાની જેને બાળક માને છે, જ્ઞાની એને ભગવાન માને છે.

આપણી દૃષ્ટિ જ્ઞાનીની છે કે અજ્ઞાનીની એ આપણે સામેવાળી વસ્તુ કે વ્યક્તિને કઈ રીતે મૂલવીએ છીએ એના ઉપરથી નક્કી થાય છે.

માનો કે, કોઈ વ્યક્તિ ઉગ્ર તપશ્ચર્યા કરે છે, ઉત્કૃષ્ટ સાધના કરે છે કે પછી સંયમના માર્ગે આવે છે, તો તે બધું તેના આ ભવનું જ કારણ હોય કે ભૂતકાળના અનેક ભવોની ફળશ્રુતિ હોય ? આજે આપણે જોઈએ છીએ, કેટલાંક્ને જ્ઞાન પ્રત્યે રૂચિ હોય તો કેટલાંક્ને તપ પ્રત્યે રૂચિ હોય, કેટલાંક્ને ધ્યાન સાધના પ્રિય હોય તો કેટલાંક્ને સ્વાધ્યાયમાં આનંદ આવતો હોય !

રૂચિ આપણી સાથે જોડાય છે જન્મો જન્મની પ્રવૃત્તિના કારણે !!

જન્મો જન્મની વણાઈ ગયેલી પ્રકૃતિ આ ભવે એક નાનકડું નિમિત્ત મળતાં જ પ્રગટ થઈ જતી હોય છે, આપણી અંદરમાં ૯૦૦ જન્મોની મેમરીઝ પડી હોય છે. જેવા પ્રકારની મેમરીઝ હોય તેવા પ્રકારની રૂચિ ઓટૉમેટિક પ્રગટ થઈ જતી હોય છે. એટલે ભૂતકાળના સંસ્કારો આપણા વર્તમાનને અસર કરતાં હોય છે પરંતુ એ સમયે એ પ્રકારના ભાવ પ્રગટ કરવા કે ન કરવા, એ પ્રકારના ભાવો લાવવા કે ન લાવવા એ સ્વયં વ્યક્તિ પર આધારિત હોય છે.

ભૂતકાળના સંસ્કારના કારણે સંયમના સંયોગો મળી જાય પણ એ સમયે સંયમના ભાવ થાય તો જ સંયમના માર્ગે આવવાનું મન થાય.

આખા પરિવારમાંથી એક જ વ્યક્તિને દીક્ષા લેવાના ભાવ થાય અને બીજા બધાંને ન થાય, જ્યારે પરિવાર, નિમિત્ત અને સંયોગો બધાંને એક સરખાં જ મળ્યાં હોય છે.

ભગવાન કહે છે, એનું કારણ છે પૂર્વ ભવના સંસ્કાર અને આ ભવના ભાવોની જાગૃતિ !! નિમિત્ત મળતાં જ એણે એના ભાવોને ઉત્કૃષ્ટ કર્યા, દઢ કર્યા,

પ્રબળ ક્ર્યાં અને ભાવોની દૃઢતાએ ભવિતવ્યતા સર્જી દીધી. અર્થાત્, સંયોગો નિશ્ચિત છે, ભાવો સ્વયં આધારિત છે.

એક જ પરિવારના બે નાના બાળકોને મિઠાઈ કે ચોકલેટ આપો છો તો એક ખાઈ જાય છે જ્યારે બીજો બાજુમાં ઊભેલી નાની ગરીબ બાળકીને આપે છે, શા માટે ?

મિઠાઈ કે ચોકલેટ મળવી એના કર્મોનું કારણ હતું, એના ગુડલકનો ઉદય હતો એટલે એ નક્કી હતું પણ એ સંયોગોમાં એને ખાવું કે આપવું એ નક્કી ન હતું. એ સમય ખાવાનો ભાવ કરવો કે આપવાનો એ પોતાના પર હતું.

ભગવાન કહે છે, ભાવ દરેક ક્ષણે પ્રગટે છે, તમે જેવો પ્રગટાવો છો તેવો પ્રગટે છે. એટલે નિમિત્તો નક્કી હોય છે પણ નિમિત્તોમાં ભાવ અનિશ્ચિત હોય છે, નિમિત્ત વખતે શું ભાવ નક્કી કરવા એ અનિશ્ચિત હોય છે.

સંયોગો ઉચ્ચ નથી હોતા, સંયોગો સમયે ઉચ્ચ પ્રકારના ભાવો પ્રગટ કરવાના હોય છે.

એક જ ગુરુ અનેક ભાવિકોને મળે છે, પણ જે પોતાના ભાવોને ઉત્કૃષ્ટ બનાવે છે તે જ ગુરુના પગલે પગલે ચાલી શકે છે.

ભાવ જાગે છે સંસ્કારોના કારણે અને નિમિત્તો મળે છે કર્મોના કારણે !

જન્મો જન્મ આપણે બે જ વસ્તુઓ સાથે લઈને જઈએ છીએ એક છે કર્મ અને એક છે સંસ્કાર ! !

સંસ્કાર એટલે મેમરીઝ !

સંયમના માર્ગે આવવું એ કર્મનો ઉદય છે કે અંતરના ભાવ ? ? એ ભાવ છે.

સંયોગો મળવા એ કર્મોને આધિન છે પરંતુ એ સંયોગો વખતે શું ભાવ કરવા એ સ્વાધિન છે.

નિમિત્તોમાં જીવ પરાધિન હોય છે અને ભાવોમાં જીવ સ્વાધિન હોય છે.

તમારે કેવા ભાવ કરવા એ તમારી સ્વાધિનતા છે, એટલે જો ભાવોમાં સ્વાધિનતા છે એનો અર્થ એ જ કે મોક્ષમાં સ્વાધિનતા છે.

કોઈ પણ આત્માનો મોક્ષ ક્યારે થાય ?

જ્યારે ભાવો શુધ્ધ થાય ત્યારે !

ભાવોની શુધ્ધિ કર્મોના હાથમાં નહીં, આપણા સ્વયંના હાથમાં છે.

સંસારનો સંયોગ પરાધિન હોય શકે પણ મોક્ષ તો સ્વાધિન જ છે.

અશુભ નિમિત્તોની વચ્ચે પણ શુભ ભાવ કરવા એ 'સ્વ' ને, સ્વયંને આધિન છે.

અશુભ નિમિત્તોની વચ્ચે પણ જે આત્મા શુભ ભાવના પ્રગટ કરે છે એ આત્મા જ પોતાના આત્માને સિધ્ધાત્મા બનાવી શકે છે.

સંસારના નિમિત્ત વચ્ચે પણ સંયમની શુભ ભાવના જ્યારે સંભાવના બને છે ત્યારે મોક્ષ નજીક થઈ જાય છે.

સંયોગો ભલે કર્મો પ્રમાણે નિશ્ચિત હોય પણ શુભ ભાવો દ્વારા ભાવિને ભવ્ય બનાવવું એ 'સ્વ' પર આધારિત છે.

# સ્વનિંદા

જ્યાં ક્રિયા હોય ત્યાં કર્મ હોય જ. ! જ્યાં કોઈ પણ જાતની પ્રવૃત્તિ ન હોય ત્યાં ક્યારેય કર્મ ન હોય. પૃથ્વીનો એક પણ જીવ પ્રવૃત્તિ વિનાનો ન હોય. એકેન્દ્રિય જીવ, એક વૃક્ષ પણ પ્રવૃત્તિમય હોય. કેમકે, એ પણ પોતાનો ખોરાક બનાવે છે, પાણી ગ્રહણ કરે છે. સાવ નાનકડી જીવાત પણ સ્થિર ન હોય, એ પણ આમથી તેમ આંટા મારતી હોય.

જ્યાં સુધી એક્શન છે, ત્યાં સુધી રીએક્શન છે.

કર્મ બે પ્રકારના હોય છે, એક હોય છે નિધ્ધત અને એક હોય છે નિકાચિત.

નિધ્ધત કર્મને સેવા અને સાધના દ્વારા હળવા કરી શકાય અને પ્રાયશ્ચિત અને પસ્તાવા દ્વારા ખપાવી પણ શકાય, જ્યારે નિકાચિત કર્મો તો ભોગવવા જ પડે... પછી એ ચક્રવર્તી રાજા હોય, સામાન્ય માનવી હોય કે સ્વયં શ્રમણ ભગવાન મહાવીર હોય !

નિકાચિત કર્મો એટલે જેમાં બંધ વખતે રસ ભળે, ભાવ ભળે. જે ક્રિયા સાથે એકમેક થઈ જાવ, તે કર્મો નિકાચિત બની જાય.

માનો કે, તમે ક્યાંય બહાર જવા તૈયાર થાવ છો, તમે કબાટ ખોલી કોઈ પણ એક શર્ટ પહેરી લીધું અને બહાર ગયા. આ ક્રિયામાં માત્ર એકશન થઈ એટલે જે કર્મ બંધાય તે એકદમ હળવા હોય. પણ તમે કબાટ સામે ઊભા રહી વિચારવા લાગ્યાં, કયુ શર્ટ પહેરૂં, આ પ્રસંગે આ પહેરૂં કે પેલું ? આ તો ઘણીવાર પહેર્યું છે, બધાં એ જોઈ છે, પેલું જ પહેરૂં, એ હજુ નવું છે, લેટેસ્ટ ડીઝાઈનનું છે, એનો કલર પણ મારી ઉપર સરસ લાગશે.

એટલે ક્રિયા સાથે તમારા ભાવ, તમારો રસ, શર્ટ પ્રત્યેની આસક્તિ બધું જ ભળ્યું, એ સમયે નિકાચિત કર્મ બંધાય.

વ્યક્તિ સંસારમાં છે ત્યાં સુધી ક્રિયા તો રહેવાની જ અને ક્રિયા થશે એટલે કર્મ પણ બંધાશે અને કર્મ બંધાશે એટલે ભોગવવા પણ પડશે.

ભગવાન કહે છે, સંસારની પ્રવૃત્તિ વચ્ચે પણ પાપથી બચવાનો ઉપાય છે આલોચના, નિંદા અને ગર્હા.

પહેલાં પાપનું અવલોકન કરો, પછી અંદરમાંથી ફીલ કરો. હું જે કરૂં છું એ પાપ છે, હું શાક સુધારૂં છું એ પાપ છે, ભલે અત્યારે મારે સુધારવું પડે છે, પણ એ છે તો પાપ જ !

પોતાની જ ક્રિયાની પોતા દ્વારા થતી નિંદા એટલે સ્વનિંદા અને સ્વનિંદા એટલે પોતાના પાપ પ્રત્યેનો અણગમો.

સ્વનિંદા એક આંતરિક જાગૃતિ અપાવે છે, એક મનોમંથન કરાવે છે, મારાથી આવું પાપ કેમ થાય છે ? મારે આવી હિંસા કેમ કરવી પડે છે ? હે ભગવાન ! ક્યારે એવો અપૂર્વ અવસર આવશે અને ક્યારે હું આવી પાપ પ્રવૃત્તિથી, આવી સાંસારિક ક્રિયાઓથી મુક્ત થઈશ ? ક્યારે હું નિષ્પાપ જીવન જીવીશ ?

'હું આ ખોટું કરૂં છું', એ ભાવ પણ નિકાચિત કર્મ બંધમાંથી બચાવી શકે છે.

આલોચના, નિંદા અને ગર્હા આ ત્રણ પ્રક્રિયાને કારણે નિકાચિત કર્મબંધથી બચી શકાય છે અને નિધ્ધત કર્મો તો ભાવથી કરેલી સામાયિક, આયંબિલ કે, ઉપવાસ અથવા માળા-જાપ દ્વારા પણ ક્ષય થઈ જાય.

કર્મ બંધ વખતે નિધ્ધત બાંધવા કે નિકાચિત એ વ્યક્તિના પોતાના ભાવ આધારિત હોય છે.

પ્રવૃત્તિની સાથે જ આલોચના, પ્રવૃત્તિની સાથે જ નિંદા અને પ્રવૃત્તિની સાથે જ ગર્હા. એક તરક પાપની પ્રોસેસ અને બીજી તરફ એ જ પાપને ધોવાની પ્રોસેસ ! અને સાથે નાનકડી સાધના, આયંબિલ કે જાપ... એટલે ભોગવ્યા વિના જ કર્મોનો ક્ષય ! !

આલોચના, નિંદા અને ગર્હા એવી પ્રોસેસ છે જેમાં સંસારના કાર્યો કરવા છતાં ભોગવવા ન પડે.

એક નાનકડું ભાવથી બોલાયેલું વાક્ય... હે ભગવાન ! ક્યારે એવો અપૂર્વ અવસર આવશે અને ક્યારે હું નિર્દોષ જીવન જીવીશ ! અનંતા કર્મોનો ક્ષય કરવા સક્ષમ છે.

જેને ભૂલ કરવાનો ભાવ હોય તેના કર્મો નિકાચિત હોય અને જેને ભૂલનું ભાન હોય તેના કર્મો નિધ્ધત હોય.

કર્મો ભોગવવા પડે તે સારૂં કે ભોગવવા ન પડે તે સારૂં ?

હસતાં હસતાં બાંધેલાં કર્મો ભોગવતી વખતે રડવું તો આવે જ પણ દુ:ખ પણ એટલું જ થાય. જેને ભૂલનું ભાન હોય છે, એ એકવાર પણ ભાવથી, પસ્તાવા સાથે બોલે કે, 'મારી ભૂલ થઈ ગઈ', તો ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પણ થઈ શકે છે.

જૈન દર્શનમાં પ્રસન્નચંદ્ર રાજાની વાત આવે છે. એ રાજાએ એકવાર સંધ્યાના બદલાતાં રંગોને જોયા અને એકવાર પોતાના માથામાં કાળા વાળને સફેદ

થતાં જોયાં, પરિવર્તનની પ્રક્રિયાને જોતાં જોતાં એમને સત્યનું રીયલાઈઝ થયું અને નાના રાજકુંવરને પ્રધાનને સોંપી, ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી લીધી.

દીક્ષા ગ્રહણ કરી સમવસરણની બહાર 'સ્વ' સાથે કનેક્શન કરવા ધ્યાન સાધનામાં લીન થઈ ગયાં.

'સ્વ' નું સ્વ સાથે કનેક્શન કરવા જેને માધ્યમ બનાવવામાં આવે એનું નામ 'દીક્ષા' !

પ્રસન્નચંદ્ર રાજા જે દિવસે પ્રસન્નચંદ્ર મુનિ બન્યાં તે દિવસથી એમણે આંખો બંધ, કાન બંધ, હોઠ બંધ અને જરૂર વિના હાથ-પગ પણ હલાવવાનું બંધ કરી સાધનામાં સ્થિર ઊભા રહી ગયાં. સાધનામાં મસ્ત થવા લાગ્યાં.

જે વ્યક્તિ જ્યાં સુધી 'સ્વ' માં રહે, ત્યાં સુધી સાધનામાં મસ્ત રહી શકે અને જેવા 'પર' માં જાય, બીજાનું સાંભળવા જાય એટલે ત્રસ્ત થઈ જાય.

પ્રસન્નચંદ્ર મુનિના કાનમાં ભગવાનના દર્શનાર્થે આવનાર લોકોના શબ્દો પડે છે... અરે ! આ તે કેવા રાજા છે ? પોતે અહીંયા આરામથી ઊભા છે અને ત્યાં નાનકડા રાજકુંવર પાસેથી બીજા રાજાઓ રાજ્ય પડાવી લેવાની તૈયારી કરી રહ્યાં છે.

રાજા શબ્દો સાંભળી વિચારમાં પડી ગયાં, એક કલ્પના કરવા લાગ્યાં, પોતે રાજા છે, રાજા મહેલમાં છે અને હરીફ રાજાને હરાવવાના પ્લાન કરવા લાગ્યાં.

પ્રસન્નમુનિના કાનમાં કોઈ અજાણ્યા રાજકુંવરની વાત આવી હોય તો ? ? તો એમને કોઈ અસર ન થાત, પણ અહીં પોતાના દીકરાની વાત હતી !

જ્યાં મમત્વ આવે છે, ત્યાં સમત્વ ટકતું નથી.

પ્રસન્નમુનિ તો વિચાર કરતાં કરતાં યુધ્ધના મેદાનમાં પહોંચી ગયાં, મનોમન યુધ્ધ પણ કરે છે. ત્યાં જ મહારાજા શ્રેણિક ત્યાંથી પસાર થાય છે.

સમવસરણની બહાર ધ્યાનસ્થ મુનિને જોઈને તેમના પ્રત્યે અહોભાવ પ્રગટે છે. સમવસરણમાં જઈ ભગવાનને વંદન કરી પૂછે છે, હે ભગવાન ! પ્રસન્નમુનિ કેટલાં ધ્યાન સાધનામાં મગ્ન છે, માનો કે, અત્યારે એમનું મૃત્યુ થાય તો ક્યાં જાય ?

ભગવાન કહે છે, સાતમી નરકમાં ! !

મહારાજા શ્રેણિક વિચારમાં પડી જાય છે. અરે ! સાધુ થઈને સાતમી નરકમાં ! ! આટલા ધ્યાનમાં લીન છતાં નરકમાં ! ! એમને કાંઈ સમજાતું નથી, ત્યારે ભગવાન સમજાવે છે, અત્યારે એમનો દેહ ક્યાંક છે અને મન ક્યાંક છે. જીવન ક્યાંક છે અને જીવ ક્યાંક છે. દેહ ધ્યાનમાં છે પણ મનનું ધ્યાન બીજે છે.

થોડીવાર પછી ફરી પૂછે છે, હે ભગવાન ! શું પ્રસન્નમુનિ નરકમાં જશે ?

ભગવાન કહે છે, ના ! જો અત્યારે મૃત્યુ પામે તો પહેલાં દેવલોકમાં જઈ શકે.

કેમ આવું ? ?

અત્યાર સુધી મનથી યુધ્ધના મેદાનમાં હતાં, ભાવથી યુધ્ધ કરી રહ્યાં હતાં અને ભાવાવેશમાં પોતાના મુગટ પર હાથ મૂકવા જાય છે ત્યાં માથે મૂંડન જણાય છે, અરે ! મારો મુગટ ક્યાં છે ? ?

જ્યાં આ વિચાર આવે છે ત્યાં જ તેને ભાન થઈ જાય છે... અરે ! હું રાજા નહીં, હું તો સંત છું. હું તો પંચ મહાવ્રતધારી સાધુ છું. મેં તો ભગવાન મહાવીરના ચરણ અને શરણમાં સંસારનો ત્યાગ કરી સંયમ અંગિકાર કર્યો છે. અરેરે ! મેં મનથી આવા વિચાર કર્યા, મેં મનમાં ને મનમાં યુધ્ધ કર્યું, મને મારા સંસારી દીકરા માટે મમત્વના ભાવ જાગ્યાં. અરેરે ! મારાથી આવી ભૂલ થઈ ગઈ ! !

અંદરમાં ને અંદરમાં વેદના, પસ્તાવો, પોતાની ભૂલ માટે પોતાની જાત પ્રત્યે ધિક્કાર ભાવ ! !

હે ભગવાન ! મારી ભૂલને માફ કરી દયો, હે પ્રભુ ! મારાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ ! !

હે ભગવાન ! મેં સંત થઈને મનથી યુધ્ધ કર્યું... વગર તલવારે, કલ્પનાની તલવારથી, ભાવથી અનેકની કત્લ કરી, હે ભગવાન મને માફ કરો ! !

સ્વનિંદાની શરૂઆત થઈ ગઈ, એક તરફ પોતાની ભૂલ માટે આત્મનિંદા અને એક તરફ પસ્તાવાના જળ સાથે આત્મ શુધ્ધિ ! !

પસ્તાવો અશ્રુ બની આંખોમાંથી વહેવા લાગ્યો.

શ્રેણિક મહારાજા પૂછે છે. ભગવાન ! આ શું સાતમી નરકમાં જનારો જીવ ક્ષણભરમાં દેવલોકમાં ! !

ભગવાન કહે છે, રાજન્ ! પ્રસન્નમુનિ તો જ્ઞાની બની ગયાં છે. મોક્ષગામી બની રહ્યાં છે. એમનો આત્મા શુધ્ધ-વિશુધ્ધ બની રહ્યો છે. થોડીવાર પહેલાં સાતમી નરક, થોડી વાર પછી દેવલોક અને થોડીવારમાં જ મોક્ષગામી ! ! !

'મારી ભૂલ થઈ ગઈ', પસ્તાવા સાથે બોલાયેલું એક વાક્ય અને મુનિના ભાવ કર્મ, દ્રવ્ય કર્મ, આત્મા પર લાગેલાં બધાં જ કર્મો ક્ષય થઈ ગયાં.

પ્રશ્ચાતાપ અનંતા કર્મોને બાળી નાંખે છે. પ્રશ્ચાતાપની આગમાં એટલી તાકાત હોય છે, સ્વ નિંદામાં એટલી ક્ષમતા હોય છે.

તમે ભલે સંસારમાં હો, પણ દરેક કાર્ય વખતે એટલું તો યાદ હોવું જ જોઈએ કે, ભલે સંસારમાં છું એટલે કરવું પડે છે, પણ 'આ મારી ભૂલ છે', ક્યારે એવો અપૂર્વ અવસર આવે અને ક્યારે હું મારી ભૂલને સુધારી શકું ! !

રોજ પહેરાંતા કપડાં રોજ મેલાં થાય અને રોજ મેલાં થતાં કપડાં જો રોજ ધોવાય જાય તો તે ક્યારેય કધોણિયા ન થાય.

એટલે, રોજના પાપ માટે રોજની આલોચના, રોજની નિંદા અને રોજની ગર્હા થાય તો નિકાચિત કર્મો ન બંધાય !

જો રોજે રોજ કર્મોનો ક્ષય થતો હોય તો જ્યારે મૃત્યુની ક્ષણ આવે ત્યારે આત્મા કેવો હળુકર્મી બની ગયો હોય ! !

આખો ભવ સંસારમાં વિતાવ્યા પછી પણ આત્માને આલોચના, નિંદા અને ગર્હા દ્વારા આત્માને હળુકર્મી બનાવી શકાય છે.

જૈન ધર્મ ભાવનો ધર્મ છે.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,

ભાવે ધર્મ આરાધિએ, ભાવે કેવળ જ્ઞાન.

ભગવાને માથાના મુગટને ત્યાગી મૂંડન કરવાનું કહ્યું, એમાં પણ કેટલું મોટું તથ્ય છે ! !

ભગવાને મુહપત્તી અને રજોહરણ ધારણ કરવાનું કહ્યું એની પાછળ પણ મોટું સિક્રેટ સમાયેલું છે.

ભગવાન કહે છે : **'ઉપકરણ એ અંત:કરણને શુધ્ધ કરવાનું કારણ છે.'**

જે સાધના મોક્ષમાં જવા માટે સહાયક હોય તેને ઉપકરણ કહેવાય, પછી એ મૂંડન હોય તો મૂંડન પણ ઉપકરણ કહેવાય અને જે સાધન સંસાર તરફ લઈ જાય તેને અધિકરણ કહેવાય.

અધિકરણને ઉપકરણ બનાવી આત્મશુધ્ધિ કરીએ, એ જ ભાવોને અંતરમાં ધરીએ.

# સ્વદોષ દર્શન

વર્ષોથી એક જીવ ઘર વિહોણો આમથી તેમ ભટકે છે, ઘડીક બંધ દુકાનના ઓટલા પર તો ઘડીક ફૂટપાથ પર... છેલ્લાં થોડાક વર્ષોથી એ વર્ષોથી બંધ પડેલાં બંગલાની બહારની ફૂટપાથ પર સૂઈ રહે છે.

એક દિવસ એક સજ્જન એના સ્વજન બનીને આવે છે. એને પૂછે છે, તારૂં નામ શું ? મારૂં નામ 'આ' છે. તું ક્યાં રહે છે ? તારૂં ઘર ક્યાં છે ? મારૂં કોઈ ઘર નથી. હું ક્યારેક આ ફૂટપાથ પર તો ક્યારેક કોઈ દુકાનના ઓટલા પર... ઠંડીમાં ક્યારેક મોટા પાઈપમાં પણ સૂઈ રહું છું, બીજી મને કાંઈ ખબર નથી.

આ ગળામાં શું છે ?

ખબર નથી નાનપણથી ગળામાં પહેરેલું જ છે. એની અંદર શું છે ? ક્યારેય જોયું છે ?

ના... મને ખબર નથી.

એ અનુભવી સ્વજન એના માદળીયામાંથી લખેલી ચીઠ્ઠી કાઢીને વાંચે છે અને કહે છે, તને ખબર છે તું કોણ છે ? કોનો વારસદાર છે ? ના...

મને ખબર છે, તું આ બંધ પડેલાં બંગલાનો માલિક છે, આ બંગલો તારા નામે છે.

હવે શું થાય ?

ફૂટપાથ પર ભટકનારને ખબર પડે કે એ તો મોટા બંગલાનો માલિક છે, પછી શું એક ક્ષણ પણ ઊભો રહે ! !

એ ગમે ત્યાંથી ચાવી શોધે, ન મળે તો તાળા તોડાવે પણ એને એક જ તડપ હોય જલ્દી હું મારા બંગલામાં જાઉં.

અને બંગલો ખોલ્યા પછી શું કરે ? સીધો પલંગ પર જઈને સૂઈ જાય.. ? ?

ના... એ પહેલાં બંગલાને સાફ કરે, વર્ષોથી બાઝી ગયેલાં બાવા અને જાળાં ઝાંખરાને દૂર કરે, ઝાડુ કાઢે, પોતાં કરે અને પછી એ સ્વચ્છ થયેલાં ઘરમાં રહેવા જાય !

વર્ષોથી એ બંગલાને જોતો હતો, એની બહાર સૂતો હતો ત્યાં સુધી એને બંગલા માટે કોઈ જ ફીલીંગ્સ ન હતી, પણ જેવી ખબર પડી કે આ બંગલો 'મારો' છે, એટલે બધું જ બદલાઈ ગયું.

શું નથી લાગતું કે આપણો આત્મા પણ ઘર વિહોણો ઘડીક મનુષ્ય ગતિ તો ઘડીક દેવગતિ, ઘડીક તિર્યંચમાં તો ઘડીક નરકમાં ભટક્યા કરે છે ! !

આપણને પણ સત્‌પુરુષ અને સદ્‌ગુરુ મળે છે, આપણા આત્મ ઘરની, આપણા બંગલાની ઓળખ કરાવે છે. પણ કેટલાંને બંધ પડેલાં બંગલામાં... પોતાના બંગલામાં... સ્વઘરમાં જવાનું મન થાય છે ? કેટલાંને ફીલ થાય છે કે એકેન્દ્રિયથી પંચેન્દ્રિયમાં કેટલું ભટકવાનું ? હવે જ્યારે મને ખબર પડી ગઈ છે કે આ જ મારૂં ઘર છે તો મારે મારા ઘરે રહેવા જવું છે, અનાદિકાળથી બાઝી ગયેલા

ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈના બાવા-જાળાંને દૂર કરી મારા ઘરને સ્વચ્છ કરવું છે, ઉપકાર છે આ સદ્ગુરુનો જેમણે મને ઓળખ કરાવી કે હું વીર પ્રભુ મહાવીરનો વારસદાર છું અને 'મોક્ષ' મારૂં ઘર છે ! શું તમને ક્યારેય આવો વિચાર આવ્યો છે ? ?

એકવાર હૃદયના દ્વાર ખોલીને જુઓ... એક વાર અંતર આત્મામાં જઈને જુઓ, ત્યાં શું છે ? ત્યાં શાંતિ અને પ્રસન્નતા છે કે ત્યાં અશાંતિ અને અપેક્ષાઓ ભર્યાં છે ? ?

આપણને આપણા ઘરની જ ખબર નથી એટલે બીજાની દુકાનના ઓટલા અને બીજાના ફૂટપાથ પર રહીએ છીએ.

બીજાના હૃદયમાં સ્થાન મેળવવા, બીજાને પોતાના બનાવવા બીજાના ઓટલાંઓ પર ભટક્તાં-ભટક્તાં તો અનંતકાળ કાઢયો, અનંતા પુણ્યના ઉદયે પોતાના ઘરની ઓળખ આપનાર સદ્ગુરુનો યોગ થયા બાદ જેને આત્મ ઘરમાં પ્રવેશ કરવાનો ભાવ જાગે તેના માટે ભગવાને ત્રણ સ્ટેપ્સ બતાવ્યાં છે :

આલોચના, નિંદા અને ગર્હા !

ભગવાન કહે છે : અનંતા જીવો જ્યારે ધર્મ કથાની રૂચિવાળા હોય ત્યારે એક જીવ આચરણની રૂચિવાળો હોય.

ભગવાનનો ઉપદેશ ગ્રહણ કરવાની પણ અલગ અલગ જીવોની અલગ અલગ રૂચિ હોય, જેમ તાવ આવે ત્યારે કોઈ સુદર્શનની ગોળી લે, તો કોઈ પેરાસીટામોલની ટેબ્લેટ લેવાનું પસંદ કરે, કોઈ વળી કહે, હું આરામ કરીશ તો મારો તાવ ઉતરી જશે, તો કોઈને પોતાની સાધનામાં શ્રધ્ધા હોય, એમ કોઈને કથા-વાર્તા ગમે તો કોઈને કાવ્ય-છંદ રૂપે ઉપદેશ ગમે.

આત્મ શુધ્ધિ કરવાના ત્રણ ઉપાય છે :

આલોચના એટલે કે પોતાના દોષનું અવલોકન કરવું.

નિંદા એટલે કે સ્વના દોષ તરફ દૃષ્ટિ કરવી.

ગર્હા એટલે કે એ દોષ પ્રત્યે ઘૃણા થવી.

ગુસ્સો કરવો ખરાબ છે એ જાણવું અને માનવું અલગ છે અને હું ગુસ્સો કરૂં છું તે મારા માટે બહુ ખરાબ છે, મારે ગુસ્સો કરવો જ ન જોઈએ એ છે અવલોકન.

મારામાં ગુસ્સો કેમ આવે છે ? એનું કારણ શું છે ? આ છે પોતાના દોષ તરફ દૃષ્ટિ, જ્યારે પોતાનો દોષ... દોષ લાગે છે ત્યારે જ તેને બહાર કાઢવાનો પુરુષાર્થ થઈ શકે છે.

ગુસ્સા પ્રત્યે અંદરથી એક પ્રકારની નફરત થવી... ઘૃણા થવી, તિરસ્કાર થવો એ છે ગર્હા ! ! જેના પ્રત્યે ઘૃણા થાય એ પછી ક્યારેય તમારાથી થઈ જ ન શકે.

આલોચના પછી આવે નિંદા... નિંદા એટલે 'સ્વદોષ દર્શન' પોતાના દોષો, પોતાના અવગુણો અને પોતાની ભૂલોનું દર્શન ! !

પણ થાય શું ?

વ્યક્તિને સ્વના ગુણો દેખાય અને પરના દોષો, પોતાની ભૂલ એને ક્યારેય ભૂલ ન લાગે અને બીજાની નાનકડી ભૂલ પણ બહુ મોટી લાગે.

માનવ મનની માનસિક્તા હોય છે, પોતાની ભૂલોને, પોતાના અવગુણોને છૂપાવશે અને બીજાની જરાક ભૂલને પણ વગાડી વગાડીને જગતને બતાવશે.

જેને વાંરવાર પોતાની ભૂલનું ભાન થાય છે તે 'સાધક' કહેવાય છે.

જેને ભૂલનું ભાન થાય છે તે ભૂલની ક્ષમા માંગી હળવા થઈ જાય છે, સુખી થઈ જાય છે.

# સ્વયંની ઓળખ

જ્યારે એક આત્માને પોતાના અસ્તિત્ત્વને જાણવાની... અસ્તિત્ત્વને ઓળખવાની ઝંખના થાય... હું અહીંયા કેમ છું ? પહેલાં કયાં હતો ? હવે કયાં જઇશ ? અત્યારે અહીં છું તો શા માટે શું છે ? એની પાછળ હેતું શું છે ? અહીંયા મારા આ અસ્તિત્વની જેટલી ઘટનાઓ સમર્જાય છે એ શું છે ? જ્યારે પ્રશ્નોની હારમાળા સર્જાય ત્યારે જિજ્ઞાસા તીવ્ર બને છે.

જેમ જેમ વ્યક્તિને પોતાના વિશે, પોતાના અસ્તિત્વ વિશે જાણવાની ઇચ્છા, ઝંખના પ્રબળ થાય છે ત્યારે તે બે કાર્ય કરે છે... પોતાની જિજ્ઞાસા સંતોષવા... પોતાના જવાબ મેળવવા તે બે કાર્ય કરશે, એક તો કાં તે પોતાની અંદર જશે અને જો પોતાની અંદર જઇને જવાબ નહીં મળે તો જે પોતાની અંદર ગયાં છે, જેમનું સ્વયંનું જ્ઞાન પ્રગટ થયેલું છે તેવા જ્ઞાની પુરુષના શરણમાં જશે, તેના સાંનિધ્યમાં જશે અને ભાવપૂર્વક, વિનયપૂર્વક બે હાથ જોડી કહેશે, ગુરુદેવ ! મને મારી ઓળખ કરવી છે, મને મારા અસ્તિત્વને ઓળખવું છે... મારે જાણવું છે હું અહીંયા છું તો શા માટે છું ? મારા અહીંયાની બધી જ વ્યવસ્થાનું કારણ શું છે ?

હે ગુરુદેવ ! મારા પર કૃપા કરી મને જણાવશો.

જેને અંદરથી આંશિક દશા પણ જાગૃત થાય તેને જ પોતાની અંદરમાં જવાના ભાવ થાય... જેના હૃદયમાં કોઇ જિજ્ઞાસા ન હોય, તેની એક રૂટિન લાઇફ હોય... ઉઠવાનું, નહાવાનું, નોકરી, ધંધો, કામ કાજ, જમવાનું, કમાવવાનું, ખાવાનું, પીવાનું અને સૂઇ જવાનું... બસ, એક બાળકની જેમ પોતાની નાનકડી દુનિયામાં મસ્ત બનીને રહેવાનું.

એક નાનકડો બાળક રમકડાંથી રમતો હોય ત્યારે કેવો એની દુનિયામાં મસ્ત મસ્ત હોય... ન એને કોઇ ચિંતા હોય કે ટેન્શન. ભૂખ લાગે ત્યારે ખાવાનું મળી જાય, એને બીજો કોઇ વિચાર આવતો જ નથી કે એ કયાં છે ? કોણ છે ? શા માટે છે ? એ એની રમકડાંની દુનિયામાં જ હોય.

એ જ બાળક રમતાં રમતાં જ્યારે બાથરૂમ કરે અને એમાં જ હાથ નાંખીને રમતો હોય તો કેવો લાગે ? એના મમ્મી કેટલીય બૂમ મારે બેટા ! ડોન્ટ ટચ ! એ છી છે... એનાથી ન રમાય... પણ એ માને ? એ સમજે ? ના... કદાચ એના મમ્મી ત્યાંથી લઇ જાય, હાથ પણ ધોઇને સારૂં કરી દે પણ ફરી પાછો બીજા દિવસે એ જ... ! !

એમ રોજ સંતો કે ગુરુ પ્રવચન આપે... વ્યાખ્યાન આપે, સમજ આપે કે સંસાર અસાર છે, એને ટચ કરવા જેવું નથી. રોજ ગુરુ ધોવરાવે... સાફ કરે પણ પાછા પોતાની દુનિયામાં જતાં રહે.

બાળક તો ચાલો અત્યારે નાનો છે, અણસમજુ છે એટલે એવું કરે છે અને કાલે મોટો થશે એટલે એની મેળે સમજી જશે કે આમાં હાથ ન નંખાય, આનાથી ન રમાય આ ડર્ટી છે.

પણ, આપણે... ગમે તેટલાં મોટા થઇએ, ગમે તેટલાં સમજાવે, ગમે તેટલું જ્ઞાન આપે... સમજ આપે કે, આ સંસારમાં પડવા જેવું નથી, તું તારા અસ્તિત્ત્વના

મહત્વને જાણ, તારા અસ્તિત્વને ઓળખ, સ્વયંની ઓળખ કર. આ સંસારના રમકડાં, ઢીંગલીઓ, ગાડીઓથી રમવા જેવું નથી... પણ કોઇ અસર થતી નથી.

પેલો બાળક તો જેમ જેમ વાસ્તવિકતાને સમજતો જાય છે... તેમ તેમ તેના રમકડાં, ટેડીબેર, બાર્બી ડોલ બધું છૂટતું જાય. જેમ જેમ મોટો થાય તેમ તેમ તેની જિજ્ઞાસા, કુતુહૂલતા વધતી જાય, સમજ વધતી જાય.

ગૌતમ જેમ જેમ મહાવીર પાસે બેસતાં જાય... જેમ જેમ દિવસો પસાર થતાં જાય, તેમ તેમ ભગવાન પાસેથી આગમનું, શાસ્ત્રોનું જ્ઞાન મેળવતાં જાય, તેમ તેમ એ જ્ઞાનમાં મોટાં થતાં જાય કે જેવા પહેલે દિવસે આવ્યાં હતાં તેવા જ મહિના પછી અને વર્ષ પછી પણ હોય ? એ જ્ઞાનથી... એ સમજથી એનામાં પરિવર્તન આવે કે ન આવે ?

આપણે માત્ર વ્યાખ્યાનો કે પ્રવચનો સાંભળવાના નથી, એની અનુભૂતિ કરવાની છે.

બાળકની મા ને તો વિશ્વાસ છે કે બાળક થોડું મોટું થશે એટલે તેનામાં ચેન્જ આવશે, પછી એ આવું નહીં કરે પણ પરમાત્મા રૂપી 'મા' ને આપણા ઉપર, એના સંતાનો ઉપર વિશ્વાસ ખરો ? આજે ભલે સંસારમાં છે પણ કાલે મોટો થશે તો સંસારની અસારતા સમજી સંસાર છોડી સ્વયંની ઓળખ કરવા સંયમના પંથે આવી જશે.

ગૌતમ જ્યારે પરમાત્માના ચરણમાં મસ્તક ઝૂકાવી દીન, હીન બનીને બેઠાં હશે ત્યારે તેમને શું લોકોનો વિચાર આવતો હશે ? લોકોની શરમ આવતી હશે ? લોકો બહારમાં જઇને મારા વિશે શું બોલશે ? શું કહેશે ? એવા વિચારો આવે ? ના ! ગૌતમને કોઇ જ વિચાર ન આવે કારણકે તેમને ખબર છે, હું પરમાત્માના શરણમાં છું અને પરમાત્માનું શરણ મારા માટે સ્વર્ગ છે, સર્વસ્વ છે,

સિધ્ધશિલા છે... ! મને હવે દુનિયામાંથી કાંઇ જોઇતું નથી અને દુનિયાને કાંઇ આપવું નથી.

જ્યારે સંસાર સાથેના સંબંધો ઘટે છે ત્યારે જ પરમાત્માના સાથેના સંબંધો વધે છે.

ગૌતમ પાસે સંબંધના પાંચ કારણો હતાં અને ગૌતમ દિવસ દિવસે એ પાંચે કારણોને ઘટાડવાનો પ્રયત્ન કરતાં હતાં. જે સાધક પરમાત્માના શરણમાં આવે છે... જે સાધક સુધરવાની તૈયારી કરે છે... જે સ્વયંને ઓળખવાની શરૂઆત કરે છે... તેને જ આત્માના અસ્તિત્વની ઓળખ થવા લાગે છે.

જેને પોતાના આત્માના અસ્તિત્વની અનુભૂતિ થવા લાગે છે, જેને અસ્તિત્વને ઓળખવાના ભાવ થવા લાગે છે તે સૌથી પહેલાં પાંચ પ્રકારના સંબંધોને ઘટાડવાનો પ્રયત્નો કરે છે.

કયા છે આ પાંચ પ્રકારના સંબંધો ?

એ સંબંધો છે... આંખના, કાનના, નાકના, જીભ અને શરીરના... ! !

તમારે આત્મકલ્યાણ સાધવું છે ? આત્માના અસ્તિત્વને અનુભવવું છે ?

અસ્તિત્વની અનુભૂતિને... સ્વયંની ઓળખને અટકાવે છે આ પાંચ પ્રકારના સંબંધો... પાંચ ઇન્દ્રિયો... ! !

આપણી આંખો... બહારની દુનિયાને જોવામાં, દુનિયાના રંગ, રૂપ, આકાર, અંગ ઉપાંગ આદિ જોવામાં એટલી મશ્ગુલ થઇ જાય છે કે આત્માને જોવાનું જ ભૂલી જાય છે. બહારના સૌંદયના ઝાકઝમાળમાં એવી અંજાઇ જાય છે કે સાચું, શાશ્વત અને આંતરિક સૌંદર્ય જોવાનો સમય જ નથી મળતો.

આપણા કાન... બહારની દુનિયાના... દુનિયાના લોકોના અવાજ અને ઘોંઘાટથી એવા ટેવાય ગયાં છે કે આત્માનો અવાજ સાંભળી જ શક્તાં નથી.

આપણું નાક... બહારની દુનિયાની વાસ અને સુવાસ, સુગંધ અને દુર્ગંધમાં એટલું મદહોશ થઇ ગયું છે કે આત્માની મધુર મહેંકને એ માણી શક્તું જ નથી.

આપણી જીભ...બહારની દુનિયાની વસ્તુઓ, વિવિધ પ્રકારની ખાણી-પીણી, જંક ફુડ, ફાસ્ટ ફુડનો એવો સ્વાદ લાગી ગયો છે કે પરમાત્મા કે સદગુરના ચરણ અને શરણનો સ્વાદ અનુભવાતો જ નથી.

જે એકવાર પરમાત્મા કે ગુરુના ચરણનો સ્વાદ ચાખી લે છે તેને દુનિયાના કોઇ પદાર્થ સ્વાદિષ્ટ લાગતાં નથી.

આપણું શરીર– આપણા શરીર બહારની દુનિયાનો સ્પર્શ એટલો સુંવાળો અને સુખાકારી લાગે છે કે આત્માની સંવેદનાના ભાવ એને સ્પર્શી જ શક્તાં નથી.

વિચાર કરો, તમને 'તમને' મળવું છે પણ તમને અટકાવે છે કોણ ? તમને તમારી સાથે વાત કરવી છે પણ વાત કરવા દેતું નથી કોણ... ? વિચાર કરો... ચિંતન કરો... તરત જ સમજાય જશે. બહારનું જોવાની વૃત્તિ મને અંદરનું જોતા અટકાવે છે, બહારના લોકો સાથે વાતોનો શોખ આત્મા સાથે વાત કરવાનો સમય જ આપતો નથી... ! !

ગૌતમ મહાવીરના સાંનિધ્યમાં આવે છે, પછી એ બે જ વસ્તુને જુએ છે. એક પરમાત્મા અને એક આત્માને જુએ છે. હવે તેને દુનિયાની કોઇ પરવા નથી.

જ્યારે જગતને જોવાનું ઘટે છે ત્યારે જ જાતને જોવાની શરૂઆત થાય છે અને ત્યારે જ સ્વયંની ઓળખ કરવાની શરૂઆત થાય છે.

અર્જુન ત્યારે જ પક્ષીની આંખ વિંધી શક્યો, જ્યારે એને આસપાસનું બધું જ દેખાવાનું બંધ થયું... એને પક્ષીનું શરીર પણ દેખાવાનું બંધ થયું... !

એમ જેનો આત્મ જાગૃત થાય છે, જેને આત્મકલ્યાણ સાધવું છે તેને બે જ આંખો દેખાય છે. એક ગુરુ કે પરમાત્માની અને બીજી એના અંતર આત્માની.

આપણી ખોટ એ છે કે આપણને ધર્મસ્થાનકમાં ગુરુ કે પરમાત્મા દેખાય અને બહાર નીકળીએ એટલે દુનિયા... !!

જ્યારે ગુરુ કે પરમાત્મા સિવાય બીજાું કાંઇ ગમે નહીં. બીજે ક્યાંય રૂચે નહીં, બીજાું કાંઇ સૂઝે નહીં. બીજે ક્યાંય જાય નહીં, બીજા કોઇને મળે નહીં, મળવું ગમે નહીં... એવી સ્થિતિ સર્જાય ત્યારે તમારા આત્માની પરમાત્મા સાથે મિલન થવાની શરૂઆત થાય છે.

ધર્મ એટલે માત્ર આવવું, બેસવું, માળા કરવી, પ્રવચન સાંભળવું નહીં... ધર્મ એટલે સ્વયંની અનુભૂતિ કરવી !

જેને સંબંધોની દુનિયામાં રહેવું હોય તે ક્યારેય સર્વજ્ઞની દુનિયામાં આવી શકે જ નહીં, અને જે સર્વજ્ઞની દુનિયામાં આવે છે તેનાં સંબંધો ધીમે ધીમે છૂટી જાય છે.

આ પાંચ સંબંધો... પાંચ ઇન્દ્રિયો મને  મને મળતાં અટકાવે છે, પણ જે મારા માર્ગમાં પથરા બની અટકાવે છે, તેને જ પગથિયાં બનાવી હું મંઝિલ સુધી પહોંચી પણ શકું છું.

જે આંખો... મને અસ્તિત્ત્વના અનુભવ કરવામાં અટકાવતી હતી... તે જ આંખોને મેં ગુરુ કે પરમાત્માના દર્શનમાં એવી લગાવી દીધી કે હવે મને એમના સિવાય બીજું કાંઇ જ દેખાતું નથી.

ગૌતમને સમવશરણમાં આવ્યા બાદ પરમાત્મા સિવાય બીજું કાંઇ દેખાય ખરૂં ?

ઘણાંને એમ થાય કે, આખો દિવસ શું ગુરુદેવ... ગુરુદેવ કે ભગવાન... ભગવાન કરવાનું ? આ તો રાગ કહેવાય, આંધળો પ્રેમ કહેવાય... ! પણ તમને ખબર નથી, તમારા હૈયામાં પડેલાં રાગ અને દ્વેષ, ઇર્ષ્યા અને અદેખાઇ, નિંદા અને ખટપટ, વેગ અને આવેશ, ગુસ્સો અને સામે બોલવાની વૃત્તિ... ઘટે શેનાથી ?

તમે લાખ પ્રયત્ન કરો કે મારે ગુસ્સો કરવો જ નથી છતાં ગુસ્સો આવી જ જાય છે. પણ જો તમારૂં હૃદય ગુરુ કે પરમાત્માના પ્રેમથી ભીંજાયેલું હોય તો...

તો એ પ્રેમના જળથી તમારો આત્મમેલ ધોવાયા વિના રહે જ નહીં. લીલા લાકડાંને ક્યારેય કોઇ આગ બાળી શકે જ નહીં!! ગૌતમ મહાવીરના શરણમાં આવ્યા પછી ક્યારેય ગુસ્સો કરી શકે ખરા ? પહેલાં તે આઝાદ હતાં, આગ્રહી હતાં, ખુમારીવાળા હતાં, ગુરુ હતાં એટલે પહેલાં ગુસ્સો કરતાં હશે પણ હવે શરણમાં આવ્યા પછી તેને ગુસ્સે થવાનું કોઇ કારણ, કોઇ નિમિત્ત મળે ખરૂં ?

જે પરમાત્માના બની જાય છે તેને પરમાત્માના બનતા વાર લાગતી નથી.

આ ભક્તિનો માર્ગ છે... અને ભક્તિના માર્ગે પરમાત્મા સુધી પહોંચતા જરા પણ વાર લાગતી નથી.

જે એકવાર ગુરુ કે પરમાત્માના બની જાય છે તેને સુધરવું પડતું નથી, તે સુધરવા લાગે છે.

જે આંખ પથ્થર બની અસ્તિત્ત્વની ઓળખને અટકાવતી હતી... તે જ આંખે પરમાત્માના દર્શન કરી પરમ પદને અપાવી દીધું.

જે પત્થર આડો આવે તેને પગથિયું બનાવતા આવડવું જોઇએ.

જે વ્યક્તિ તમારો વિરોધ કરે, તમારા કાર્યમાં વિઘ્ન નાંખે, તે જ વિરોધીના કારણે સમતા રાખી, કર્મોને કેમ ખપાવી લેવા તે આવડવું જોઇએ.

જે વ્યક્તિ મને નડે છે તેના આધારે જ ધર્મ કરી સમભાવ રાખી મારે મારા કર્મોને ખપાવી લેવા છે.

# સાધનાના ત્રણ તબક્કા
# શાંતિ, સ્મરણ, શુદ્ધિ.

આપણી આસપાસ સદાય બે પ્રકારના ભાવો રહેતાં હોય છે. એક શુભ ભાવ અને એક અશુભ ભાવ !

કોઈ દિવસ એવું બને કે સવારથી જ આપણું ધાર્યું બધું જ થવા લાગે, આપણી ઈચ્છા પ્રમાણે બધાં જ કામો થવા લાગે... બધે સફળતા મળવા લાગે. બધું શુભ, સારૂં, શ્રેષ્ઠ અને પોઝીટીવ !

કોઈ દિવસ એવું બને કે સવારથી બધું નેગેટીવ થવા લાગે, આખો દિવસ અશાંતિ, ઉદ્‌વેગ અને નિષ્ફળતા !

આપણા દિવસની શરૂઆત શુભ ભાવોથી થાય તો આખો દિવસ સારો જાય.

આખી રાતના આરામ પછી આપણુ મન શાંત હોય છે. એટલે સવારના ઉઠતાંની સાથે જ જે વિચાર, જે આકૃત્તિ, જે ગીત, જે સ્તવન આવે તેની અસર આખો દિવસ રહે.

સવારના જે વિચાર મનમાં આવે એ જ આખો દિવસ રીફ્લેકટ થયાં કરે... એ જ વારંવાર યાદ આવ્યા કરે.

સવારના એક ભાવ ઉપર આખા દિવસનો આધાર હોય છે.

સવારના પ્રથમ દેવ-ગુરુના દર્શન, પ્રાર્થના આખો દિવસ શુભ ભાવમાં રાખે છે.

''જે ભાવ સવારના... તે ભાવ આખો દિવસ.''

માટે જ, પહેલાના સમયમાં પ્રાતઃકાળની પ્રાર્થનાનું મહત્ત્વ હતું અને જ્યાં સુધી પ્રાર્થના ન થાય ત્યાં સુધી પાણી પણ ન પીવે, પ્રાર્થનાથી વ્યક્તિનું મન એકદમ પોઝીટીવ થઈ જાય અને એ પોઝીટીવ મનથી આખા દિવસમાં વ્યક્તિ જે ધારે, જેવું ધારે તેવું જ થાય.

જે વિચાર સવારના... એ જ આચાર આખા દિવસમાં... !

જેવી પરિણતી સવારના... એવી જ પ્રવૃત્તિ આખા દિવસમાં... !

જે ભાવ સવારના... એવું જ ભાવિ આખા દિવસનું... !

ભાવિને ભવ્ય બનાવવા, પ્રવૃત્તિને પોઝીટીવ બનાવવા અને આચરણને શુભ અને શ્રેષ્ઠ બનાવવા શું કરવું જોઈએ ?

વહેલી સવારના ઊઠીને પાંચ-સાત મિનિટ આંખો બંધ કરી ધ્યાન કરવું જોઈએ. ધ્યાનથી મન શાંત અને સ્વસ્થ થાય છે.

મન શાંત તો તન પણ શાંત... !

મન સ્વસ્થ તો તન પણ સ્વસ્થ... !!

જે શાંત થાય છે તે સારો બની જાય છે.

જે શાંત થાય છે તે શ્રેષ્ઠ બની જાય છે.

ધ્યાનમાં શું કરવાનું ?

પાંચ મિનિટ બહારની આંખો બંધ કરી અંદરની આંખને ખોલવાની અને એ અંદરની આંખથી પરમાત્માના દર્શન કરવાના... !! પરમાત્માના સાક્ષાત્કારનો

અનુભવ કરવાનો...! એકવાર પરમાત્માના દર્શનથી પોઝીટીવીટી અંદર આવી ગઈ તો આખો દિવસ પોઝીટીવ પસાર થશે અને એકવાર જો નેગેટીવીટી અંદર આવી ગઈ તો આખો દિવસ નેગેટીવ પસાર થશે.

માનો કે, કોઈ વ્યક્તિને આખો દિવસ દીપકને પ્રજવલ્લિત રાખવો છે તો એણે શું કરવું પડે ?

સવારના એકવાર એમાં ઘી પૂરી દેવાથી આખો દિવસ ચાલે ? ના...! તેણે એકવાર સવારે, એક વખત બપોરે અને એક વખત સાંજે ઘી પૂરવું પડે.

તેમ એક સાધકે પણ આખા દિવસની શાંતિ અને સમાધિ માટે ત્રણ તબક્કામાં સાધના કરવી જોઈએ.

વહેલી સવારે ઉઠીને ધ્યાન સાધના. ત્યાર બાદ બપોરે સંધિકાળના સમયે સ્મરણ સાધના.

વહેલી સવાર અને બપોરની વચ્ચે ૪૮ મિનિટનો સમય એવો હોય છે જેને સંધિકાળ કહેવામાં આવે છે. ૧૨:૦૦ થી ૧:૦૦ વચ્ચેના એ સમયે જ્યારે જગતમાં નેગેટીવ વાઈબ્રેશન્સ્ ફેલાતાં હોય છે અને એ સમયે પરમાત્મા શાસ્ત્રોનું પણ વાંચન થઈ શક્તું નથી. કેમકે, કહેવાય છે કે એ સમયે દેવલોકના દેવોને પણ મુક્તિ મળે છે અને તેઓ વિચરતા હોય છે.

સંધિકાળના આ સમયને સાર્થક અને શ્રેષ્ઠ બનાવવા સ્મરણની સાધના કરવી જોઈએ. સ્મરણ એટલે તમે પરમાત્માનું તમારા આદર્શ એવા ગુરુનું અથવા તમારા જીવનમાં ઘટેલી કોઈ સારી, શ્રેષ્ઠ અને પ્રેરણાત્મક ઘટનાનું પણ સ્મરણ કરી શકો છો. શુભના સ્મરણથી તમારી આખી બપોર શુભ ભાવમાં વ્યતિત થાય છે.

સવારે મનને શાંત કરવાની સાધના બપોરે સ્મરણ ભાવમાં આવવાની સાધના અને સંધ્યા સમયે શુધ્ધિની સાધના...!!

નિયમિત આ ત્રણ સાધના કરનાર વ્યક્તિ શાંત, સરળ અને સફળ બને છે.

કોઈપણ શ્રેષ્ઠ, મહાન કે સફળતાને પામેલી વ્યક્તિને જુઓ, એમની જીવનશૈલીમાં આ ત્રણ સાધના ગોઠવાયેલી જ હશે.

આપણી આસપાસ રહેલાં આપણા નેગેટીવ અને પોઝીટીવ ભાવો આપણા મનને અસર કરતા હોય છે.

કેટલાંક વિચારો એવા હોય છે કે જે એક ક્ષણ માટે આવે અને તરત જ ચાલ્યા જાય. જેમકે, નવા ચંપલ પહેરતી વખતે વિચાર આવે કે આ ડંખ મારે છે. પણ જેવા પહેરીને બહાર નીકળો એટલે એ ભૂલાય જાય અને બીજા વિચારોમાં ખોવાઈ જાવ.

કેટલાંક વિચારો લાંબા સમય સુધી ચાલે, જેમકે, કોઈને આપેલું સ્મિત અથવા સદ્ગુરુની હાર્ટને ટચ કરી ગયેલી વાણી... એ ક્યાંય સુધી વાગોળતા રહીએ.

જેટલાં વિચારો લાંબા સમય સુધી રહે છે તેના લેયર્સ બનતાં જાય છે. જેટલો સમય તમે તે ભાવમાં રહો તેટલાં તેના લેયર્સ બનતાં જ જાય અને એ વાઈબ્રેશન્સ્ આસપાસ ફેલાતાં જાય.

સવારે તમે પાંચ-સાત મિનિટ ધ્યાનની સાધના કરી... તમારા વિચારો, ભાવો પોઝીટીવ થવા લાગ્યા... એ પોઝીટીવ વાઈબ્રેશન્સ્ તમારી આસપાસ ફેલાવા લાગ્યા... એટલે તમારી બ્લેક અને અશાંત ઓરા ધીમે ધીમે શ્વેત અને શાંત થવા લાગી... તમારા ઘરમાં રહેલી તમારી આસપાસ રહેલી નેગેટીવીટી દૂર થવા લાગી... અને તમે તથા તમારી આસપાસનું વાતાવરણ શુભ અને પોઝીટીવ થવા લાગ્યું.

જે પોઝીટીવ હોય તે સદાય સફળ હોય. જે પોઝીટીવ હોય તે પાવન હોય.

કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કામની શરૂઆત કરે ત્યારે શરૂઆતમાં એનો જોશ, ઉત્સાહ, ઉમંગ ખૂબ જ હોય પણ પછી ધીરે ધીરે એ ડાઉન થતાં જાય.

એમ સવારની ધ્યાન સાધનાથી પોઝીટીવ થયેલાં ભાવોનો વેગ બપોર સુધીમાં મંદ થતો જાય.

ભગવાને પણ કહ્યું છે, કોઈ પણ વ્યક્તિ એક જ ભાવમાં બે મુર્હૂતથી વધારે રહી શકે નહીં. સવારથી પોઝીટીવ જ રહેવાનો વિચાર ક્ર્યો હોય... એટલે કલાક, બે કલાક અને વધુ માં વધુ ત્રણ કલાક રહી શકો, પછી ક્યાંક ને ક્યાંક એ પાવર ઘટવા લાગે.

એટલે બપોરે સ્મરણ સાધના દ્વારા એ પોઝીટીવીટીને રીચાર્જ કરવાની હોય છે. તમે કોઈ સારા અને શુભ પ્રસંગનું સ્મરણ કરો એટલે તમને બીજું પણ સારૂં અને શુભ કરવાનું મન થાય એ સમયે એ સારૂં કાર્ય કરવાથી જે સેટીસ્ફેક્શન, જે સંતોષ, જે પ્રસન્નતા મળ્યાં હતાં તે અત્યારે ફરી એવું જ સારૂં કરવાની પ્રેરણા કરે છે.

સવારની સાધના છે સારપને પ્રગટાવવાની અને બપોરની સાધના છે સારપથી પ્રેરિત થવાની... !

સવારના ધ્યાન, બપોરે સ્મરણ અને રાત્રે... રાત્રે શુધ્ધિની સાધના. ! !

ગમે તેટલું વિચાર્યું હોય કે આજે આખા દિવસમાં ગુસ્સો કરવો નથી, છતાં ક્યાંક  થઈ જાય છે... ગમે તેટલું ધાર્યું હોય કે નેગેટીવ થવું નથી પણ ક્યાંક નિમિત્ત મળે એટલે નેગેટીવ થઈ જવાય છે, ગમે તેવો સંકલ્પ ક્ર્યો હોય કે અહમ્ કરવો નથી, ઈર્ષ્યા કરવી નથી, પણ અનાદિકાળના સંસ્કાર જાગૃત થઈ જાય અને અહમ્ થઈ જાય.

રાત્રે સૂતા પહેલાં આત્મ શુધ્ધિની સાધનામાં એ જ વિચારવાનું કે આજે મેં ક્યાં, કોની ઉપર ગુસ્સો ક્ર્યો. એ ગુસ્સો કરવાનું કારણ શું હતું ?  એ ગુસ્સો

કરવો કેટલો જરૂરી હતો ? એ કાર્ય ગુસ્સાના બદલે પ્રેમથી પણ થઈ શકે તેમ હતું કે નહીં ? કોની સાથે પ્રોબ્લેમ થયા, કઈ વાત પર અહમ્ ર્ક્યો, કોની ઈર્ષ્યા કરી, કોના પ્રત્યે દ્વેષ ભાવ ર્ક્યો, કોના પ્રત્યે અણગમો ર્ક્યો... !!! એના ઉપર ચિંતન-મનન કરવું અને ફરી એવુ ન કરવાનો સંકલ્પ કરવો... અને એને આચરણમાં મૂક્તાં મૂક્તાં, નફરતની માત્રાને ઘટાડતાં-ઘટાડતાં પ્રેમની માત્રાને વધારતાં-વધારતાં આત્માની શુધ્ધિ કરવી અને સૂતાં પહેલાં ઘરની દરેક વ્યક્તિ પછી એ નાના હોય કે મોટા દરેકને ક્ષમાના ભાવથી સોરી કહેવું અને બીજા બધાંની બે હાથ જોડી ભાવપૂર્વક ક્ષમા માંગવી.

હૃદયથી માફી માંગી લેવાથી, સોરી કહેવાથી, મન હળવું થઈ જાય છે, વિચારો શાંત થઈ જાય છે અને ઊંઘ પણ શાંતિથી સરસ આવે છે. મનના કારણે તન પણ રીલેકસ થઈ જાય છે અને બ્લડ પ્રેશર, એસીડીટી, ડાયાબીટીસ અને કેન્સર જેવા રોગોથી બચી શકાય છે અને બીજે દિવસે પણ ફ્રેશ ફીલ કરી શકાય છે.

જે સોરી કહે છે તે સ્વસ્થ રહે છે.

સવારે શાંત અને પોઝીટીવ થવા ધ્યાનની સાધના... બપોરે રીચાર્જ થવા સ્મરણની સાધના અને રાત્રે રીલેકસ થવા શુધ્ધિની સાધના.

શાંત, સ્વસ્થ, સુખી, સમૃધ્ધ અને સફળ થવા માટેની ત્રણ તબક્કાની શ્રેષ્ઠ સાધનાનો પ્રયોગ કરવા જેવો તો છે જ... !!

# સાધકની ક્ષણ ક્ષણ

કોઈ વ્યક્તિ ચાહે સંસારમાં હોય કે સંયમમાં, પણ જો એ આત્મિક ભાવોમાં, શુભ ભાવોમાં, ધર્મ ભાવોમાં રમણ કરતી હોય, તો તેના પ્રત્યેક દિવસ દીપકની જ્યોત સમાન હોય અને જે રાગભાવ, ઇર્ષ્યા ભાવમાં હોય તો તેના પ્રત્યેક દિવસ ભડકા સમાન હોય.

જે સરળ હોય, નમ્ર હોય, આસક્તિ રહિત હોય, ઋજુ હોય તેના દરેક દિવસ... દરેક ક્ષણ દીવા સમાન હોય અને જે ક્રોધી હોય, રાગી હોય, મોહી હોય, આસક્ત હોય તેના દરેક દિવસ... દરેક ક્ષણ ભડકા સમાન હોય...

જેનામાં ખંતિ, મુતિ, અજવે જેવા ગુણો હોય તેની સમર્પણતા શુધ્ધ અને વિકલ્પ રહિત હોય.

જે ઘીમાં ભેળસેળ હોય, એ ઘીમાંથી પ્રગટાવેલ દીપકની જ્યોતમાંથી તણખા ઝરતાં હોય અને આડી અવળી જતી હોય. જ્યારે જે ઘી શુધ્ધ હોય, એમાંથી પ્રગટાવેલી દીપકની જ્યોત શાંત, સીધી અને સ્થિર હોય.

જે શુધ્ધ ધાર્મિક હોય એના વ્યવહાર અને વર્તનમાં કયાંય અવિનય ન હોય.

સાધક એ જ સાચો કહેવાય જેની સમર્પણતા શુધ્ધ હોય. એના ભાવોમાં, એના વિચારોમાં કયાંય શંકા કે વિકલ્પ ન હોય. માટે જ, પરમાત્માએ સાધક માટે નિત્યક્રમ બતાવ્યો છે, સાધકની સવાર કેવી હોય, સાધકની બપોર કેવી હોય અને સાધકની રાત તથા સાધકની ક્ષણે ક્ષણ કેવી હોય ? ?

બધાં કર્મોના ઉદયે કે સમય અને સંજોગોના કારણે દીક્ષા ન લઇ શકે પણ સંસારમાં રહીને પણ સંયમી જીવન જીવી શકાય, સાધકદશાને અનુભવી શકાય.

જેને પોતાનો દિવસ દીપક જેવો બનાવવો હોય તેની સવાર શુધ્ધ હોવી જોઇએ.

કહેવત છે ને કે સવારે જેનું મોઢું જોયું હોય એવો દિવસ જાય.

જો સવારે આંખ ખૂલતાં જ ચોવીસ તીર્થંકર ભગવાનના દર્શન થાય તો દિવસ સારો જ જાય. સવાર જ પરમાત્મા દર્શનથી થાય તો એ દિવસ સારો જ જાય.

પણ... આજના જેટ યુગમાં શાંતિ કરતાં સ્પીડ વધારે છે.

યાદ રાખવું, જેની સવાર ઉતાવળવાળી, એનો દિવસ ઉપાધિવાળો !

ઉતાવળ આપણી આંતરિક એનર્જીને ડીસ્ટર્બ કરે છે.

માટે જ, પહેલાંના યુગમાં વડીલો બાળકોને રમતાં રમતાં એ જ શીખવતા,

રાતે વહેલાં જે સૂવે, વહેલાં ઉઠે વીર,

બળ, બુધ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર.

વાત બહુ નાનકડી છે પણ આપણા પૂર્વજોએ નાનકડી વાતમાં પણ કેટલું તથ્ય સમાવી સંસ્કારના પાયાને મજબૂત બનાવ્યો છે.

આજે મોટાભાગના ઘરમાં એ જ ફરિયાદ હોય છે, રાત્રે વહેલો સૂતો નથી અને સવારે વહેલો ઉઠતો નથી.

જેની રાત બગડે, તેની સવાર બગડે અને જેની સવાર બગડે, તેનો દિવસ બગડે.

જે બ્રહ્મ મૂહુર્તમાં ઉઠે છે તેની બ્રહ્મ નાડીઓ પાવરફુલ હોય. જેની બ્રહ્મ નાડીઓ પાવરફુલ હોય તે હંમેશાં ફ્રેશ અને સ્વસ્થ હોય. તે પળે પળે પોઝીટીવ એનર્જીને ફીલ કરતાં હોય.

સવારે બ્રહ્મ મૂહુર્તમા ઊઠીને માત્ર નવ મિનીટ ઊંડા શ્વાસ લેવાના... ડીપ બ્રીધીંગ કરવાનું... ધ્યાન કરવાનું.

ધ્યાન કરવાથી, મનની ચંચળતા દૂર થવાથી તન પણ સ્વસ્થ રહેશે. શરીર સ્વસ્થ રહેવાથી સાધના પણ એકાગ્રતાથી કરી શકાય અને જ્યારે સાધના સચવાય તો શુધ્ધિ તરફ આગળ વધી શકાય.

સાધક ક્યારેક મોડો ઉઠે નહીં અને મોડો ઉઠે તે ક્યારેય સાધક હોય નહીં.

સંસારમાં રહીને પણ સંયમમાં રહેવું એ પણ એક સાધના છે. દીક્ષા ન લઇ શકાય તો વાંધો નહીં. ભગવાને બતાવેલા સાધક જીવન શૈલીનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ સંસારમાં રહીને પણ સંયમી જીવન જીવવા સમાન છે.

વહેલી સવારે ઉઠીને નવ મિનિટ ધ્યાન કરવાથી બલ્ડ પ્રેશર, એસીડીટી, ડાયાબીટીસ જેવા રોગો પણ દૂર થઇ શકે છે. ધ્યાન એ આપણા મગજનો ખોરાક છે. ધ્યાનથી મન શાંત થાય છે અને જ્ઞાનતંતુઓ રીલેક્સ થાય છે. ધ્યાન કરવાથી વહેલી સવારથી જ પરમાત્મા સાથે કનેક્શન થઇ જાય છે અને એની અસર આખો દિવસ રહે છે. જેના કારણે અચાનક જ બધું સૂઝવા લાગે છે, ગમે તેવી પરિસ્થિતિમાં શાંત રહી શકાય છે, નિર્ણયાત્મક શક્તિ વધી જાય છે.

ધ્યાન એ પરમાત્મા સાથે કનેક્ટ થવાની પ્રોસેસ છે.

ઘણાં કહેતાં હોય છે કે અમને ધ્યાન કરતાં આવડતું નથી અથવા ધ્યાનમાં મન લાગતું નથી. વિચારો આવ્યા કરે છે.

ધ્યાન ન ફાવે તેને માટે નામ છે, પરમાત્માનું સ્મરણ છે. પહેલાંના શ્રાવકો સવારે વહેલાં ઉઠીને નવ વખત નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં અને પછી પરમાત્માની સ્તુતિ અને સ્તવન ગાતા. પરમાત્માનું નામ લેનાર વ્યક્તિની અનેક પ્રકારની અંતરાયો અને અનેક પ્રકારના વિધ્નો દૂર થાય છે. પરમાત્માના સ્મરણમાં ગજબની શક્તિ હોય છે. સતત સ્મરણ કરનાર સાધક સાધના શક્તિથી સર્પનું ઝેર પણ ઉતારી શકે છે.

જેની સવાર નમસ્કાર મંત્રના ભાવવાળી હોય, પ્રભુ સ્મરણ સાથેની હોય એની સવાર દીપકની જ્યોત જેવી હોય.

સાધકની સવાર દેવગુરુ ધર્મની વંદનાથી શરૂ થાય.

વંદના કરવાથી, દેવગુરુ સમક્ષ મસ્તક નમાવવાથી, અહમ્ શૂન્ય બનાય છે અને વિધીપૂર્વકની વંદના કરવાથી શરીરની એકસરસાઇઝ પણ થાય. જેની સવાર વંદનાથી શરૂ થાય તે ક્યારેય નિષ્ફળ ન જાય.

સવારની વંદના દિવસને સફળ બનાવવાની પ્રોસેસ છે.

માટે જ, પરમાત્માએ બતાવેલી નાનામાં નાની સાધના પણ નથી નકામી હોતી કે નથી નમાલી હોતી... ! ! આપણને નાની લાગે છે માટે ઉપેક્ષા કરીએ છીએ.

ઘણાંને આદત હોય કે સવારના ઉઠીને પહેલાં જ મોઢું ધોવાનું અને અરિસામાં મોઢું જોવાનું... એટલે સવાર જ હિંસાથી શરૂ થઇ ગઇ, અને આસક્તિ વધારવાની ક્રિયા ચાલુ થઇ ગઇ. એટલે જ નિયમ કરવાનો... જ્યાં સુધી પરમાત્માના મુખના  દર્શન ન થાય ત્યાં સુધી મારે મારૂં મુખ નહીં જોવાનું.

જેમણે વહેલી સવારે ઉઠીને પ્રભુનું મુખ જોયું હોય એનું મુખ એવું થઇ જાય કે બધાંને તેની સન્મુખ જવાનું મન થાય.

જેમ જમતી વખતે થાળીમાં એકલી રોટલી ન ચાલે, દાળ, ભાત, શાક જોઇએ, જેમ શરીરને ટકાવવા એકલું પ્રોટીન ન ચાલે, સાથે વિટામીન્સ્ અને મિનરલ્સ્ પણ જોઇએ એમ સાધનામાં એકલી સામાયિક ન ચાલે સાથે ધ્યાન, વંદના, સ્મરણ, સ્તુતિ અને સર્વ પ્રત્યેની વિનય ભાવ પણ જોઇએ.

આવી હોય સાધકની સવાર...! આવી હોય સાધકની શ્રધ્ધા અને ભક્તિથી પ્રજ્વલ્લિત જ્યોત જેવી...!!

પરમાત્માનો સાધક કેવો હોય ?

પરમાત્માનો સાધક પાપભીરૂ હોય. જેને પાપનો ડર હોય, જે પાપ કરતાં ડરતો હોય અને પાપ થઇ જતાં રડતો હોય.

સાધક એ જ હોય જે પોતાનું જતન કરે અને સમસ્ત સૃષ્ટિના જીવોનું જતન કરે. પરમાત્માએ માત્ર માનવતાની જ પ્રેરણા નથી કરી માનવતા સાથે જતનાની પણ પ્રેરણા કરી છે. સાધક એ હોય જે ક્ષણે ક્ષણે જાગૃત હોય. એના બોલવા, ચાલવા, ઉઠવા, બેસવા, ખાવા, પીવા અને સૂવામાં પણ જતના અને જાગૃતિ હોય.

દીક્ષા લેવી એ બધાંના ભાગ્યમાં ન હોય. કાયમ માટે પરમાત્માની પછેડી પહેરવાનું સદ્ભાગ્ય ન હોય, પણ ઉપાશ્રયના બદલે ઘરમાં રહીને અને શ્વેત વસ્ત્રોના બદલે મલ્ટીકલર વસ્ત્રોમાં પણ સાધક જીવન જીવીને સાધક દશાનો અનુભવ કરી શકાય છે.

જે ત્યાગ સાધુ કરી શકે એમાંથી ૮૦% ત્યાગ જો ધારે તો સાધક કે શ્રાવક પણ કરી શકે.

પોલીસવાળો રાત્રે ઘરમાં સૂતો હોય અને એના ઘરમાં ચોર ઘૂસી જાય... એની પત્ની એને જગાડે ત્યારે એ  એમ કહે કે, હું અત્યારે 'ડયુટી' પર નથી તો કેવો લાગે ? અરે ! ચોર તારા જ ઘરમાં આવ્યો છે અને ચોરી કરશે તો નુકશાન તને જ થશે.

ડયુટી પર હોય ત્યારે જ પોલીસ અન્યથા કોઇ નૈતિક ફરજ નહીં ! ! !

એમ દીક્ષા લે એ જ સાધક એવું ન હોય, દીક્ષા ન લીધી હોય તે પણ સાધક બની શકે.

દીક્ષા લે એ જ સાધુ હોય... એ જ નિયમોનું પાલન કરે એવું ન હોય... સંસારમાં રહીને પણ જે સાધુ જેવું જીવન જીવે છે તે અનેક પ્રકારની હિંસા અને પાપકારી પ્રવૃત્તિથી બચી શકે છે, આસક્તિથી બચી શકે છે અને આત્મગુણોને ખીલવી શકે છે.

જ્યાં આસક્તિ વધારે ત્યાં ઉત્પતિ વધારે... !

જેને પાણી વધારે ગમે છે, પાણી ઢોળવું અને પાણીમાં વધારે સમય ગમે છે તેને પાણીનો ભવ મળે છે. જેને વસ્ત્રોનો મોહ છે, તેને વસ્ત્ર વિનાનો ભવ મળે છે.

વસ્ત્રો પહેરવા છે અને કલર જ પહેરવા છે તો પહેરવા માટે પહેરવા છે, એના પ્રત્યે આસક્તિ કરવી નથી. આ કલર ગમે છે, આ નથી ગમતો, આ કલર મારા પર સારો લાગે છે... આ કલરમાં હું સારો લાગું છું. એવા કોઇ પણ પ્રકારના કોઇ ભાવ હોવા ન જોઇએ.

સાધક એ જ ભોજન જમે જેમાં જતના જળવાતી હોય. સાધક ક્યારે હોટલ કે લારી પાસે ઊભા રહીને ખાવાનો વિચાર ન કરે.

સાધક જ્યારે ઘરમાંથી બહાર નીકળે ત્યારે પહેલાં પ્રથમ સ્ટેપમાં જમણો પગ બહાર મૂકે. એની પાછળ પણ જબરદસ્ત લોજીક હોય છે. જો તમારૂં પ્રથમ સ્ટેપ પોઝીટીવ હોય તો બાકીના બધાં સ્ટેપ્સ પોઝીટીવ થઇ જાય. જે

પોઝીટીવ હોય, જેના સ્ટેપ્સ પોઝીટીવ હોય એ સર્વત્ર સફળ અને સન્માનનીય હોય.

પણ થાય શું ? સૌથી પહેલી ભૂલ હોય રાત્રે મોડા સૂવાની. મોડા સૂવે એટલે મોડા ઉઠે... મોડા ઉઠે એટલે બધાં જ કામમાં ઉતાવળ... ઉતાવળમાં પરમાત્માનું સ્મરણ કે ગુરુને વંદના કયાંથી યાદ આવે... ઉતાવળ હોય એટલે આવેશ અને આક્રોશ હોય. એટલે લાઇફનું પ્રથમ સ્ટેપ રાત્રે વહેલા સૂવાનું રોંગ થયું એટલે બાકીના બધાં જ સ્ટેપ રોંગ જ થાય... રોંગ સ્ટેપ્સ એટલે નિષ્ફળતાનું સ્ટેપ...!!

સાધક એ જ હોય જે ક્ષણે ક્ષણનો સદુપયોગ કરે.

જેમ દરજીની નવો ચંદરવો કે નવી રઝાઇ લેવાની ક્ષમતા ન હોય તો એ શું કરે ? એની પાસે જેટલાં પણ લીરા પડયાં હોય એને સાંધીને સુંદર ચંદરવો બનાવી લે.

એમ સાધકની જ્યારે દીક્ષા લેવાની ક્ષમતા ન હોય.... સાધુની જેમ ચોવીસ કલાક ધર્મધ્યાન કરવાની ક્ષમતા ન હોય તો ભગવાન કહે છે નો પ્રોબ્લમ...! તમારા બે કાર્યની વચ્ચે તમને જે બે, પાંચ કે સાત મિનિટનો સમય મળે છે તેનો સદુપયોગ કરી લ્યો. એ મિનિટો ધ્યાન સાધના કે પ્રભુ સ્મરણમાં વિતાવો... એ બે, પાંચ મિનિટ તમારા આખા દિવસને પોઝીટીવ બનાવી દેશે. સતત મનમાં પરમાત્માનું સ્મરણ કરતાં રહેવું.

સાધક એ જ હોય જેનું મન સંસારના વિચારોમાં ભટકતું ન હોય પણ સતત મંત્ર સ્મરણ કરતું હોય...!

તન હોય કાર્યમાં અને મન હોય મંત્રમાં...

તન હોય પ્રવૃત્તિમાં અને મન હોય પ્રભુ સ્મૃતિમાં....!

જેનું મન પ્રભુ સ્મરણમાં હોય તેનું મન ક્યારેય બગડે નહીં.

જેનું મન પ્રભુ સ્મરણમાં ન હોય તેનું મન ક્યારેય સુધરે નહીં.

ઘરેથી ઓફિસ જવા નીકળ્યાં... ઓફિસ પહોંચતા ૧૫-૨૦ મિનિટ લાગે, તે સમયનો ઉપયોગ પ્રભુ સ્મરણમાં કરો... તમે રસોઇ કરો છો રસોઇ કરતાં કરતાં મનમાં સતત સ્મરણ કરતાં રહો. તમારા ભાવો, તમારા વિચારો અને તમારી ઓરા પોઝીટીવ થઇ જશે. પછી તમે જે ફિલ્ડમાં પગ મૂકશો... સફળતા તમારી સામે જ હશે. ભગવાન કહે છે... સાધક હંમેશા સમયને સાંધે છે.

ક્ષણ ક્ષણના સમયના લીરાનો ઉપયોગ કરી સુંદર ચંદરવો બનાવે.

આખા દિવસમાં ઓછામાં ઓછો બે કલાક જેટલો સમય સાધના માટે મળી જશે. આપણી પાસે ટાઇમ છે પણ ટાઇમ મેનેજમેન્ટ નથી.

મનુષ્યભવની એક એક ક્ષણ અમૂલ્ય હોય છે. અને આ અમૂલ્ય ભવ ક્યારે પૂરો થઇ જશે તેની કાંઇ ખબર નથી. સાધક હોય તે સૂતા પહેલાં સહુને 'સોરી' કહીને જ સૂવે.

ઇગો કે અહમ્ સાથે સૂવું એટલે આખી રાતનું ભાવ મરણ... ! પણ સૂતાં પહેલાં એકવાર 'સોરી' કહી દીધું એટલે તમે ક્લીયર થઇ ગયાં. સામેવાળા સોલ્વ કરે કે ન કરે... !

સાધક હોય એ રાત્રે સૂતા પહેલાં 'સંથારા' ની ભાવના ભાવી સાગારી સંથારાના પચ્ચક્રખાણ કરીને સૂવે. એટલે રાત્રે સૂતાં પહેલાં... બોલીને સૂવે...

આહાર, શરીર અને ઉપધિ, પચ્ચક્ખું પાપ અઢાર, મરણ આવે તો વોસિરાવું જીવું તો આગાર. અર્થાત્, જો ઊંઘમાં જ મૃત્યુ થઇ જાય તો બધાંને વોસિરાવું છું અને જીવી જાઉં તો આગાર છે. સવારના ઊઠીને નમસ્કાર મંત્ર ગણીને પચ્ચક્ખાણ પાળી લેવાના.. !

સાધક એ જ હોય જેની અંદરની આંખ ખુલ્લી હોય... જે ક્ષણે ક્ષણે સાવધાન હોય.

# ડીસકનેકટ ટુ કનેકટ

સામાયિક એટલે સંસારમાં રહીને પણ સંસારથી ડીસકનેકટ થવાની પ્રોસેસ !

માનો કે, તમે કોઈ અગત્યના કાર્યમાં બીઝી છો, અને વારંવાર... વારંવાર ફોનની રીંગ વાગે છે. તમને તમારા કાર્યમાં ડીસ્ટર્બ થાય છે એટલે તમે શું કરો છો ? થોડીવાર માટે ફોનના રીસીવરને નીચે મૂકી દયો છો.

એટલે શું થાય છે ?

તમારો ફોન થોડા સમય માટે એંગેજ થઈ જાય છે, ફોનનું કનેક્શન તો ચાલુ જ છે પણ તમને રીંગ નથી સંભળાતી અને સામેવાળી વ્યક્તિને એંગેજ ટોન સંભળાય છે. તમે એને મળી શક્તાં નથી, એ તમને મળી શક્તાં નથી.

એમ સામાયિક એટલે અમુક સમય સુધી સંસારથી ડીસકનેટ થઈ પરમાત્મા સાથે અથવા પરમાત્માની સાધનામાં બીઝી થઈ જવું.

સામાયિકની સાધના કરવાથી શું લાભ થાય ?

સામાયિકની સાધના કરવાથી વ્યક્તિ અનેક પ્રકારના પાપથી, પાપકાર્યોથી અને પાપવૃત્તિથી ડીસ્કનેકટ થઈ જાય છે. થોડીવાર માટે બે ઘડી,

(૪૮ મિનિટ), ચાર ઘડી કે છ ઘડી માટે એંગેજ થઈ જાય છે.

સંસારમાં હોવા છતાં અમુક સમય માટે પોતાના આત્માને સંસારથી, ડીસ્કનેકટ કરવાની પ્રોસેસને ભગવાને 'સામાયિક' કહી છે.

સામાયિક એટલે જે તમારા આત્માના ગુણોનો વધ કરે છે એવી પાપ વૃત્તિથી ડીસકનેકટ થઈ જવું. હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, અબ્રહ્મ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ જેવી વૃત્તિઓથી દૂર થઈ જવું.

જૈન દર્શન બે પ્રકારના ત્યાગમાં માને છે. અલ્પ ત્યાગ અને પૂર્ણ ત્યાગ.

અલ્પ સમય માટે સંસારનો ત્યાગ કરી, સાધુ જેવું જીવન જીવવું એનું નામ છે સામાયિક !!

સામાયિક બાંધવી અને સામાયિક ગ્રહણ કરવી એ અલગ વસ્તુ છે અને સામાયિક અનુભવવી એ અલગ વસ્તુ છે.

અડતાલીસ મિનિટ માટે સંસારનો ત્યાગ કરવો, સંસારની સર્વ પ્રવૃત્તિઓથી અલિપ્ત થઈ જવું અને સાધુત્વનો અહેસાસ કરવો એ છે સામાયિક !

સામાયિક બાંધીને બેઠા હો અને વહુ ગેસ ઉપર દૂધનું તપેલું મૂકીને ગઈ હોય અને તમને દૂધ ઊભરાતું દેખાતું હોય, એ સમયે પણ સમભાવમાં રહેવું એ સાર્થક સામાયિક કહેવાય. ગમે તેટલું નુકશાન થાય અને સમભાવ ટકી રહે એ સામાયિક કહેવાય.

સામાયિક એ બાંધવાનો અને પારવાનો વિષય નથી. સામાયિક એ અનુભવવાનો અને એ જ ભાવોમાં ટકી રહેવાનો વિષય છે.

પોલીસના ઘરમાં જ્યારે અર્ધી રાતના ચોર આવે છે ત્યારે તેની પત્ની તેને જગાડે છે, ઊઠો, જલ્દી ઊઠો, ઘરમાં ચોર આવ્યા છે. તે સમયે પોલીસ શું જવાબ આપે છે ? પોલીસ કહે છે, 'હું અત્યારે ડયુટી પર નથી.'

એનો અર્થ એ જ થયો કે, ડયુટી પર હોય ત્યારે જ ચોરને પકડવાનો, બાકીના સમયમાં ભલે ચોર ચોરી કરે અને એ પણ પોતાના જ ઘરમાં ચોરી કરે તો પણ કરવા દેવાની ! ! !

એમ શું સામાયિકમાં હો ત્યારે જ પાપનો ત્યાગ હોય કે પાપનો ત્યાગ ચોવીસે કલાક કરવાનો હોય ?

ચોવીસ કલાક સમભાવમાં રહેવા માટે એક કલાકની નેટ પ્રેકટીસ કરવી એ છે દ્રવ્ય સામાયિક. ચોવીસ કલાક સમભાવમાં રહેવાનો પ્રયત્ન કરવો એ છે ભાવ સામાયિક ! !

રોજના નિયમમાં જો એક દિવસ પણ દ્રવ્ય સામાયિક ન થાય તો વ્યક્તિ અપસેટ થઈ જાય છે પણ ભાવ, વિભાવ કે અભાવમાં આવી જાય તો કાંઈ જ ફરક ન પડે. !

જ્યાં સુધી પોલીસના ડ્રેસમાં છે ત્યાં સુધી જ પોલીસની ડયુટીમાં છે, પછી નહીં, એવું તો ન હોય ને ! !

સામાયિક એ પણ કાંઈ ડયુટી ન હોય, એક કલાક, બે કલાક કે ચાર કલાક કરી લીધી એટલે આજના દિવસની ડયુટી પૂરી ! !

ચોવીસ કલાક એ જ ભાવમાં રહેવું એ સાચી અને સાર્થક સામાયિક છે.

આવી ભાવની સામાયિક, સતત સમભાવમાં રહેવાની સામાયિકથી જીવને શું લાભ થાય છે ?

સમભાવથી, સાધનાથી વિરતીની પ્રાપ્તિ થાય છે. વિરતી એટલે વૈરાગ્ય ! હિંસાથી વૈરાગ્ય, ચોરીનો વૈરાગ્ય, જૂઠ પ્રત્યે વૈરાગ્ય, પરિગ્રહનો વૈરાગ્ય ! અંદરમાં રહેલી પાપવૃત્તિ અને અવગુણોથી વૈરાગ્ય !

કલાક પૂરતો ત્યાગ એ દ્રવ્ય સામાયિક છે ત્યાગમાં વ્યક્તિ વસ્તુને છોડે છે, વૈરાગ્યમાં વસ્તુ છૂટી જાય છે.

ચોવીસ કલાક માટે જે સમતા રાખવાની છે તે માટે એક કલાક જે પ્રેકટીસ કરવામાં આવે તે સામાયિક છે.

પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા માટે ગાડી ૧૦-૧૫ મિનિટ ઊભી રહે અને પછી કલાકોના કલાકો સુધી રોડ પર દોડે, તેમ એક કલાક રાખેલી સમતા જો આખો દિવસ ટકી રહે તો એ સાચી સામાયિક કરી કહેવાય.

પણ થાય છે શું ?

એક કલાક માટે કરેલા સંસાર ત્યાગની અસર બાકીના ત્રેવીસ કલાક રહે છે કે ત્રેવીસ કલાકના સંસારની અસર એક કલાકના સંસાર ત્યાગ પર પડે છે ? ?

સામાયિકની અસર સંસાર પર હોય છે કે સંસારની અસર સામાયિક પર હોય છે ?

ચેક કરો, તમને સામાયિકમાં સંસારની વાત યાદ આવે છે કે સંસારમાં સામાયિકમાં રાખેલી સમતા યાદ આવે છે ?

જો એક કલાકની સામાયિકની અસર આખો દિવસ રહે તો જ એ સામાયિકનું મૂલ્ય છે.

જે સામાયિકમાં ન કરાય, તે સામાયિક વગર પણ ન કરાય એવી જાગૃતિ, એવી આત્મિક એલર્ટનેસ, એવી સાવધાની આવી જાય તો જ સામાયિક અમૂલ્ય બની જાય.

માનો કે, તમે કોઈના બંગલામાં ગયા અને બહાર બોર્ડ મારેલું જોયું કે, 'બિવેર ઓફ ડોગ', કૂતરાથી સાવધાન, હવે તમે એ બંગલામાં હર એક પગલું સાવધાનીથી ભરો કે બિન્દાસ બંગલામાં પહોંચી જાવ ! ! કેમકે, અંદરમાં એક ભય છે ક્યાંક કૂતરો આવી જશે તો, કરડી જશે તો ! ! !

એમ મનના દ્વારા પર પણ એક બોર્ડ હોવું જોઈએ. 'બિવેર ઓફ સંસાર', સંસારથી સાવધાન, પછી તમારી પ્રત્યેક ક્ષણ સાવધાની પૂર્વકની થઈ

જશે. પ્રતિ પળ તમે એલર્ટ થઈ જશો, ક્યાંક મારાથી પાપ તો નહીં થઈ જાય, ને મારાથી હિંસા તો નહીં થઈ જાય ને, મારાથી અસત્ય તો નહીં બોલાય જાય ને!! એટલે પાપ પ્રત્યે લજ્જાનો ભાવ આવી જાય, પાપ પ્રત્યે વૈરાગ્ય થઈ જાય!!

સામાયિક એ પાપ પ્રત્યેની સાવધાનીનું કાર્ય છે. સામાયિક એટલે પાપને સાંકળથી બાંધી દેવું.

જેમ કૂતરાને સાંકળથી બાંધી દેવામાં આવે તો એ એક લીમીટથી વધારે દૂર ન જઈ શકે અને એક લીમીટથી વધારે કૂદકા ન મારી શકે. એમ સામાયિક કરવાથી, નિયમિત રૂપે સામાયિક કરવાથી પાપ પ્રવૃત્તિ પર, સંસારની પ્રવૃત્તિઓ પર એક લીમીટ આવી જાય છે. મન, વચન અને કાયાથી પાપની લીમીટને વધારતાં જવું એ ભાવ સામાયિક છે.

હિંસાનો ત્યાગ કરવો એ અલગ વાત છે અને હિંસા પ્રત્યે વૈરાગ્ય પ્રગટવો એ અલગ વાત છે.

અનેક ત્યાગી હોય ત્યારે એક વૈરાગી હોય. વૈરાગ્યમાં વૃત્તિ છૂટે છે, ત્યાગમાં વસ્તુ છૂટે છે.

સામાયિક આપણી અંદરમાં રહેલા વિષમભાવને સમભાવ તરફ લઈ જાય છે.

સામાયિકની ગણતરી ન હોય કે મેં બે સામાયિક કરી કે પાંચ સામાયિક કરી.

જ્યાં ગણતરી હોય ત્યાં સામાયિક ન હોય,

જ્યાં સામાયિક હોય ત્યાં ગણતરી ન હોય.

ભગવાન મહાવીરે ક્યારેય એવું નકકી ન હતું કર્યું કે મારે આજે ઉપવાસ કરવો છે, પણ આત્મા સાથે અનુસંધાન કરતાં કરતાં ભૂખ ન લાગે, તરસ ન લાગે અને એ ભાવમાં જ રહે, એ જ એમનો ઉપવાસ!!

ત્યાગમાં ગણતરી હોય કે મેં ત્રણ દિવસ આહારનો ત્યાગ કર્યા એટલે મેં અઠ્ઠમ કર્યો. વૈરાગ્યમાં કોઈ ગણતરી ન હોય કે કેટલાં દિવસથી આહાર છૂટી ગયો છે.

ત્યાગમાં સમયનું માપ હોય, વસ્તુનું માપ હોય, સ્થિતિ અને સંજોગોનું માપ હોય જ્યારે વૈરાગ્યમાં કોઈ જ પ્રકારનું માપ ન હોય.

ત્યાગ કરતાં કરતાં જ્યારે તે સંસ્કાર બની જાય છે તેને વૈરાગ્ય કહેવાય છે.

એકવારનો ત્યાગ જ્યારે વારંવાર... વારંવાર થવા લાગે છે ત્યારે તે ત્યાગ ઓટોમેટિક એના સંસ્કાર બની જાય છે, એના આત્મા સાથે જોડાય જાય છે અને એ ત્યાગ જ વૈરાગ્ય બની જાય છે.

ત્યાગનો નિયમ છે, ત્યાગનો સમય પૂરો થઈ જાય એટલે ભોગ શરૂ થઈ જાય.

એક કલાકની સામાયિકમાં એક કલાક સમભાવમાં, 'સ્વ' ભાવમાં રહેનારી વ્યક્તિ પણ એક કલાક પૂરો થતાં વિભાવમાં આવી જાય છે.

એક મહિના માટે મિઠાઈનો ત્યાગ કરનાર વ્યક્તિ મહિનો પૂરો થતાં જ મિઠાઈ ખાવાનું શરૂ કરી દે છે.

એક મહિના માટે મિઠાઈનો ત્યાગ થયો પણ મિઠાઈ ખાવાની વૃત્તિ ન છૂટી, મિઠાઈ પ્રત્યેની આસક્તિ ન છૂટી.

માટે જ, ત્યાગની સામાયિક શ્રેષ્ઠ છે, પણ વૈરાગ્યની સામાયિક સર્વ શ્રેષ્ઠ છે, ઉત્તમ છે.

ત્યાગ સમય જતાં પૂરો થઈ જાય છે, જ્યારે વૈરાગ્ય દિવસે ને દિવસે ભરતી પામે છે, દિવસે દિવસે પરમાત્મા તરફ પ્રગતિ કરાવે છે.

સમભાવની સાધના સામાયિક આપણને 'સ્વ' ભાવ સુધી લઈ જાય અને 'સ્વ' ભાવથી સિધ્ધિ સુધી લઈ જાય એ જ મંગલ ભાવના !!

# સમાધિ

સમાધિ... સમાધિ એટલે શું ?

આત્મા જ્યારે 'પર' માંથી 'સ્વ' તરફ આવે છે ત્યારે જે અનન્ય અનુભૂતિ થાય છે તેને 'સમાધિ' કહેવાય છે.

આત્માનું 'પર' માં જવું, 'પર' વસ્તુ, 'પર' વ્યક્તિ કે 'પર' વાતાવરણમાં ભળવું તેને પરમાત્માએ આધિ, વ્યાધિ અને ઉપાધિ કહી છે.

જેમ થોડો સમય પારકાના ઘરે રહ્યાં પછી જ્યારે વ્યક્તિ પોતાના ઘરે પાછો આવે અને જે 'હાશ' ની અનુભૂતિ થાય તેવી અનુભૂતિને સમાધિ કહેવાય.

અનંતકાળથી જીવ 'પર' માં જ સુખનો અનુભવ કરતો આવ્યો છે, પર મને સુખ આપે છે. પરથી હું સુખી છું, એ અજ્ઞાનમાં જ રહ્યો છે.

'પર' ને સુખનું કારણ માનવું તે ભ્રમ છે. અનંતકાળથી જીવ આ જ ભ્રમમાં જીવી રહ્યો છે.

એ સત્યને જાણવા અંદરથી જે તડપ, જે જિજ્ઞાસા જાગે અને એ

જિજ્ઞાસાનું સમાધાન થાય અને અનાદિકાળનો ભ્રમ તૂટે ત્યારે જે અનુભૂતિ થાય તેને 'સમાધિ' કહેવાય.

આ શરીર, આ આકૃતિ, આ સ્વજનો, આ બોલાતાં શબ્દો આ બધું જ ભ્રમ છે, એવું રીયલાઇઝ થવા પર જે અનુભવ થાય તે 'સમાધિ' છે.

ભ્રમમાંથી સત્ય તરફ આવવું, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ આવવું તે 'સમાધિ' છે.

જેમ અંધ માણસને વોમિટ કરેલી ખીર ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે તેમ જ્યાં સુધી જીવને જ્ઞાનની આંખ નથી મળતી ત્યાં સુધી તે તેના ભ્રમને જ પોષે છે.

જ્ઞાનની આંખ કોણ આપે ? જ્ઞાન અને સત્ય કયાંથી પ્રાપ્ત થાય ?

જ્ઞાનની આંખ એ જ આપી શકે, જેમની સાથે તમારી ફ્રિકવન્સી મેચ થાય, જેમની સાથે તમારે ઋણાનુબંધ હોય, એ જ પોતાના અનુભવથી, એમના આત્માના ભાવો તમારા આત્મા સુધી પહોંચાડી શકે, એ જ સત્યનો અનુભવ કરાવી શકે.

મહાવીર અને ગૌતમના ઋણાનુબંધ હતાં એટલે મહાવીરની વાણી ગૌતમના કાનને ન હતી સંભળાતી... ગૌતમના હૃદયને સ્પંદિત કરતી હતી અને ગૌતમના આત્માને અનુભૂતિ કરાવતી હતી.

આત્મદશાની જે અનુભૂતિ થાય તે સમયે આત્માની જે સ્થિતિ હોય તેને 'સમાધિ' કહેવાય.

મહાવીરના સ્થાને જો ભગવાન પાર્શ્વનાથ ગૌતમને મળ્યાં હોત તો ! ગૌતમને કદાચ એમની વાણી સ્પર્શી શકી ન હોત, કેમકે પાર્શ્વનાથ સાથે એમના ઋણાનુબંધ ન હતાં.

ભ્રમનું તૂટવું અને સત્યનું પ્રગટવું તેનું નામ સમાધિ.

આત્માનું પરમય થવું તે ઉપાધિ કહેવાય અને આત્માનું સ્વમય થવું તે સમાધિ કહેવાય.

સમાધિ પ્રગટે કેવી રીતે ?

ભગવાને તેનો એક માત્ર ઉપાય બતાવ્યો છે વિનય !

અને વિનય પણ બહારનો દેખાવ કે વ્યવહાર નહીં, પણ અંતરંગ ભાવ, અંતરંગ સમર્પણતા, સર્વ ઇચ્છાનું મૃત્યુ કરી, સત્‌ગુરુના શરણમાં સોંપાઇ જવું તેને ભગવાને વિનય કહ્યો છે.

ગૌતમ મહાવીર પાસે આવે, મહાવીરના ચરણ અને શરણમાં સમર્પિત થાય પછી એને કોઇ જ ઇચ્છા ન રહે. પછી એનું મન જ એનું ન રહે, જે મહાવીરની ઇચ્છા એ જ એની ઇચ્છા... ! આને કહેવાય ‘‘પરમ વિનય’’.

જ્યારે આવો પરમ વિનય પ્રગટ થાય ત્યારે જ સમાધિ પ્રગટ થાય.

સમાધિ પ્રગટ કરવી સહેલી કે અઘરી ?

જો ઇચ્છાઓ છૂટવા લાગે તો સમાધિ સહજ અને સહેલી છે અને જો ઇચ્છાઓ ન છૂટે તો સમાધિ અત્યંત અઘરી છે.

ભગવાન કહે છે,

ક્રોધને કાઢવો સહેલો છે, પણ બુધ્ધિને કાઢવી અઘરી છે. લોભને કાઢવો સહેલો છે, પણ બુધ્ધિને કાઢવી અઘરી છે. ઇચ્છાઓને કાઢવી સહેલી છે, પણ બુધ્ધિ કાઢવી અઘરી છે. કેમકે, બુધ્ધિ  કાયમ અને સતત માપવાનું જ કામ કરે છે.

જ્યાં સુધી શ્રધ્ધાનો જન્મ થતો નથી ત્યાં સુધી વિઝન કલીયર ન થાય એટલે સાચું- ખોટું સમજાય નહીં. સાચું- ખોટું સમજાય નહીં એટલે ભ્રમ પોષાયા કરે.

બુધ્ધિ સત્યના પ્રાગ્ટયને અટકાવી દે છે, પણ વિનય બુધ્ધિનું મૃત્યુ કરાવે છે.

જ્યાં વિનય હોય ત્યાં બુધ્ધિ ન હોય.

જ્યાં બુધ્ધિ હોય ત્યાં વિનય ન હોય.

સત્ય અંદરમાંથી પ્રગટ થાય તે પહેલાં તો મૃત્ય આવી જાય એટલે પાછા સંસારના પરિભ્રમણમાં !

એટલે જીવતાં, જાગૃત અવસ્થામાં મૃત્યુ આવે તે પહેલાં મૃત્યુને અનુભવતાં સત્યને પ્રગટ કરવું એ ‘સમાધિ’ છે.

બુધ્ધિ જ્યારે શૂન્ય થાય છે ત્યારે વિનય પ્રગટ થાય છે અને વિનય જ્યારે પ્રગટ થાય છે ત્યારે જે સત્યનો અનુભવ થાય છે, તે ‘સમાધિ’ છે.

વિનય પ્રગટ કરવા માટેનું શ્રેષ્ઠ કારણ છે સેવા.

જ્યારે પોતાની બુધ્ધિ, આસક્તિ, ઇચ્છા છૂટે ત્યારે જ વ્યક્તિ પરમાત્મા, સત્‌ગુરુ, સંત કે માતા- પિતાની સેવા કરી શકે.

જ્યારે પોતાનો અહમ્ છૂટે ત્યારે સેવા થાય.

સેવા આપણા સ્વાર્થને છોડાવે છે.

સમાધિ ન મળે તે ધર્મ જ ન હોય.

સંપતિ માટે સત્યને છોડયું, સગવડતા માટે સત્યને છોડયું, અને ભ્રમમાં ભવોના ભવો પસાર કર્યા.

આ ભવમાં પણ સત્ય સાંભળવા મળ્યું, સત્યને સમજાવનાર મળ્યાં પછી પણ ભ્રમમાં જવાનું કારણ શું છે ?

મોહ, આકષર્ણ, લાગણી અને અજ્ઞાન !

જ્યાં સુધી મોહનો ભંગ નહીં થાય ત્યાં સુધી સત્ય નહીં સમજાય અને જ્યાં સુધી સત્ય નહીં સમજાય ત્યાં સુધી સમાધિ નહીં મળે.

જ્યાં બુધ્ધિ શૂન્ય છે ત્યાં સમાધિ છે.

જ્યાં બુધ્ધિનો ઉપયોગ છે ત્યાં ઉપાધિ છે.

# સ્મરણાથી સંકલ્પ

એ દિવસ, જ્યારે ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ ભગવાન મહાવીરના સમવશરણમાં પ્રથમવાર પ્રવેશ કરે છે, એ દિવસનું મહત્ત્વ... એ દિવસે એક આત્મા એક પરમ પળને પામે છે. એ દિવસે એક આત્મા અનંતકાળના ભવભ્રમણા પછી અંતિમ ભવને પામે છે... એક એવો આત્મા, જે આ અંતિમ ભવમાં પ્રકાંડ પંડિત, ચાર વેદના જાણકાર અને પાંચસો શિષ્યોના ગુરુ, ભગવાન મહાવીર સાથે ઋણાનુબંધ ધરાવનાર છે, એ આત્મા... એ ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ જ્યારે ભગવાન મહાવીરના સમવશરણમાં પ્રવેશે છે ત્યારે તેને ખબર ન હતી કે, આજે મારા જીવનની એ ક્ષણ આવવાની છે જે ન માત્ર મારા જીવનને પણ મારા જીવને બદલી નાંખશે, મારી લાઈફની દિશા બદલી નાંખશે.

ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ પ્રથમ વખત જ ભગવાન મહાવીરને નિહાળે છે અને મહાવીરના શ્રીમુખેથી જ્યારે એમની બાહ્ય ઓળખના શબ્દો સરી પડે છે, ગોયમા ! એ શબ્દો સાંભળતાં જ આશ્ચર્યચક્તિ ગૌતમના હૃદયમાં હલચલ થઈ જાય છે... અરે ! જેમની સાથે મારી કોઈ પૂર્વ પહેચાન નથી, એ મને ઓળખે છે કેવી રીતે ? શું

છે એમની અને મારી વચ્ચે ? વિચારો અને કલ્પનાઓની હારમાળા વચ્ચે ગૌતમ સમવશરણના એક એક પગથિયાં ચઢતાં જાય છે, ભગવા વસ્ત્રધારી ગૌતમ, નિવસ્ત્ર દિગમ્બર અવસ્થાવાળા મહાવીરને નિહાળતાં જાય છે.

આ તરફ ભગવાન મહાવીરને પૂર્ણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયાનો બીજો દિવસ હતો. ગઈકાલે પણ સમવશરણમાં હજારો લોકો હતાં અને આજે પણ હજારો લોકો છે, પણ મહાવીરની આંખો એક એવી વ્યક્તિને શોધી રહી છે. જેમની સાથે એમનાં દિલના તાર જોડાયાં હોય અને જેમની સાથે ઋણાનુબંધના સંબંધ હોય. મહાવીરે જે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે જ્ઞાન જગતને આપવું છે, પણ યોગ્ય પાત્રના હાથમાં આપવું છે, યોગ્ય હૃદયમાં આર્પણ કરવું છે.

આ બાજુ ગૌતમની ભગવાન મહાવીરના સાંનિધ્યમાં એક એક ક્ષણ પસાર થઈ રહી હતી અને ક્ષણે ક્ષણે એમના મનનું, એમના સંશયનું સમાધાન થતું હતું, જેમ જેમ સમાધાન મળતું ગયું, તેમ તેમ શ્રધ્ધા અને વિશ્વાસ વધવા લાગ્યાં, સમર્પણતાના ભાવ જાગૃત થવા લાગ્યાં. પણ, દ્વિધા પણ હતી.

એક તરફ પોતાના શિષ્યો અને ભક્તો હતાં અને એક તરફ પોતાને જેમના ભક્ત થવાનું મન થતું હતું તે 'મહાવીર' હતાં.

એક તરફ પોતાનો મઠ, આશ્રમ, પોતાનું સામ્રાજ્ય અને પોતે જે ધારે તે કરી શકે તેવી ક્ષમતા હતી અને એક તરફ માત્ર મહાવીર હતાં જ્યાં પોતાનું કાંઈ જ ચાલે તેમ ન હતું.

વચમાં ગૌતમ હતાં, એક એવા પોઈન્ટ પર ઊભા હતાં, દુવિધામાં હતાં કે ટર્ન આ તરફ લેવો કે આ તરફ ?

'હર એકના જીવનમાં એકવાર એક એવી ક્ષણ આવતી જ હોય છે જ્યારે એક તરફ એક પૂર્ણ શ્રેષ્ઠ વ્યક્તિ હોય અને એક તરફ હજારો સામાન્ય વ્યક્તિઓ

હોય અને તે સમયે તે દ્વિધામાં પડી જાય છે કે મારે કઈ તરફ વળવું ?'

એક વાત યાદ રાખવી જોઈએ, 'પરમાત્માનો કોલ આવે ત્યારે આપણે સામાન્યનાં કોલમાં એંગેજ ન રહેવું જોઈએ.'

પરમાત્માનો કોલ આવે ત્યારે આપણો ફોન એંગેજ હોય તો શું પરમાત્મા રાહ જુએ ?

જેને પરમાત્માના કોલની પ્રતિક્ષા હોય તે ક્યારેય સામાન્ય સાથે કનેક્ટ ન રહે.

જે સામાન્ય સાથે કનેક્ટ રહે છે, તે શ્રેષ્ઠને ગુમાવી દે છે.

ગૌતમ પાસે એક તરફ ૬૦ વર્ષોના સાથીઓ, ભક્તો, સેવા કરનારાઓ હતાં અને એક તરફ થોડી જ ક્ષણો પહેલાં મળેલાં એક મહાવીર હતાં !

**એક તરફ 'મોત' સુધી સાથ દેનારા હતાં અને એક તરફ 'મોક્ષ' સુધી સાથ દેનાર હતાં.**

એક તરફ લાગણી બતાવનારા હજારો હતાં, જે ગૌતમની પાછળ હતાં અને એક તરફ જેમના પ્રેમમાં ગૌતમ ભિંજાતા હતાં એવા એક મહાવીર હતાં જે ગૌતમની આગળ હતાં.

ગૌતમ દ્વિધામાં છે, પણ એ જાણે છે એ જ લાઈફનો ટર્નીંગ પોઈન્ટ છે, આ જ જીવન પરિવર્તનની ક્ષણ છે, એનો અંતર આત્મા જાગૃત થઈ જાય છે અને ગૌતમ વળી જાય છે પોતાના ઋણાનુબંધવાળી વ્યક્તિ તરફ... !!

જ્યારે વીતરાગનો રાગ થાય છે ત્યારે સંસારના કોઈ સંબંધ તેને અટકાવી શક્તાં નથી.

ગૌતમે પોતાના ફોનના, સંબંધના, કોન્ટેકટ લીસ્ટમાંથી ન માત્ર બધાં જ કોન્ટેકટસ્ ડીલીટ કરી નાંખ્યા પણ એમણે પોતાનો નંબર પણ બદલી નાંખ્યો, પોતાની આઈડેન્ટીટી જ બદલી નાંખી.

જે આજ સુધી 'મઠાધિપતિ' હતાં તે હવે મહાવીરની 'ચરણરજ' બની ગયાં. જે આજ સુધી ગર્વિત ગુરુ હતાં તે આજ સમર્પિત શિષ્ય બની ગયાં.

પણ જે મહાવીર ખાતર, જે પ્રેમ ખાતર સર્વસ્વ છોડયું, એ જ મહાવીર આજે એમને જ છોડીને ચાલ્યાં ગયાં હતાં ! ! !

કેવી હતી એ વેદના... એ વ્યથા... એ વ્યાકુળતા ? ? ?

પણ યાદ રાખવું, ગુરુ કે પરમાત્મા જ્યારે તમને દૂર કરતાં હોય ત્યારે વધારે નજીક લાવવા માટે જ કરતાં હોય છે.

ગૌતમ વિલાપ કરતાં કરતાં વિચારવા લાગ્યાં, હવે તો જ્યાં મારા ભગવાન ત્યાં જ હું, જ્યાં મારા ગુરુ ત્યાં જ હું, જ્યાં મહાવીર ત્યાં જ હું !

હવે મારે મારા બધાં જ વિચારો, વિકલ્પો અને વિકારોનો ક્ષય કરવો છે, મારે સંપૂર્ણ શૂન્ય બનવું છે.

ગૌતમ વિયોગની વેદનાની ભઠ્ઠીમાં એવા શેકાવા લાગ્યાં અને એમના વિયોગની વેદના એમની સાધનાનો પ્રયોગ બની ગઈ અને એ પ્રયોગની પ્રયોગશાળામાં શુધ્ધ-વિશુધ્ધ બનતાં ગયાં.

હજુ તો મધ્યરાત્રિએ મહાવીરના વિયોગને અનુભવ્યો, વિલાપ કર્યો, સમજને પ્રાપ્ત કરી, સત્યને સમજ્યાં અને વહેલી સવારે કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળ દર્શનમય પરમ પદની પ્રાપ્તિ કરી.

નૂતનવર્ષના મંગલ પ્રભાતની એ ક્ષણ, ભગવાન મહાવીરના સવાયા શિષ્ય ગૌતમના કેવળજ્ઞાનના ઉત્સવની અમૂલ્ય ક્ષણ હોય છે. માટે જ નૂતનવર્ષને 'ગુરુ ગૌતમ સ્મૃતિ દિન' તરીકે મનાવવામાં આવે છે. ગૌતમના સ્મરણ સાથે, ગૌતમની સ્મૃતિ સાથે નવા વર્ષના આગમનને વધાવવામાં આવે છે.

ભગવાન મહાવીર પાસે કેટલાં છે એનાથી ગૌતમને કોઈ મતલબ ન હતો, 'હું મહાવીરનો છું', એટલો જ મતલબ હતો. આવા શ્રેષ્ઠ અને સમર્થ ગૌતમના સ્મરણ સાથે આપણે ગુરુ ગૌતમસ્વામી પાસે બે વસ્તુની માંગણી સાથે નવા વર્ષની શુભ શરૂઆત કરવાની છે.

એક એમના જેવો વિનય પ્રગટો અને બીજું એમના જેવો પરમ પ્રત્યેનો પ્રેમ પ્રગટો !

જો એમના જેવો ઉત્કૃષ્ટ વિનય અને પરમ પ્રેમ પ્રગટશે તો જ ગૌતમ જેવી લબ્ધિ, ગૌતમ જેવી સિધ્ધિ અને ગૌતમ જેવું સામર્થ્ય પ્રગટ થશે.

ગૌતમ જેવી ભક્તિ, શ્રધ્ધા, સ્નેહ અને સમર્પણતા પ્રગટાવવા ગુરુ ગૌતમના સ્મરણ સાથે, ગુરુ ગૌતમને હૃદયમાં સ્થાન આપવાનો સંકલ્પ કરો, એમના જેવો પુરુષાર્થ કરો એ જ નૂતનવર્ષના મંગલ પ્રભાતે, ગુરુ ગૌતમ સ્મૃતિ સાથે સુમંગલ આશીર્વાદ !

# ક્રિયા એક, લાભ અનેક

એક એંસી - પંચ્યાસી વર્ષના વયોવૃધ્ધ વ્યક્તિ વળીને, ઝૂકીને, બે હાથ જોડીને એક વીસ-એકવીસ વર્ષની વ્યક્તિને નમસ્કાર-વંદના કરતાં હોય એ દશ્ય કેવું ભાવવાહી હોય !!

સાધુ-સંત, સદ્‌ગુરુને વંદના-નમસ્કાર કરવાની પ્રણાલિકા માત્ર જૈન ધર્મમાં જ નહીં, લગભગ બધાં જ ધર્મોમાં હોય છે. એવું તે શું હોય છે કે દરેક ધર્મમાં એનું વિશેષ મહત્વ બતાવ્યું છે ? વંદના-નમસ્કાર શા માટે કરવાના ? એની પાછળનો હેતું શું છે ?

મોટા-મોટા કરોડપતિ, ઉદ્યોગપતિ, રાજનેતા અને રાજા જેવી વ્યક્તિઓ પણ એક વીસ-બાવીસ વર્ષના સાધુ-સાધ્વીને ભાવથી વંદના કરતાં હોય.

વંદના શા માટે હોય ?

વિનય કહેવાય માટે... પરંપરા છે માટે... બધાં કરે છે માટે. ? ?

કોઈ હાથ જોડે, કોઈ સાષ્ટાંગ પ્રણામ કરે, કોઈ મત્થએણં વંદામિ કહે, કોઈ નમાજ પઢે, વિધી કોઈ પણ હોય પણ ભાવ દરેકમાં વંદનાનો જ હોય છે, કરે

છે બધાં પણ ભાગ્યેજ કોઈને ખબર હશે, વંદના કરવાનું લક્ષ્ય શું હોય ? વંદનાનો હેતુ શું હોય ? વંદના કેવી હોવી જોઈએ ? વંદના કરતી વખતે આપણે આપણું મસ્તક સંતો, સદ્ગુરુ અને પરમાત્માના ચરણમાં શા માટે મૂકીએ છીએ ?

મસ્તકને 'ઉત્તમા' કહેવાય છે, ઉત્તમા એટલે કે શરીરનું શ્રેષ્ઠ અંગ... દેહનું ઉત્તમ અંગ !

ચરણને 'કનિષ્ઠ' કહેવાય છે, કનિષ્ઠ એટલે કે શરીરનું સામાન્યમાં સામાન્ય અંગ, દેહનું તુચ્છ અંગ !

વંદન કરતી વખતે, દેહગુરુના ચરણમાં મસ્તક મૂક્તી વખતે ભાવના હોવી જોઈએ કે, મારૂં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અંગ, આપના સામાન્ય અંગ ચરણ કરતાં પણ તુચ્છ છે. મારા શ્રેષ્ઠ અંગને આપના સામાન્ય અંગ પર મૂકવાનું સદ્ભાગ્ય મળ્યું એ મારા પરમ સૌભાગ્ય છે.

ભગવાન કહે છે, વંદના એ વ્યક્તિનો આંતરિક ભાવ છે, વંદના એ અહમ્ વૃત્તિને ઘટાડવાનો ભાવ છે, વંદનામાં શ્રેષ્ઠ અને સામાન્યના ભેદને સમજવાનો ભાવ છે, વંદનામાં ઉત્તમ અને તુચ્છ વચ્ચેના લેવલને અનુભવવાનો ભાવ છે.

વંદના એ અંતરભેદને સમજવાનું માધ્યમ છે. જેમને હું વંદના કરૂં છું તે પાંચ મહાવ્રતના ધારક છે અને હું અણુવ્રતનો ધારક છું, તેઓ શ્રેષ્ઠ છે અને હું સામાન્ય છું, તેઓ ગુરુ છે અને હું ભક્ત છું. તેઓ સંત છે અને હું શ્રાવક છું. તેઓ વડીલ છે અને હું નાનો છું.

આવો અંતરભેદ સમજાય ત્યારે વંદનામાં અહોભાવ આવે. આવો અંતરભેદ ત્યારે જ સમજાય જ્યારે વંદનાની સમ્યક્ સમજ હોય.

મોટાભાગે વંદના એક રૂટિન પ્રોસેસ થઈ ગઈ છે. એક વ્યવહારનું માધ્યમ બની ગઈ છે, એટલે એમાં બાહ્ય ક્રિયા હોય છે પણ અંતરભાવ નથી હોતો.

જ્યારે ગૌતમ ભગવાન મહાવીરને પૂછે છે, હે ભંતે ! વંદના કરવાથી શું લાભ થાય ?

ત્યારે ભગવાન કહે છે, સમજ સાથે અહોભાવ પૂર્વક જે વંદના કરે છે તેને ઉચ્ચ કૂળ મળે છે, ગર્ભ શ્રીમંત પરિવારમાં તેનો જન્મ થાય છે. તેને ઉચ્ચ જાતિ, બળ, જ્ઞાન આદિ પ્રાપ્ત થાય છે.

જેની વંદનામાં વિનય હોય, નમ્રતા હોય, ભાવ હોય, તેની ગતિ સામાન્ય કૂળમાં નિશ્ચિત થઈ ગઈ હોય છતાં વંદનાના કારણે તેમાં ફેરફાર થઈ ઉચ્ચ કૂળ પ્રાપ્ત કરી શકે છે. આવી ક્ષમતા હોય છે ભાવથી કરેલી વંદનામાં ! !

વંદના વખતે જો અંતરમાં ભેદજ્ઞાન હોય કે એ શ્રેષ્ઠ છે અને હું સામાન્ય છું તે વ્યક્તિ વિશિષ્ટ તપ સાધના અને જ્ઞાન આરાધના કરી શકે છે. ખોવાયેલા માતા-પિતા મળી જાય એવો યોગ સર્જાય જાય છે, ખોવાયેલી વસ્તુ મળી જાય છે. ઉચ્ચ જાતિ, ઉચ્ચ કૂળ, વિશિષ્ટ બળ અને નયનરમ્ય રૂપની પ્રાપ્તિ થાય છે. સમૂહની વચમાં પણ તે એક વ્યક્તિને શ્રેષ્ઠ સ્થાન અને સન્માન મળે છે. જય અને વિજય મળે છે.

સાડા ત્રણ કરોડ રોમરાય રોમાંચિત થઈ જાય અને હૃદય અહોભાવથી સ્પંદિત થઈ જાય એવી વંદના કરનારને ભવિષ્યમાં ઉત્તમ પ્રકારનું ઐશ્વર્ય અને સર્વ પ્રકારની સુખ-સગવડતા અને સાનુકૂળતા પ્રાપ્ત થાય છે. એવા પ્રકારનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે જેના દ્વારા એ જે બોલે તેવું જ થાય. એને કોઈ હરાવી ન શકે, કોઈ ડગાવી ન શકે. તેની લાઈફમાં કોઈ સમસ્યા કે સંઘર્ષ ન આવે. તેની દુર્ગતિ પણ સદ્‌ગતિમાં પરિવર્તિત થઈ જાય.

વંદના જ્યારે રૂટિન બની જાય છે ત્યારે કોઈ લાભ પ્રાપ્ત થતો નથી, એક ક્રિયા, એક વિનયનો વ્યવહાર બનીને રહી જાય છે.

વંદના કરતી વખતે અંતરમનમાં પ્રાર્થનાના ભાવ હોવા જોઈએ, એક વિનંતિ હોવી જોઈએ, અરજ હોવી જોઈએ.

હે પ્રભુ ! તારી અને મારી વચ્ચે જે અંતર છે તે અંતર મટી જાય એવી કૃપા કરજે. !

હે સિધ્ધ પરમાત્મા ! આપના જેવા ગુણો મારામાં પ્રગટે અને હું પણ આપની જેમ સંસારના પરિભ્રમણથી મુક્તિને પામું એવી કૃપા કરજો. !

હે આચાર્ય દેવ... હે ગુરુ ભગવંત ! આપ સન્યાસી છો અને હું સંસારી, આપણા વચ્ચેનું અંતર ઘટે એવી કૃપા અને કરૂણા કરજો. ! !

જે વંદના કરે છે, તેનું તન, મન અને જીવન ત્રણેય સ્વસ્થ રહે છે.

સવારે ઊઠીને પ્રથમ દેવગુરુ ધર્મને વંદના કરવાનો નાનકડો નિયમ ભવિષ્યના ભવોમાં ઉચ્ચકુળ અને ઉચ્ચ જાતિ સાથે શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય એવા પુણ્ય કર્મનો બંધ કરાવે છે.

ભાવ અને અહોભાવથી કરેલી એક વંદના અનેક લાભનું કારણ બને છે, એક વંદના અનેક પ્રકારના પુણ્યનું કારણ બને છે, એક વંદના અનેક પ્રકારના પાપ કર્મોના ક્ષયનું કારણ બને છે, એક જ વંદનામાં આત્માને પરમાત્મા બનાવવાની ક્ષમતા સમાયેલી છે.

ગૌતમે ભગવાન મહાવીરના ચરણ અને શરણમાં એટલાં અહોભાવથી વંદના કરી કે એ વંદનાની ઉત્કૃષ્ટતા અને એમાં સમાયેલા વિનયના કારણે ગૌતમ મહાવીરના પ્રથમ ગણધર બની ગયાં, જે જ્ઞાન ભગવાન મહાવીરે સાડાબાર વર્ષની કઠિન સાધના બાદ પ્રાપ્ત કર્યું એ જ જ્ઞાન વિનય સભર વંદનાના કારણે ગૌતમ સ્વામીને ભગવાનની કૃપા અને કરૂણાના કારણે સાડા બાર સેકંડમાં પ્રાપ્ત થઈ ગયું.

સમ્યક્ પ્રકારે કરેલી વંદનામાં આટલી ક્ષમતા છે.

# આવો, બનીએ ભગવાન જેવા

અનેક કામ, બિઝનેસ, મિટીંગ્સ્ અગત્યના વ્યવહાર આદિ મૂકીને કોઈ વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં શા માટે આવે છે ? શા માટે સંતોની વાણી સાંભળવા આવે છે ? એની પાછળનો હેતુ શું હોય છે ?

હેતુ હોય છે કંઈક પામવાનો, કંઈક જાણવાનો, પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો, આત્માનું કલ્યાણ કરવાનો અને જીવન જીવવાની દૃષ્ટિ મેળવવાનો !

જો હેતુ આ હોય તો વ્યક્તિએ ધર્મ ક્ષેત્રમાં શું લઈને જવું જોઈએ ?

જે વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં જિજ્ઞાસા લઈને આવે છે, તેને સમાધાન મળે છે અને સમાધાન સમાધિ અપાવે છે, સમાધાન સમભાવ અપાવે છે.

ધર્મ ક્ષેત્રમાં આવીને સંતના દર્શન કરીને, સદ્ગુરુના દર્શન કરીને માત્ર શાંતિ જ ન મેળવવાની હોય, જ્ઞાનગુણની વૃધ્ધિ કરવાની હોય.

જે સદ્ગુરુ તમારા જ્ઞાનગુણની વૃધ્ધિ કરાવે, તે જ સદ્ગુરુ તમારા દર્શનગુણની પણ વૃધ્ધિ કરાવે.

દર્શન એટલે શું ?

દર્શન એટલે માત્ર આંખોથી જોવું નહીં,

દર્શન એટલે અંતરથી માનવું, સત્યને જાણવું, સત્યને સમજવું અને સત્યને સ્વીકારવું અને એના દ્વારા દર્શનની વિશુધ્ધિ કરવી.

દર્શનની વિશુધ્ધિ શેનાથી થાય ?

દર્શનની વિશુધ્ધિ પરમાત્માની સ્તુતિ અને સ્મરણ કરવાથી થાય. ભક્તિ કરવાથી થાય.

દર્શનની વિશુધ્ધિ એટલે જેવા ભગવાનના ભાવ એવા મારા ભાવ, જેવા ભગવાનના વિચાર એવા મારા વિચાર, જેવું ભગવાનનું આચરણ એવું મારૂં આચરણ, જેવી ભગવાનની વાણી એવી મારી વાણી !

ભગવાન જેવા ક્યારે બનીશું એ તો ખબર નથી પણ આજથી ભગવાન જેવા બનવાની શરૂઆત તો થઈ જ શકે ને! ભગવાન જેવા બનવા માટે છે ભગવાનની ભક્તિ અને સ્તુતિ !

માટે જ, દરેક ધર્મમાં ભગવાનની સ્તુતિ અને ભક્તિનું સવિશેષ મહત્ત્વ રહેલું છે.

પરમાત્માની સ્તુતિ... એટલે પરમાત્મા પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ. ! જ્યારે અંતર આત્મામાં પરમાત્મા પ્રત્યે પ્રેમ જાગે છે, અહોભાવ જાગે છે ત્યારે પરમાત્મા માટે બોલાયેલાં દરેક શબ્દ સ્તુતિ બની જાય છે, દરેક ભાવ ભક્તિ બની જાય છે, દરેક વર્તન વંદનીય બની જાય છે.

જ્યારે પરમાત્મા સાથે હાર્ટ ટુ હાર્ટ કનેક્શન થાય અને પછી મન, વચન અને કાયાથી જે થાય તેને કિર્તન કહેવાય છે, નૃત્યમાં માત્ર કાયા ડોલે છે જ્યારે કિર્તનમાં મન, વચન, કાયા અને આત્મા ડોલે છે, અસ્તિત્વ ડોલે છે.

પરમાત્મા પ્રત્યેના સ્નેહ અને શ્રધ્ધાને વ્યક્ત કરવા જ્યારે બે હાથ

જોડાય છે ત્યારે ભક્તિ થાય છે. પણ એ હાથ જોડવાની પ્રક્રિયા માત્ર રૂટિન કે રોબોર્ટ સ્ટાઈલ ન હોવી જોઈએ. હાથ જોડવા એ પણ એક આર્ટ છે અને એ આર્ટ આવડી જાય તો અનંતા કર્મોનો ક્ષય થઈ જાય.

એ આર્ટ ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે પરમાત્મા કે ગુરુ સાથે હાર્ટ જોડાય છે.

ભગવાનનો ધર્મ જડતાનો ધર્મ નથી. ભગવાનનો ધર્મ ચૈતન્યનો ધર્મ છે, સરળતાનો ધર્મ છે.

પરમાત્મા કે ગુરુને જોઈને જ પાંપણ ઢળી જાય અને હાથ જોડાય જાય અને એમના પ્રત્યેના અત્યંત અહોભાવના કારણે અંતર આત્મા એક અનેરા આનંદનો અનુભવ કરે, રોમ રોમ સ્પંદિત થઈ જાય ત્યારે દર્શનની વિશુધ્ધિ થાય છે.

એ દર્શનમાં, એ વંદનમાં એટલો બધો વિનય ભાવ હોય, નમ્રતા હોય, આદર હોય અને એક એક અંતર ભાવના હોય કે, શ્રેષ્ઠ પાસે આવીને હું કેવી રીતે શ્રેષ્ઠ બન !

એ દર્શનમાં એક કંપન હોય, એક ધ્રુજારી હોય કે શ્રેષ્ઠની સમક્ષ મારાથી કાંઈ ભૂલ ન થઈ જાય, મારાથી એમની અશાતના ન થઈ જાય, એ શ્રેષ્ઠત્તમને પામેલાંને મારા જેવા તુચ્છથી કાંઈ નાદાની ન થઈ જાય !

પરમાત્માની સ્તુતિ અને ભક્તિ ચાલતી હોય, ચોવીસ તીર્થંકર પરમાત્માના ગુણગ્રામ ગવાતાં હોય, હૃદય સંવેદનશીલ બન્યું હોય અને બંધ આંખે પણ, પાંપણના પરદામાં એક એક તીર્થંકર પરમાત્માની આકૃતિના દર્શન થતાં હોય, ત્યારે દર્શનની વિશુધ્ધિ થાય.

પરમાત્માની સ્તુતિ અને સ્મરણ કરતાં કરતાં કલ્પના થતી હોય, તમે ભક્તિમાં તલ્લીન છો. આંખો બંધ છે અને અચાનક જ તમને ડૉરબેલ સંભળાય છે,

તમે ઊભા થઈ દરવાજો ખોલો છો અને સામે જ શ્રી સીમંધર સ્વામી ઊભા છે. એમને જોતાં જ આશ્ચર્ય અને અહોભાવથી મન અને ચિત્ત આનંદ અને પ્રસન્નતા અનુભવે છે, હાર્ટબીટસ્ વધી જાય છે અને તમે મૌન બની જાય છો, અવાચક બની જાવ છો.

કરી છે ક્યારેય આવી કલ્પના ? ?

જો કલ્પના જ ન થાય તો વાસ્તવિક્તા કેવી રીતે થાય ?

આજની કલ્પના પુણ્યના યોગે વાસ્તવિક્તા સુધી લઈ જાય છે.

પરમાત્માની સ્તુતિ અને ભક્તિ કરતી વખતે શબ્દો ઓછાં અને ભાવ વધારે હોવા જોઈએ. જેમાં ભાવ અને અહોભાવ ન હોય એવું કિર્તન ક્યારેય કલ્યાણકારક બની ન શકે.

તન અને મન ક્યારે ડોલી શકે ?

જ્યારે ભક્તિમાં રસ અને રૂચિ ભળે.

જેમ અચાનક ટી.વી.માં મનપસંદ અને ગમતું ગીત આવે ત્યારે હાથ અને પગ કેવા થનગનવા લાગે !

કિર્તનની વ્યાખ્યા જ એ છે, જેમાં કાયા ભળી જાય !

ચોવીસ તીર્થંકરની સ્તુતિ એ માત્ર બોલવાનો પાઠ નથી, એ ભક્તિ ભરેલાં હૃદય ગાવાનો પાઠ છે. એ ગદ્ય છે, સ્તોત્ર છે, સ્તુતિ છે !

કોઈ પણ વ્યક્તિ કાંઈ પણ ગાઈ ક્યારે શકે ? જ્યારે અંદરમાંથી પ્રગટ થાય, અંતરમાંથી સ્ત્રવે, આત્મા સ્પંદિત થવા લાગે !

પરમાત્મા પ્રત્યે જ્યારે આવી સ્પંદના પ્રગટે ત્યારે દર્શનની વિશુધ્ધિ સાથે અનંતા મોહના કર્મો ક્ષય થઈ જાય, અનંતા મિથ્યાત્વ મોહનીય કર્મોનો ક્ષય થઈ જાય.

સ્તુતિ અને ભક્તિ તો અસંખ્ય વાર કરી હશે પણ ક્યારેય આવી સ્પંદના અનુભવી નથી માટે મોહ ઘટયો નથી.

જે પણ કરીએ, જેટલું કરીએ ભાવથી કરીએ. જેને ભાવથી ભક્તિ કરતાં આવડે છે તેને જ સંસાર સાગર તરતાં આવડે છે.

જેમાં તમે ડૂબી જાવ છો, તેમાં જ તમે તરો છે.

જે વ્યક્તિ બિઝનેસમાં ડૂબી જાય છે, ઓતપ્રોત થઈ જાય છે તે જ વ્યક્તિ સફળતાના શિખરે પહોંચી જાય છે.

પરમાત્માની સ્તુતિ કરતાં કરતાં જ્યારે પરમાત્મા પ્રત્યે અહોભાવ પ્રગટ થાય છે ત્યારે દર્શનની વિશુધ્ધિ થાય છે.

દર્શનની વિશુધ્ધિ એટલે મિથ્યાદર્શનનો ક્ષય !

દર્શનની વિશુધ્ધિ એટલે મોહનીય કર્મનો ક્ષય !

દર્શનની વિશુધ્ધિ એટલે સત્યનું દર્શન !

દર્શનની વિશુધ્ધિ એટલે કલીયર વિઝન !

દર્શનની વિશુધ્ધિ એટલે નિર્ણાયક શક્તિની પ્રાપ્તિ !

જે વ્યક્તિ ભાવથી, શ્રધ્ધાથી, પ્રેમથી, અહોભાવથી ભક્તિ કરે છે તેના દર્શનની વિશુધ્ધિ અવશ્ય થાય છે.

# ભાવથી બનાવીએ, ભાવિને ભવ્ય

જૈન દર્શનમાં પ્રતિક્રમણ એ એક આવશ્યક છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય !

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું અને પાપથી પાછા ફરવા માટે પ્રતિક્રમણ એ પરમાત્માની આજ્ઞા છે.

સવાર-સાંજનું પ્રતિક્રમણ, દિવસ સંબંધી પ્રતિક્રમણ, પંદર દિવસનું એટલે કે પાખીના દિવસનું પ્રતિક્રમણ, ચોમાસી પાખી એટલે કે ચાર મહિને એક વાર પ્રતિક્રમણ અને એ પણ ન થાય તો દરેક વ્યક્તિએ વર્ષમાં એકવાર એટલે કે સંવત્સરીનું પ્રતિક્રમણ તો અવશ્ય કરવું જ જોઈએ.

પ્રતિક્રમણ કરવાથી શું થાય ? પ્રતિક્રમણ શા માટે કરવાનું ?

જૈન ધર્મ પાસે એક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છે, જૈન ધર્મની દરેક ક્રિયા અને દરેક સિધ્ધાંતોમાં તાર્કિક સમાધાન હોય છે.

જ્યારે કોઈ વ્યક્તિ ખોટું બોલે છે, ખોટા કાર્ય કરે છે, અવિવેક ભર્યો વ્યવહાર કરે છે, કોઈ પણ પ્રકારનું પાપ કે હિંસા કરે છે, વ્યભિચાર આચરે છે,

અશાતના કરે છે, ત્યારે તેની આસપાસ એક નેગેટીવ એનર્જીનું વર્તુળ સર્જાય જાય છે. એ સર્કલ આપણી આસપાસ ગોળ ગોળ ફર્યા કરે છે અને કર્મોને એટ્રેક્ટ કરે છે.

સવારથી થયેલી ભૂલો, અસત્ પ્રવૃત્તિઓ કે જાણતા-અજાણતાં થયેલાં પાપોનું જો વહેલામાં વહેલું સાંજે પ્રાયશ્ચિત લઈ લઈએ, પ્રતિક્રમણ કરી લઈએ તો કર્મોનો ક્ષય થઈ જાય.

પ્રતિક્રમણમાં નેગેટીવ એનર્જીના સર્કલને ક્રેક કરવાની, તોડી નાંખવાની ક્ષમતા રહેલી છે.

માનો કે, એ જ દિવસે સાંજે પ્રતિક્રમણ કરવાનો સમય ન મળ્યો, તો પરમાત્મા કહે છે, પંદર દિવસે એકવાર એટલે પાખીના દિવસે તો પ્રતિક્રમણ કરવું જોઈએ. જેમને પંદર દિવસે પણ સમય ન મળે, તેમણે ચોમાસી પાખીના તો અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઈએ કેમકે એ અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે. ઘણાં લોકો એવા પણ હોય છે જેમને ચાર મહિનામાં એક વાર પણ પ્રતિક્રમણ માટે એક કલાકનો સમય નથી મળતો તેમના માટે ભગવાને સંવત્સરીનું પ્રતિક્રમણ એટલે કે વર્ષમાં એક વાર અવશ્ય કરવા યોગ્ય પ્રતિક્રમણ બતાવ્યું છે.

૩૬૪ દિવસ બાંધેલા પાપોને ધોવા માટેનો ૩૬૫ મો સંવત્સરીનો દિવસ, પાપોને ધોવાનો અને કર્મોનો ક્ષય કરવાનો લાસ્ટ ચાન્સ છે.

કદાચ ઘણાંને વિચાર આવે કે આખા વર્ષના પાપ, આખા વર્ષની ભૂલ, ખોટ, ખામીઓ એક જ દિવસમાં કેવી રીતે ધોવાય જાય !

જેમ લેઝરના સૂક્ષ્મ કિરણો પથરીને તોડી નાંખે છે, લેઝર કિરણોમાં પત્થરનો પણ ભૂક્કો કરવાની ક્ષમતા છે, તેમ સાચા ભાવથી મુખમાંથી નીકળેલાં ‘મિચ્છા મિ દુક્કડમ્’ શબ્દમાં ભૂતકાળના પાપોનો ક્ષય કરવાની ક્ષમતા છે.

એક જ શબ્દમાં આટલી સૂક્ષ્મ શક્તિ સમાયેલી છે.

માનો કે, તમે તમારા મિત્રો સાથે આરામથી ગાર્ડનમાં વોક લેતા હો અને એ જ સમયે તમારા કોઈ જૂના સંબંધી, ભૂતકાળની વાત લઈને તમને એકાદ અપમાનજનક શબ્દ સંભળાવી જાય ત્યારે તમને શું થાય ? ? અથવા તમારા ઘરમાં કોઈ સારો અને શુભ પ્રસંગ ચાલતો હોય અને તમારો કોઈ વેપારી આવીને તમને કંઈક કહી જાય, ત્યારે તમને શું થાય ?

ચૂપચાપ સાંભળી લ્યો કે તમારૂં લોહી ઉકળી જાય ? ગુસ્સો આવી જાય ? ગરમ થઈ જાવ ? અકળાઈ જાવ ?

જેમ અપશબ્દમાં તમને ક્રોધિત કરવાની, અકળાવવાની, ગરમ કરવાની તાકાત હોય તો એક શુભ શબ્દમાં, પરમાત્માના શબ્દમાં, 'મિચ્છા મિ દુક્કડમ્' જેવા નાનકડા શબ્દમાં વર્ષભરના પાપને ધોવાની તાકાત હોય છે. તમારી આસપાસ રચાયેલાં નેગેટીવ એનર્જીના સર્કલને તોડવાની તાકાત હોય છે.

આ વાત એ જ સર્વજ્ઞ પરમાત્માએ કહી છે, જેમની અનેક વાતો અને સિધ્ધાંતોને વૈજ્ઞાનિકો આજે પ્રયોગ દ્વારા પ્રુવ કરે છે. પરમાત્માની એક પણ વાત લોજીક વિનાની નથી, તથ્ય વિનાની નથી.

ભગવાન કહે છે બીજું કાંઈ આવડે કે ન આવડે, સમજાય કે ન સમજાય પણ જ્યારે 'તસ્સ મિચ્છા મિ દુક્કડમ્' બોલવાનું આવે ત્યારે ખૂબ જ ભાવથી પસ્તાવાના ભાવથી રડતા હૃદયે બોલવું જોઈએ.

ભાવથી બોલાયેલો એ એક શબ્દ તમારા ભાવિને ભવ્ય બનાવી શકે છે, તમારા આત્માને શુધ્ધ બુધ્ધ કરી સિધ્ધિ અપાવી શકે છે.

એક સમયે બે મિત્રો યુધ્ધના મેદાનમાં લડી રહ્યાં હોય છે, લડતાં લડતાં બંને મિત્રોને તીર વાગે છે અને ઘવાય જાય છે. એક મિત્ર જેનું નામ વરૂણ નાગનટુવા હોય છે તે જૈન હોય છે, તે સમજી જાય છે કે હવે અંત સમય આવી ગયો

છે એટલે સંથારા સાથે પ્રતિક્રમણની આરાધના કરવા લાગે છે. જ્યારે એનો અજૈન મિત્ર એનાથી થોડે દૂર ઘવાયેલો પડયો છે. એ મિત્રની ક્રિયાઓને જુએ છે એને ખબર નથી કે મિત્ર શું કરી રહ્યો છે ? એને સમજ નથી કે મિત્ર શું કરે છે ? એટલે એ હૃદયના ઊંડાણથી, ખૂબ જ ભાવથી પરમાત્માને પ્રાર્થના કરતાં એટલું જ કહે છે : હે ભગવાન ! આણુ, તાણું કાંઈ ન જાણું, મિત્રનું વચન પરમાણું !

અર્થાત્ હે પરમાત્મા ! મારો મિત્ર શું બોલે છે અને શું કરે છે એની મને નથી કોઈ ખબર કે નથી કોઈ સમજ... પણ આ અંતિમ સમયે એ જે ધર્મ કરે છે, એ જ મારા ભાવ છે, એટલે જે એમનું થાય એ મારૂં થજો !

યુધ્ધના મેદાનમાં મૃત્યુ પામીને જ્યારે અનેક લોકો દુર્ગતિમાં ગયા ત્યારે આ મિત્ર માત્ર 'જે એનું થાય તે મારૂં થજો', આટલું બોલીને સદ્ગતિને પામ્યો.

પ્રતિક્રમણ એ આત્માને શુધ્ધ કરવાની પ્રોસેસ છે.

પ્રતિક્રમણ એ સદ્ગતિ અપાવવાનું કારણ છે.

ઘણા કહેતાં હોય છે કે અમને તો પ્રતિક્રમણ આવડતું નથી, પ્રાકૃત ભાષાના શબ્દો સમજાતા નથી, તો પછી પ્રતિક્રમણ કરવાનો શું ફાયદો ?

તમે જે અનાજ, ફળ આદિ રોજ ખાવ છો, શું તમને ખબર છે ક્યા અનાજમાં કેટલાં પ્રોટીન છે અને ક્યા ફળમાં કેટલાં વિટામીન્સ છે ? છતાં તમે ખાવ છો અને તમારા શરીરમાં એની અસર થાય છે ને ! ! !

તેમ ભગવાન મહાવીરના આ પ્રતિક્રમણમાં શું તથ્ય છે, શું સત્ય છે એ સમજ પડે કે ને પડે પણ એટલી તો સમજ પડે જ છે આ પ્રતિક્રમણ મારા પાપોને ધોનારૂં તત્વ છે એટલે એને ધ્યાનથી સાંભળવું જોઈએ અને ભાવથી 'તસ્સ મિચ્છા મિ દુક્કડમ્' એટલે કે મારા પાપ મિથ્યા થાઓ, અમે બોલવું જોઈએ.

પસ્તાવાના ભાવથી, પાપ... પાપ છે અને મારાથી થયું છે એ રીયલાઈઝેશનથી, હૃદયથી બોલાયેલા 'મિચ્છા મિ દુક્કડમ્' ની અસર આત્માને થયા વિના રહે જ નહીં.

પ્રતિક્રમણ એ આવશ્યક સૂત્ર છે અને સંવત્સરી પ્રતિક્રમણ એ શ્રાવકનું પરમ કર્તવ્ય છે. સાધુઓ માટે તો રોજનું અને રોજ સવાર-સાંજનું પ્રતિક્રમણ ફરજિયાત હોય છે, જ્યારે શ્રાવક માટે રોજ ન થાય તો પંદર દિવસે, ચાર મહિને અથવા સંવત્સરીના દિવસે કરવું જરૂરી હોય છે.

જે સંવત્સરી પ્રતિક્રમણ કરે છે તેનું જૈનત્ત્વ ટકી રહે છે.

પ્રતિક્રમણમાં પરમાત્માએ છ પ્રકારના આવશ્યક બતાવ્યાં છે.

જૈન દર્શનમાં આજ્ઞાનું અત્યંત મહત્ત્વ છે. ધર્મની કોઈ પણ આરાધના કે અનુષ્ઠાન કરવા હોય તો પહેલાં પરમાત્મા કે ગુરુની આજ્ઞા લેવી જરૂરી હોય છે, એટલે સર્વ પ્રથમ પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં પહેલાં 'આજ્ઞા' લેવાની હોય છે.

એટલે પહેલો જ પાઠ આજ્ઞાનો પાઠ છે... હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો મારે પ્રતિક્રમણ કરવું છે.

ત્યાર બાદ ભૂલો કે દોષોનું સેવન થયું હોય તે માટે ગુરુ કે પરમાત્માની સાક્ષીએ ક્ષમાપના કરવાની હોય છે. વંદના કરી, ચરણ સ્પર્શ કરવા માટે વિનય પૂર્વક આજ્ઞા લેવામાં આવે છે.

ગુરુની પાસે સાડા ત્રણ ફૂટના અવગ્રહમાં આજ્ઞા વિના જવાય નહીં. કેમકે સાધુ સંયમી અને ત્યાગી હોય છે જ્યારે સંસારી ભોગી અને વિલાસી હોય છે, એટલે સંસારી જ્યારે સંતના અવગ્રહમાં આજ્ઞા વિના આવે તો સંતના સંયમ અને પોઝીટીવ વાઈબ્રેશન્સ્ ડીસ્ટર્બ થઈ શકે છે.

જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનો પ્રત્યે અવિનય કે અશાતના થયા હોય કે પછી દેવ, ગુરુ કે ધર્મની અવહેલના કરી હોય, એ બધાંથી મુક્તિ મેળવવા માટે પણ પ્રતિક્રમણ કરવું જરૂરી છે.

હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહનું સેવન થયું હોય, દિશાની મર્યાદાનું ઉલ્લંઘન થયું હોય, ભોગ, ઉપભોગ કે અનર્થ દંડનું પાપ લાગ્યું હોય, સામાયિક દસમુ વ્રત આદિ આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં કોઈ ભૂલચૂક થઈ હોય, પૌષધની આરાધનામાં અવિનય થયો હોય, સાધુ-સાધ્વીજીને વ્હોરાવવામાં અવિવેક થયો હોય, આવી કોઈ પણ પ્રકારની ક્ષતિઓ અને પાપના નિવારણ માટે પ્રતિક્રમણ કરવું જરૂરી છે.

પ્રતિક્રમણ દરમ્યાન મૃત્યુને સુધારવા માટે સંથારાની ભાવના ભાવવાની પણ પ્રેરણા કરવામાં આવી છે.

અઢાર પ્રકારના પાપ સ્થાનક, પચ્ચીસ પ્રકારના મિથ્યાત્વ અને ચૌદ પ્રકારના સંમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી કોઈ પાપ-દોષ લાગ્યો હોય, તેમની વિરાધના થઈ હોય તો તેમની ક્ષમા માંગવા માટે પ્રતિક્રમણ કરવું જોઈએ.

સંમૂર્ચ્છિમ મનુષ્ય એટલે આપણી જેવા જ આંખ, નાક, કાન અને મુખવાળા મનુષ્ય જે આપણા યુરિન, કફ, સળેખમ આદિમાં ઉત્પન્ન થાય છે. યુરિનના એક ટીપામાં ૪૮ મિનિટમાં લાખો મનુષ્ય ઉત્પન્ન થાય અને મૃત્યુ પામે.

પ્રતિક્રમણ દરમ્યાન વચમાં માંગલિકનું શ્રવણ કરવામાં આવે છે, પાપ-દોષોની પરમાત્મા સમક્ષ રજુઆત કરી ક્ષમા માંગવાની સાથે અહમ્ ઓગાળતી મંગલ ભાવના માટે માંગલિક હોય છે.

ધર્મ પ્રત્યે અશ્રધ્ધા થઈ હોય તે માટે શ્રમણ સૂત્ર હોય છે. પંચ પરમેષ્ઠિના અરિહંત પરમાત્મા, સિધ્ધ પરમાત્મા, આચાર્યજી, ઉપાધ્યાયજી અને સાધુ-

સાધ્વીજી અને શ્રાવક-શ્રાવિકાઓ પ્રત્યે અવિનય-અશાતના થયા હોય તો તેમની હૃદયપૂર્વક માફી માંગવા માટે પ્રતિક્રમણ કરવું જરૂરી હોય છે.

આખા વર્ષ દરમ્યાન લાગેલાં પાપોના પ્રાયશ્ચિત માટે વીસ અથવા ચાલીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે અને અંતમાં કોઈ પણ એક વસ્તુ કે પદાર્થના ત્યાગના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

આમ ભાવપૂર્વક વિધી-વિધાન અનુસાર પ્રતિક્રમણની આરાધના કરવાથી સમ્યક્ રૂપે પરિણમે છે, ભૂલો, દોષો, પાપ અને ક્ષતિઓની ક્ષમા માંગવાથી આત્માની શુધ્ધિ થાય છે, આત્મા નિર્મળ બને છે અને શુધ્ધ આત્મા મનને શાંત અને ચિત્તને પ્રસન્ન રાખે છે.

પ્રતિક્રમણની આરાધના દ્વારા વર્ષભરના પાપ ધોવાય છે અને ભવિષ્યમાં પણ આવી ધર્મ આરાધનામાં જોડાઈ પાપોની વિશુધ્ધિ કરતાં કરતાં... જૈનત્ત્વ અને ભગવાન મહાવીરના આ ધર્મને અંતરથી અનુભવીએ અને મોક્ષ માર્ગમાં આગળ વધીએ એવા મંગલ ભાવો સાથે પ્રતિક્રમણની આરાધના કરવી જોઈએ.

# ધર્મ પ્રાપ્તિનું એડવાન્સ બુકિંગ

ધર્મની પ્રભાવના... ધર્મની પ્રભાવના કરવાથી શું પ્રાપ્ત થાય ? શા માટે ધર્મની પ્રભાવના કરવાની ?

ભગવાન કહે છે, તમારા પ્રયત્નથી કોઈ વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં આવતી થાય અને ધર્મમાં સ્થિર થાય તો તે તમારા ભવિષ્યને ધર્મમય બનાવી દે છે.

એક ઉક્તિ છે.

'કરો દલાલી શ્રી કૃષ્ણ વાસુદેવ જેવી,

જેમણે બાંધ્યું તીર્થંકર નામ ગોત્ર.'

શ્રી કૃષ્ણ મહારાજે ખૂબ જ ધર્મની દલાલી કરી હતી. જેમ સંસારમાં બિલ્ડર્સ, બ્રોકર્સ વગેરે કાંઈ પણ કામ કરે પછી એના કામનું કમીશન લે તેને દલાલ કહેવાય અને તેના કાર્યને દલાલી, તેમ ધર્મ ક્ષેત્રમાં પણ કોઈ વ્યક્તિને ધર્મના માર્ગે લાવવાનું કાર્ય કરે તેને ધર્મ દલાલી ધર્મ પ્રભાવના, ધર્મ અનુમોદના કહેવાય અને એના કમીશન રૂપે એને ભવિષ્યમાં ધર્મ મળે એવા શુભકર્મનો સ્ટોક મળે.

શ્રી કૃષ્ણ મહારાજાએ શું કર્યું હતું ?

એમણે જ્યારે નેમનાથ પરમાત્મા પાસેથી જાણ્યું કે, તેઓ આ ભવમાં સંયમનો સ્વીકાર કરી શકે તેમ નથી, દીક્ષા લઈ શકે તેમ નથી, તેથી તેમણે આખી દ્વારકા નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે, જેમને જેમને શ્રી નેમનાથ પરમાત્માના ચરણ અને શરણમાં સંયમ લેવો હોય, દીક્ષા લેવાના ભાવ હોય પણ જે પરિવારની જવાબદારી અને ફરજના કારણે અટકી જતાં હોય, સંસાર પરિત્યાગ કરવાની ભાવના હોય પણ ઘરમાં વડીલોને એકલા મૂકી શકાય તેમ ન હોય, તે સર્વની જવાબદારી તેમના રહેવા, ખાવા, પીવા, સારવાર આદિની સંપૂર્ણ જવાબદારી સ્વીકારવા તૈયાર છે. જેમને જેમને દીક્ષાના ભાવ હોય તે સહુ પ્રેમથી, નિશ્ચિંત થઈ દીક્ષા લઈ શકે છે.

આટલી જાહેરાત સાંભળતાં જ સમય, સંજોગો અને અનુકૂળતાના અભાવથી ઘેરાયેલાં સેંકડો આત્માઓ પરમાત્માના શરણે આવી ગયાં!! પરમાત્માના શરણે દીક્ષા લેવા તત્પર બની ગયાં.

તમે કદાચ ભલે સંસારની જવાબદારીથી મુક્ત થઈ સંયમ માર્ગે ન આવી શકો, પણ 'દીક્ષા' લેવા જેવી છે, એ જ સત્ય છે અને એ જ ભવ સાર્થકનો સાચો માર્ગ છે, આવી પ્રેરણા દ્વારા પણ અનેકને પ્રેરિત કરી શકો.

તમે કદાચ સમય અને સંજોગોના કારણે સામાયિક-પ્રતિક્રમણ ન કરી શકો પણ એક જૈન કે અજૈન વ્યક્તિને નમસ્કાર મંત્રનું મહત્ત્વ સમજાવી નમસ્કાર મંત્ર તો જરૂર શીખવી શકો.

તમે ભલે બીજું કાંઈ ન કરી શકો, પણ તમારા મિત્રો કે સગાં સ્નેહીઓને એટલું તો કહી શકો ને કે, ચાલો, મારી સાથે... મારા ગુરુદેવ પધાર્યા છે, એમના દર્શન કરવા જઈએ ! એકવાર આવો પછી બીજીવાર મન થાય તો આવજો, આજે મારા માન ખાતર આવો, કાલે તમારૂં મન કહે તો આવજો. એમાં પણ જો અજૈનને પ્રેરણા કરો, અજૈનને લઈ આવો તો શ્રેષ્ઠ છે.

એકવાર કોઈ ધર્મ સ્થાનકમાં આવે, સંત કે સદ્ગુરુના સાંનિધ્યમાં આવે તો એના વિચારો અને ભાવોમાં ભલે પૂર્ણ રૂપે નહીં પણ આંશિક રૂપે તો જરૂર ફેરફાર થાય જ !

યાદ રાખજો... જ્યારે વ્યક્તિના પુણ્યનો ઉદય થવાનો હોય ત્યારે જ તેને ધર્મકાર્ય, સત્કાર્ય કરવાની અંદરથી પ્રેરણા મળે છે, અંતરમાં ભાવ થાય છે અને જ્યારે વ્યક્તિના પુણ્યનો ઉદય થવાનો હોય ત્યારે જ તેને કોઈ સત્ નિમિત્તનો યોગ થાય છે.

જ્યારે વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં આવે અને એની દિશા અને દશા બદલાય જાય તો એક આત્માને સત્યના માર્ગે વાળવાનું સદ્ભાગ્ય અને શુભ પુણ્ય તમને પ્રાપ્ત થાય.

'સ્વ' માટે ધર્મ કરવો એ સ્વાર્થ કહેવાય અને અન્યને ધર્મ પમાડવો એ પરમાર્થનું પુણ્ય કાર્ય કહેવાય. એટલે એક નિયમ હોવો જોઈએ, એક સંકલ્પ હોવો જોઈએ દિવસના બાર કલાક ભલે હું મારી ભાવના અનુસાર મારા આત્મા માટે ધર્મ આરાધના કરૂં પણ એક કલાક શાસનની પ્રભાવના જરૂર કરીશ, અજૈનને ધર્મની સમજ, જૈન ધર્મની સૂક્ષ્મતા અને સત્યતા સમજાવીશ, સદ્ગુરુના દર્શન કરવા લઈ જઈશ, નમસ્કાર મંત્ર શીખવીશ.

સંતોના સાંનિધ્યમાં જ્યારે કોઈ અજૈન આવે છે ત્યારે તે સવાયા જૈન સાબિત થઈ જાય છે.

સંતોના, સદ્ગુરુના સાંનિધ્યમાં એમની જીવનશૈલી બદલાય જાય છે.

સંત અને ગુરુ એ જ કહેવાય, જેમના સાંનિધ્યમાં આવવા માત્રથી વ્યક્તિને પરિવર્તન લાવવું ન પડે, પરિવર્તન આવવા લાગે.

જેમને જન્મથી ધર્મ અને ધર્મ ગુરુ મળ્યાં હોય, એમને કદાચ એટલી કિંમત ન હોય પણ જેમને અચાનક મળી જાય તેના માટે તે અમૂલ્ય હોય.

વેરાવળના એક નાનકડા ગામમાં એક ભાઈ રહે છે, તે ઘણાં સમયથી સાપનું ઝેર ઉતારે છે. આજ સુધી અનેક લોકોએ એમનો લાભ લીધો છે. એમને પૂછ્યું, તમે આ બધું કેવી રીતે કરો છો ? તો કહે, તમારા જેવા એક ગુરુજી આવ્યાં હતાં, એમણે મને એક મંત્ર આપ્યો હતો અને કહ્યું હતું, આ મંત્રમાં ખૂબ જ શક્તિ છે, શ્રધ્ધા હોય તો તમે ધારો તે કરી શકો. આનાથી આત્મા પર લાગેલાં અવગુણોના ઝેર પર ઉતરી જાય અને શરીરમાં ચઢેલાં સાપના ઝેર પર ઉતરી જાય. એ મંત્ર હતો ‘નમસ્કાર મહામંત્ર’ અને ઝેર ઉતારનાર ભાઈ હતાં અજૈન !

એમને પૂછ્યું તમે જૈન મુનિના સંપર્કમાં કેવી રીતે આવ્યાં ?

એમણે કહ્યું, અમારી બાજુમાં એક બહેન રહે છે, એમણે એક દિવસ કહ્યું કે, અમારા બહુ મોટા અને પ્રભાવક સંત આવ્યાં છે, તમે પણ ચાલો અમારી સાથે એમના દર્શન કરવા અને સાહેબજી, એમના દર્શન કરી હું તો ધન્ય બની ગયો, મને એટલી હાશ થઈ અને અંદરથી થવા લાગ્યું આ જ મારા ગુરુ છે. મેં એમને વાત કરી વિનંતી કરી કે મારો સ્વીકાર કરો અને એમણે મને આ મહા પ્રભાવશાળી એવો ‘નમસ્કાર મંત્ર’ આપ્યો, આ મંત્રના પ્રભાવથી હું કેટલાંયના ઝેર ઉતારૂં છું.

આ છે સંતના દર્શન પછી જાગેલી શ્રધ્ધાનું મહત્ત્વ !

આપણને નાનપણથી નમસ્કાર મંત્ર મળી ગયો છે એટલે આપણને એનું મહત્ત્વ નથી પણ એક અજૈનને અચાનક મળ્યો એટલે એનો અહોભાવ કંઈક અલગ જ હતો.

પાડોશી બેન એને દર્શન કરવા લઈ ગયાં અને એ ભાઈના ભાવો બદલાય ગયાં ! જીવન બદલાય ગયું, ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વધતાં માનવ ભવ સુધરી ગયો. એટલે ધર્મ દલાલી એક એવી પ્રોસેસ છે જે આપણને પરમાર્થી બનાવે છે.

આપણો જૈન ધર્મ તો સાઈન્ટીફીક ધર્મ છે અને દરેક સિધ્ધાંતો માટે

લોજીકલ સમાધાન છે, એટલે કોઈને પણ કન્વીન્સ કરવા માટે એકદમ આસાન છે, આપણામાં ધર્મ પમાડવાના ભાવ હોવા જોઈએ.

શ્રી કૃષ્ણ મહારાજે નેમનાથ પરમાત્માને પૂછયું, હે ભંતે ! પરમ ગતિ કેવી રીતે સર્જાય છે ?

અને નેમનાથ પરમાત્માના મુખમાંથી નીકળ્યું, ધર્મની દલાલી કરવાથી ! ધર્મની અનુમોદના કરવાથી !

જેટલું પુણ્ય ધર્મ કરવાથી થાય છે, એટલો જ લાભ ધર્મ કરાવવાથી થાય છે.

ધર્મ કરવો, કરાવવો અને કરનારની અનુમોદના કરવી. શું માત્ર સંપત્તિનું દાન આપવાથી જ અનુમોદના થાય ? ના ! ધર્મની અનુમોદના અનેક પ્રકારે થઈ શકે છે.

તમારા વસ્ત્રો, તમારી ચાલ, તમારી બોલી, તમારૂં વર્તન પણ અનુમોદના કરી શકે છે.

તમારી બોલીમાં વિનય, નમ્રતા અને વિવેક હોય, તમારાં શબ્દોમાં સાત્વિકતા હોય, મિઠાસ હોય તો તરતજ સામેવાળી વ્યક્તિ પૂછશે, તમારી આટલી સોફ્ટનેસનું રહસ્ય શું છે ? અને જ્યારે તમે કહેશો કે આ તો અમારા ગુરુદેવના સાંનિધ્ય અને એમણે આપેલી સમજનું કારણ છે, ત્યારે એકવાર તેને પણ તમારા ગુરુદેવને મળવાનું, એમનાં દર્શન કરવાનું અને એમના સાંનિધ્યમાં આવવાનું મન થશે કે નહીં ? આ પણ ધર્મની દલાલી થઈ. એક વ્યક્તિને ધર્મ સ્થાનકમાં લાવવાની, ગુરુ પાસે લાવવાની પ્રોસેસ જ ધર્મની દલાલી છે, અને એનું જબરદસ્ત મહત્ત્વ છે, તમે તપશ્ચર્યા નથી કરી કરી શક્તાં તો કાંઈ વાંધો નહીં, તપશ્ચર્યા કરનારને શાતા પમાડવી, તેમને તપ કરવા માટે અનુકૂળતા કરી આપવી એ પણ ધર્મની દલાલી જ છે.

પહેલાંના યુગમાં નાનકડું તપ કરનારની પણ જાહેરમાં અનુમોદના કરવામાં આવતી, જેના કારણે અન્યને તપ કરવાની પ્રેરણા મળતી અને કરનાર વ્યક્તિનું મનોબળ મજબૂત બનતું અને તે વ્યક્તિ પોતાની તપ સાધનામાં સ્થિર થઈ શક્તી, આગળ વધી શક્તી.

તમે દીક્ષા નથી લઈ શક્તાં, કાંઈ વાંધો નહીં, પણ પ્રેરણા તો કરી જ શકાય ને કે, દીક્ષા લેવા જેવી જ છે, એ જ સત્યનો માર્ગ છે, એ જ મુક્તિની રાહ છે. કોઈના હૃદયમાં ધર્મ પ્રત્યે શ્રધ્ધા જગાડવી, ભાવ જગાડવા એ પણ ધર્મ દલાલીનો એક પ્રકાર જ છે.

ધર્મ પ્રત્યેની આપણી શ્રધ્ધા બીજાની અનુમોદના બનવી જોઈએ.

એક વ્યક્તિ ધર્મ ક્ષેત્રમાં આવવાથી, એકના હૃદયમાં ધર્મભાવના જાગવાથી એ ઘણાં બધાં પાપથી બચી શકે છે, એની ધર્મ શ્રધ્ધા એને આવતા ભવમાં પણ ધર્મ પમાડશે અને એમ ધર્મમાં વૃધ્ધિ કરતાં એક દિવસ સિધ્ધિને પણ પામી શકે છે. એટલે એક વ્યક્તિને ધર્મમાં લાવવી એટલે એના અનંતકાળને સુધારવો.

તમે તમારા એક મિત્રને કહો છો ચાલ હોટલમાં જમવા જઈએ અને બીજી એક વ્યક્તિ એના મિત્રને કહે છે, ચાલ, ગુરુદેવના દર્શન કરવા જઈએ.

બંનેમાંથી સારૂં કાર્ય કોનું ?

તમે તમારા મિત્રને હોટલમાં જમાડીને પાપ કાર્યની પ્રેરણા કરો છો જ્યારે બીજી વ્યક્તિ પુણ્યની પ્રેરણા કરે છે.

આપણે જેટલો ધર્મ કરવાનું શીખ્યા છીએ એટલી ધર્મની પ્રભાવના કરવાનું શીખ્યાં નથી.

ધર્મની પ્રભાવના એવા ભદ્ર પુણ્ય કર્મનો બંધ કરાવે છે જેના દ્વારા સર્વ પ્રકારની સાનુકૂળતા પ્રાપ્ત થાય છે, આપણે ઘણાને જોઈએ છીએ કે જન્મે ત્યારથી

જ બધી અનુકૂળતા મળતી હોય છે, ચાર મહિનાનું બાળક હોય અને બાળ મહાવીરનો રોલ કરવા મળે, સંતના દર્શન મળે, ગુરુની કૃપા મળે અને પાંચ વર્ષના બાળકને સામાયિક કંઠસ્થ થઈ જાય... શા માટે ?

ભૂતકાળમાં ધર્મની દલાલી કરી હોય, પ્રવચનની પ્રભાવના કરી હોય અને ધર્મ કરનારની અનુમોદના કરી હોય. !

કહેવાય છે કે શ્રીકૃષ્ણ ભવિષ્યમાં તીર્થંકર બનશે, કારણ ? કારણ કે, આ ભવમાં એમણે અનેકને તીર્થંકર પરમાત્માનું સાંનિધ્ય અને શરણ પ્રાપ્ત કરાવ્યાં છે.

એક સંકલ્પ કરો... મારે ધર્મની આરાધના સાથે ધર્મની પ્રભાવના પણ કરવી છે.

આસપાસ કે જાણીતા કોઈ નોના-વેજ ખાતું હોય એમને શાકભાજી અને ચીકન ખાવા વચ્ચેનો ભેદ સમજાવો, એમને સમજાવવું કે, તમારા બાળકને કોઈ કાપીને ખાય તો તમને કેવું દર્દ થાય ? કેવું દુ:ખ થાય ? એમ ચીકન એ પણ મુર્ગીનું બાળક છે. એ બોલી ન શકે પણ જીવ હોવાના કારણે એનામાં વેદના અને સંવેદના તો હોય જ !

કદાચ એ આર્ગ્યુમેન્ટ કરે કે, એમ તો તમે કહો છો વનસ્પતિમાં પણ જીવ હોય છે, તો શાકભાજીમાં પણ જીવ છે જ ને !

ત્યારે તમારી પાસે જવાબ હોય કે તમે તમારા વાળ કાપો અને તમારી આંગળી કાપો, બંનેના દર્દની, બંનેની વેદનામાં ફરક હોય કે ન હોય ! એટલો જ ફરક હોય શાકભાજીને કાપવામાં અને પંચેન્દ્રિય જીવને કાપવામાં થતી વેદનામાં ! !

હવે કહો, તમારે શાકભાજી ખાવા જોઈએ કે ચીકન ? ?

આ પ્રકારે લોજીક સાથે ઘણી બધી જૈનધર્મની વાતો અને સિધ્ધાંતોને સમજાવી અનેક લોકોને હિંસાના પાપથી બચાવી શકાય છે, જે એક પ્રકારની ધર્મ પ્રભાવના જ કહેવાય છે.

તમારા સો પ્રયત્નોમાંથી માત્ર એક વ્યક્તિ પણ સુધરી ગઈ તો તમારા બાકીના ૯૯ પ્રયત્ન પણ સાર્થક છે.

તમારી ધર્મ પ્રેરણા પામી વ્યક્તિમાં ભલે પૂરેપૂરું પરિવર્તન ન આવે, સંપૂર્ણ સુધારો ન આવે, પણ થોડીક સાત્વિક્તા આવો, થોડીક તાત્વિક્તા આવે અને થોડું સત્ય સમજાય તો પણ તમારી મહેનત સફળ છે.

આટલાં વર્ષો પોતાના માટે ધર્મ કર્યો, હવે થોડો સમય ધર્મની દલાલી કરી જુઓ.

સ્વ આરાધના સાથે ધર્મ પ્રભાવના કરી જુઓ.

કેમકે, પમાડવું એ જ પામવાનું કારણ છે. આજે કોઈને પમાડશું તો ભવિષ્યમાં કોઈક આપણને પમાડશે.

ધર્મની પ્રભાવના ભદ્ર પુણ્ય કર્મ સાથે તીર્થંકર નામ કર્મ પણ બંધાવે છે.

# મારી પ્રસન્નતા, મારા જ હાથમાં

આ જગતમાં... પ્રકૃતિના જેટલાં પણ તત્ત્વો છે, તેઓ પોતપોતાનું કાર્ય કરી રહ્યાં છે અને પોત પોતાની ગતિમાં ઘુમી રહ્યાં છે સિવાય એક મનુષ્ય !!

કુદરતના દરેક તત્ત્વો... સૂર્ય, ચંદ્ર, સાગર, સરિતા દરેક પોતાનું જ કાર્ય કરે છે. દરેકને પોતાની સ્વતંત્રતા છે અને દરેકને પોતાના કાર્યો કરવાની પણ સ્વતંત્રતા છે, દરેક તત્ત્વો પોતાના કાર્યમાં મસ્ત હોય છે.

છતાં દુનિયાના લાખો લોકો કહેતાં હોય છે કે અમને રાહુ નડે છે, અમને હમણાં શનિની પનોતિ ચાલે છે. આકાશમાં ઘુમવાવાળા રાહુ, કેતુ કે શનિ ક્યારેય કોઈને નડતાં નથી.

ભગવાન કહે છે, તને તારા કર્મો સિવાય બીજું કોઈ નડે નહીં. માટે ક્યારેય એવી મિથ્યા માન્યતામાં જવું નહીં. આપણને નડે છે આપણું જ વર્તન, આપણો જ વ્યવહાર અને આપણી જ લાગણીઓ... અને આપણા જ કારણે સર્જાયેલાં આપણા કર્મો... અને એ જ કર્મો જ્યારે ઉદયમાં આવે છે, ભોગવવાના આવે છે તેના જ કારણે પ્રોબ્લેમ, તકલીફ, વેદના આદિ મળે છે.

જેમ ઘડીયાળ ક્યારેય સમયને બનાવે નહીં, પણ સમયનું માપ બતાવે તેમ ગ્રહો અને નક્ષત્રો ઘડીયાળના કાંટા સમાન છે, એના દ્વારા વ્યવસ્થાઓનું સર્જન જાણી શકાય.

જેમ ઘડીયાળના કાંટા ક્યારેય કોઈને નડે નહીં તેમ ગ્રહો અને નક્ષત્રો પણ ક્યારેય કોઈને નડે નહીં. આ જગતની કોઈ પણ વ્યક્તિ પછી એ રાજા હોય, ચક્રવર્તી હોય કે દેવ હોય ક્યારેય કોઈને કાંઈ જ કરી શકે નહીં. પોતાના અશુભ કર્મો સિવાય કોઈ કોઈનું કાંઈ જ કરી શકે નહીં, બગાડી શકે નહીં. કર્મોના ઉદય સિવાય કાંઈ જ થાય નહીં.

પણ માનવ મનની સાયકોલોજી કેવી છે, જરાક તકલીફ થાય, જરાક પ્રોબ્લેમ આવે એટલે તરત જ રાહુ, કેતુ અને શનિ યાદ આવે.

પણ ભગવાન કહે છે, જો તારા કર્મો ખરાબ હોય તો માણસ તો શું, રસ્તે ચાલતું કૂતરૂં પણ બટકું ભરી જાય અને જો તારા કર્મો સારા હોય તો પહાડ પરથી નીચે ફેંકવામાં આવે તો પણ કાંઈ ન થાય. એટલે ક્યારેય એવું માનવું ન જોઈએ કે શનિ કે મંગળ નડે છે. હા, એ ગ્રહોમાંથી નીકળતાં કિરણોમાં એક શક્તિ હોય છે, કેમિકલનો સ્ત્રાવ હોય છે જેની અસર પૃથ્વીના દરેક તત્ત્વો પર થતી હોય છે, જેમ પૂનમના દિવસે સાગરમાં ભરતી આવે, જેમ અઠવાડિયું સૂર્યનો પ્રકાશ ન મળે તો સૂક્ષ્મ જીવા ઉત્પન્ન થઈ જાય. તેમ એ કિરણોની અસર માનવીના તન અને મન ઉપર પણ થાય.

જેમના કંઠમાં સતત પરમાત્માનું સ્મરણ હોય, જેમના ભાવો અને વિચારો શુભ હોય, જે સતત સેવા અને સત્કાર્યો કરતાં હોય, એમની ઓરા શુભ અને પોઝીટીવ હોય જેના કારણે એમની આસપાસ એક શુભ કવચ સર્જાય જાય. જેના કારણે કોઈ અશુભ તત્વ કે નેગેટીવીટીની અસર ન થાય.

એક સામાન્ય માનવીને આખા દિવસમાં ૬૪,૦૦૦ થી વધારે વિચારો આવતા હોય છે, એમાં મોટા ભાગના લોકોને ૪૦૦૦ પોઝીટીવ વિચાર આવતા હશે અને ૬૦,૦૦૦ નેગેટીવ વિચાર આવતા હશે. એ જ વિચારોની અસર વ્યક્તિના તન અને મન ઉપર થાય અને શરીરમાં રહેલાં સેલ્સ પર પણ થાય. જ્યારે મગજમાં વિચારો ચાલતા હોય ત્યારે ત્યાંથી કેમિકલનો સ્ત્રાવ થતો હોય અને એ સ્ત્રાવની અસર શરીરના સેલ્સ પર થાય. એટલે જ જ્યારે કોઈ ખરાબ સમાચાર સાંભળવામાં આવે તો મન ઉદાસ થઈ જાય અને સારા સમાચાર સાંભળવામાં આવે તો મન પ્રસન્ન થઈ જાય અને પરમાત્માનું સ્મરણ, સ્તુતિ કે સાધના કરતી વખતે વિચારો શાંત થઈ જાય, મન શાંત થઈ જાય અને એના કારણે તન પણ શાંત થઈ જાય.

કોઈપણ વ્યક્તિ જ્યારે થાકી જાય ત્યારે સૂઈ જાય. તો સૂવાથી થાક કેવી રીતે ઉતરે ? એવું શું થાય રાત અને સવારની વચ્ચે ?

વ્યક્તિ જ્યારે સૂઈ જાય છે ત્યારે તેનું વિચારવાનું બંધ થઈ જાય છે. વિચારો શાંત થઈ જાય છે. એટલે એ બધી જ એનર્જી આપણા બોડીના સેલ્સ્‌ને ચાર્જ કરે છે. જે વ્યક્તિ રાત્રે પ્રોપર ઊંઘ કરે છે તે બીજે દિવસે સવારે ફ્રેશ અને પ્રસન્ન હોય છે. તેના શરીરમાં અલગ પ્રકારની સ્ફુર્તિ હોય છે. જ્યારે જેની ઊંઘ ઓછી હોય અને વિચારો વધારે હોય તે બીજે દિવસે ડલ હોય છે, તેની આંખો પાસે પણ કાળા કૂંડાળા થઈ જાય છે.

જે વ્યક્તિ રાત્રે ભગવાનની ભક્તિ કરીને, બધાંની ક્ષમાપના કરીને, બધાંને સોરી કહી, માફી માંગીને સૂવે છે તે શાંતિથી રીલેકસ થઈને ઊંઘી શકે છે. એટલે એનું તન સ્વસ્થ અને મન પ્રસન્ન રહે છે. કેમકે એના સેલ્સ્‌ પોઝીટીવલી ચાર્જ થાય છે.

જેટલાં વિચારો વધારે એટલું મન અસ્વસ્થ રહે.

જેમ ફ્રીઝમાં મૂકેલી વસ્તુઓ ઠંડકના કારણે તાજી રહે છે, તેમ જેનું મન શાંત હોય તેનો ચહેરો સ્વસ્થ રહે છે. જે ખૂબ જ વિચારો કરતાં હોય, તેને અકાળે ઘડપણ આવી જાય છે, જ્યારે જે શાંત હોય છે, જેના વિચારો પોઝીટીવ હોય છે તેનો ચહેરો સદાય ચમક્તો હોય છે.

જેટલાં વિચારો પોઝીટીવ હોય તેટલી સફળતા વધારે હોય.

જે પોઝીટીવ હોય, એની ઓરા પોઝીટીવ હોય, એની આસપાસનું વાતવરણ પોઝીટીવ હોય, એટલે એ જ્યાં જાય, ત્યાં તેને સફળતા મળે, એ જે કરવા ધારે તે થઈ જાય. જેનું ધાર્યું કામ થાય અને જેને બધે સફળતા મળતી હોય તે કાયમ પ્રસન્ન હોય, તે શાંતિથી સૂતા હોય અને એના કારણે એના તન અને મન બંને સ્વસ્થ હોય.



## રાષ્ટ્રસંત યુગ દિવાકર
## પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ...

વિઝન એ વિઝનરી વ્યક્તિની ઈનર આર્ટ છે,
જેના દ્વારા તે વ્યક્તિ એ વિઝયુલાઈઝ કરી શકે છે,
જે અન્ય માટે ઈનવિઝીબલ હોય.

વિઝનરી વ્યક્તિ એને જ કહેવાય જે ભવિષ્યને જોઈ શકે
અને ભવિષ્યને અનુરૂપ સ્થિતિઓનું સર્જન કરી શકે.
એકશન વિનાનું વિઝન એટલે કે ડ્રીમ અને
વિઝન વિનાની એકશન એટલે નાઈટમેર!!

રાષ્ટ્રસંત યુગ દિવાકર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ...

સીકસ્થ સેન્સ અને થર્ડ આય દ્વારા એમના વિઝનરી વ્યક્તિત્વના કારણે જૈન સમાજ એવમ્ રાષ્ટ્રના હિત અને ઉત્કર્ષ અર્થે નાના બાળકથી લઈ યંગ સ્ટર્સ અને વડીલો માટે યુગ ઉપકારક મિશન્સનું સર્જન કરે છે જેનો લાભ આજે દેશ-વિદેશના હજારો બાળકો, યંગસ્ટર્સ અને વડીલો લે છે અને પોતાની લાઈફને શ્રેષ્ઠ બનાવે છે. દીર્ઘ દ્રષ્ટા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવનું આગામી મિશન છે વિઝન 2020.

**મારા માટે જ...**

આ પુસ્તકમાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રેકટીકલ લાઈફમાં ઉપયોગી અને આત્મિક આરાધના માટે આવશ્યક શ્રેષ્ઠત્તમ પ્રભાવક પ્રવચન દેશ-પરદેશના ભાવિકોની ભાવનાને લક્ષ્યમાં રાખી પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

₹100/-